Manav Kalyan Sansthan

To, ______________________________

______________________________


______________________________

Book-Packet containing printed book posted under clause 114 (7) and 121 (D) P. & T guide hence can bot be taxed more than one rupees per 100 gms.

**આ પુસ્તક વંચાઈ ગયા બાદ જરૂર ન હોય તો નીચેના સરનામે તરત જ પરત કરવા વિનંતી, આ પુસ્તકની આશાતના કરશો નહી.**

**દિવ્યેશ હરણીયા**
**૫૦૩, ગ્રીન એકર એ-વિંગ,**
**ઓશવાળ વાડીની પાછળ, કામતઘર રોડ**
**અંજુરફાટા, ભિવંડી-૪૨૧૩૦૫ મો.૮૦૮૭૧૨૯૬૯૮**

# પધારો સાહેબજી




**સંપાદક**
**પૂજ્ય ગણિવર્ય શ્રી ધર્મરત્નવિજયજી મહારાજા**

# પધારો સાહેબજી

## [સુપાત્રદાન વિધિની સરળ-સુંદર સમજ]

⌘ **આશીર્વાદ** ⌘

પ્રવચન પ્રભાવક પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
**વિજયકીર્તિયશસૂરીશ્વરજી** મહારાજા

⌘ **સંપાદન** ⌘

પૂજ્ય ગણિવર્યશ્રી **ધર્મરત્નવિજયજી** મહારાજ

⌘ **આલેખન-સંકલન** ⌘

પૂજ્ય મુનિરાજશ્રી **કૃતિયશવિજયજી** મહારાજ

⌘ **પ્રકાશક** ⌘

**માનવ કલ્યાણ સંસ્થાન**
**સેટેલાઈટ-અમદાવાદ**


| | |
|---|---|
| **પુસ્તકનું નામ** | :- પધારો સાહેબજી |
| **આશીર્વાદ** | :- **પ્રવચન પ્રભાવક પૂજ્ય આચાર્ય શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજા** |
| **સંપાદન** | :- **પૂજ્ય ગણિવર્ય શ્રી ધર્મરત્નવિજયજી મહારાજ** |
| **આલેખન-સંકલન** | :- **પૂજ્ય મુનિરાજ શ્રી કૃતિયશવિજયજી મહારાજ** |
| **વિષય** | :- **પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતને નિર્દોષ ભિક્ષાચર્યાની વિધિની સરળ-સુંદર સમજણ, સુપાત્રદાનનો મહાન લાભ પ્રાપ્ત કરવા માટે અનેક પુસ્તકો-ગ્રન્થોના આધારે સંકલન-સંપાદન-આલેખન.** |
| **વિમોચન દિવસ** | :- વૈ. વ. ૧૧,૧૧/૫/૧૫/ શુક્રવાર |
| **નિમિત્ત** | :- સૂરિપ્રેમ સમાધિ સુવર્ણ વર્ષ |
| **આવૃત્તિ** | :- પ્રથમ, **ભાષા** :- ગુજરાતી |
| **નકલ** | :- હિન્દી, આવૃત્તિ :- પ્રથમ-૧૦૦૦, દ્વિતીય-૧૦૦૦, ગુજરાતી આવૃત્તિ :- પ્રથમ-૧૦૦૦ |

**આ પુસ્તકની હિન્દી આવૃત્તિ પણ ઉપલબ્ધ છે.**

**પ્રકાશક**

**માનવ કલ્યાણ સંસ્થાન - સેટેલાઈટ- અમદાવાદ**


**પ્રાપ્તિસ્થાન**

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | મયૂરભાઈ | - | અમદાવાદ | ૯૮૯૮૧૫૪૪૨૨, |
| (૨) | રામચન્દ્રસૂરિ પાઠશાળા | - | સાબરમતી | ૦૭૯-૨૭૫૧૬૫૧૩ |
| (૩) | વિજયભાઈ | - | કાંદિવલી | ૯૮૨૧૨૮૭૦૬૮ |
| (૪) | સમીરભાઈ | - | મલાડ | ૯૮૨૦૧૨૫૨૫૯ |
| (૫) | વસંતભાઈ | - | મુલુંડ | ૯૯૨૦૧૫૦૭૪૫, |
| (૬) | દિવ્યેશભાઈ | - | ભિવંડી | ૮૦૮૭૧૨૯૬૯૮ |
| (૭) | દીપકભાઈ | - | નાલાસોપારા | ૮૦૮૭૩૯૫૫૫૪ |
| (૮) | કેતનભાઈ | - | સુરત | ૯૮૨૫૯૧૮૨૨૦, |
| (૯) | સમીરભાઈ | - | નાશિક | ૯૫૨૭૯૯૪૧૯૮, |
| (૧૦) | રૂપેશભાઈ | - | માલેગાંવ | ૯૪૨૧૩૯૩૮૨૨ |
| (૧૧) | પ્રશાંતભાઈ | - | સંગમનેર | ૯૮૫૯૫૮૪૪૪૯ |
| (૧૨) | ભરતભાઈ | - | પૂના | ૯૩૭૩૩૨૬૪૩૬ |
| (૧૩) | દીપેશભાઈ | - | આકોલા | ૯૯૨૨૯૬૭૮૮૧ |

# સંપાદકીય

ઘર આંગણે જ્યારે 'ધર્મલાભનો' મધુરો શબ્દ સંભળાય છે;
ત્યારે સામેથી તરત જ તેનો પ્રતિધ્વનિ સંભળાય છે, **'પધારો સાહેબજી'.**
વૃદ્ધ ઉંમરના દાદા-દાદી હોય તો એ પણ બોલે છે, **'પધારો સાહેબજી'.**
રમતા-તોફાન કરતા બાળકો પણ બોલે છે, **'પધારો સાહેબજી'.**
બોલતાં ન ફાવે તેવા બાળકો પાસે પણ બોલાવડાવે છે, **'પધારો સાહેબજી'.**
ઘરની પ્રત્યેક વ્યક્તિ પોતાના કાર્યોને છોડીને બોલે છે, **'પધારો સાહેબજી'.**

ન કોઈ સાંસારિક સંબંધ, ન કોઈ પરિચય, ન કોઈ ઓળખાણ,ન કોઈ સમાજની કે વ્યાપારની લેણ-દેણ, પણ એક માત્ર સાધુનો વેશ જોઈને, જે આવકાર, જે સન્માન, જે સત્કાર, જે બહુમાન, અન્ય કોઈ વ્યક્તિઓ પ્રત્યે નથી થતું તેવું બહુમાન તે સાધુના વેશને અને તે વેશધારક વ્યક્તિને જોઈને થયા વગર રહેતું નથી.વેશનો મહિમા આટલો જ છે. એવું નથી, દેવો પણ આ વેશને ઝંખે છે, તેને વંદન કરે છે.તો ઘરમાં ગમે તેવાં સંસારનાં કાર્યો હોય-તે લગ્નપ્રસંગ હોય, જન્મપ્રસંગ હોય, મહેમાનો આવ્યા હોય કે વ્યાપારની મીટીંગ ચાલતી હોય તે બધા જ કાર્યો છોડીને ઘર આંગણે પધારેલા સાધુ ભગવંતોની ભક્તિ માટે ઘરની પ્રત્યેક વ્યક્તિ ઉપસ્થિત થઈ જાય છે.

અહીં પ્રશ્ન થાય છે. કેમ ? શા માટે આટલું બહુમાન ? શા માટે સત્કાર ? શા માટે આટલું સન્માન ? શા માટે આટલો મીઠો-મધુરો આવકાર?

ધર્મને પામેલી દરેક વ્યક્તિ પરમાત્માના શાસનના સાધુપણાને ઝંખે છે. પાપોના દરિયા જેવા ખારા સંસારમાં પુણ્યની મીઠી પરબ જેવા સાધુ ભગવંતોને યત્કિંચિત્ પણ તેમના સાધુપણામાં સહાય કરીને પોતાના પાપથી ભરેલા સંસારને કાપવાની ઈચ્છા રાખે છે. પરમપદ સમાન મોક્ષને મેળવવા ઝંખે છે. તે માટે સુપાત્રદાન જેવું બીજું કોઈ આલંબન નથી. જેટલું સુપાત્રદાન થયું તેટલો લાભ છે. બાકી સંસારમાં નુકશાન જ થઈ રહ્યું છે. માટે જ શાસ્ત્રોમાં સુપાત્રદાનનું મહત્ત્વ વર્ણવતાં કહ્યું છે કે **સુ**=સારી રીતે **પા**-પાપોથી **ત્ર**-ત્રાણ=રક્ષણ કરે, જે સારી રીતે પાપોથી રક્ષણ કરી શકે તે સુપાત્ર કહેવાય છે. તેમાં કરેલું દાન અનંતપુણ્યરાશિ વધારનારું છે અને અનંતકાળના પાપનો નાશ કરનારું છે.

શ્રીજિનેશ્વરે જણાવેલી વિધિ પ્રમાણે હંમેશા સુપાત્રમાં દાન આપવું જોઈએ. (ઉ. સુ.)



તે સુપાત્ર સાત પ્રકારે છે. (૧) જિનમંદિર (૨) જિનમૂર્તિ (૩) જિનાગમ (૪) સાધુ (૫) સાધ્વી (૬) શ્રાવક (૭) શ્રાવિકા. તેમની ભક્તિ કરવાની ભાવના તો દરેક શ્રાવકના મનમાં હોય છે. કદાચ પોતાના જમાઈ, દીકરી, દીકરાને જે વસ્તુ કે જે આવકાર નહિ આપે તે આવકાર સાધુ ભગવંતોને આપતા હોય છે. તેથી ભાવનામાં તો કોઈ કચાશ નથી.

પણ માત્ર ભાવનાથી કામ નથી ચાલતું. તેમાં યોગ્ય વિવેક પણ જોઇએ છે, સાધુ-સાધ્વીજી ભગવંતની જે ભિક્ષાચર્યાની વિધિ છે. તે સમજીને તેમની ભક્તિ કરવી જોઈએ, જો તે વિધિ સમજીને ભક્તિ ન કરીએ તો સુપાત્રદાનનો જેવો લાભ મળવો જોઇએ તેવો લાભ મળતો નથી. દરેક ઘરમાં ઉત્તમમાં ઉત્તમ ભાવના હોવા છતાં નાની-મોટી કેટલીક અણસમજને કારણે આજે નિર્દોષ ભિક્ષાચર્યા દુર્લભ થઈ ગઈ છે. કોઈ પણ ઘરે સાધુ ભગવંતો ગોચરી વહોરવા પધારે ત્યારે એમને આવકાર આપવાની, સન્માન આપવાની ભાવના હોવા છતાંય નાના-મોટા દોષો એવા સેવાઇ જાય છે કે જેના કારણે નિર્દોષ ગોચરી પણ દોષિત થઈ જાય છે. જેમકેઃ- ટી.વી. બંધ કરવું, લાઈટ-પંખો બંધ કરવા, મોબાઈલ વગેરે ચાલુ-બંધ કરવા, ચાલુ ગેસ બંધ કરવો કે નવો પેટાવવો, કાચા પાણીથી હાથ ધોવા, પાણીની ડોલ અથવા શાકભાજી જેવી સચિત્ત (સ્વજીવ) વસ્તુઓ ખસેડવી, આવા કેટલા ય મુદ્દા છે કે જે સાધુને આવકાર આપવાની ભાવનાથી જ ઊભા થતા હોય છે. સાધુ ભગવંત પધારે ત્યારે ટી.વી., પંખો, લાઈટ ચાલુ હશે તો, કોઈ વાંધો નથી. તમે બંધ કરશો, તો એમને દોષ લાગશે. સચિત્ત વગેરે પડ્યું હશે તો બીજા રસ્તેથી અંદર આવશે, પણ તમે ખસેડશો,તો એમને પાછા જ જવું પડશે. આવી ઘણી બાબતોને કારણે નિર્દોષ ગોચરી દુર્લભ બની ગઈ, રસોઈ મળી જાય પણ નિર્દોષ ગોચરી ન મળે.

શાસ્ત્રોમાં સુપાત્રદાન તેને જ કીધું કે જેમાં ચિત્ત-પાત્ર-વિત્ત ત્રણે શુદ્ધ હોય. સાધુ ભગવંતો ઉત્તમ **પાત્ર** છે. તમારી સુંદર ભાવના ઉત્તમ **ચિત્ત** છે, પણ નિર્દોષ ગોચરી ન મળે તો ઉત્તમ **વિત્ત** પ્રાપ્ત થતું નથી. જો ગોચરી નિર્દોષ મળે તો જ વિત્ત પણ ઉત્તમ કહેવાય. આવા ત્રણે ઉત્તમનો યોગ થતાં અનંત કર્મનો ક્ષય થાય છે.

માટે નિર્દોષ ગોચરી કોને કહેવાય ? તે સંબંધી આ પુસ્તક તૈયાર કરવાનું થયું. તેમાં પણ મુખ્ય કારણ જ્યાં સાધુ, સાધ્વીજી ભગવંતોની અવર-જવર ઓછી છે તેવા સ્થાનોમાં ત્યાંના ગૃહસ્થો પૂજારી-મુનીમ-માણસ વગેરેને કહેતા હોય છે કે તું જ્યારે સાધુ ભગવંતને ઘરે લઈને આવે ત્યારે પહેલા

ત્રેવીસ તીર્થંકરને અમૃત જેવી ખીરથી પ્રથમ પારણું થયું (સુભા.)

અમને ફોનથી જાણકારી આપી દેવી. આની અમને ખબર પડી ત્યારે તો અમને આંચકો લાગ્યો. આખા ગામમાં ગોચરી માટે આ રીતે થોડું જવાય. (૧) ફોન કરાવે એ દોષ (૨) અમારા માટે બનાવે એ પણ દોષ નહીં, પણ મહાદોષ (૩) વહેલું બનાવે તે દોષ (૪) અનુકૂળ બનાવે તે દોષ (૫) સંસારના કાર્યોમાં તકલીફ થાય તે દોષ (૬) પહેલેથી બધી તૈયારી કરે તે દોષ. એવા તો કેટલા દોષોનું વર્ણન કરીએ. માટે જુદાં જુદાં પુસ્તકોમાં કે જેમાં સુપાત્રદાન અંગે વર્ણન હતું. તેમાંથી સંકલન તૈયાર કર્યું તેમાં પણ કચાશ લાગતાં ઘણું લખાણ નવું કર્યું. શાસ્ત્રપાઠોનો પણ આધાર લીધો, સંકલનની મર્યાદામાં લેખન-સંપાદન પણ થયું.પણ તેમાં ક્યાંક પુનરુક્તિ જેવું દેખાશે તે, વિષયોની છણાવટ બાબતે જરૂરી હોવાથી રહેવા દીધું છે.

મૂળ વાત તો શ્રાવકો આ દોષોને તથા વહોરાવવાની વિધિને સમજીને નિર્દોષ ગોચરી વહોરાવીને પોતાના આત્માનું કલ્યાણ સાધનારા બને તે જ ઈચ્છા છે. આમાં સાધુ ભગવંતને ઉદ્દેશીને લખાણ નહીંવત્ છે પણ શ્રાવકોને સમજાવવામાં જે વિસ્તાર કરેલો છે; તે તેમને અનુપયોગી તો નહીં જ બને તેવો વિશ્વાસ છે. આ ગુજરાતી મેટરનું શુદ્ધીકરણ કરવા માટે પૂજ્ય મુનિરાજ શ્રી **નિર્મલયશવિજયજી** મહારાજાને જણાવ્યું અત્યંત ઉદારતા પૂર્વક આમૂલચૂલ સંશોધન શુદ્ધિકરણ કરી આપ્યું છે. મારા સંપાદન કાર્યમાં દરેક રીતે પ્રેરણાબળ પૂરું પાડનારા પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજાના માર્ગદર્શન અને આશીર્વાદથી આ કાર્ય થયું છે. તેમજ તેઓશ્રીના પ્રશિષ્ય પૂ. મુનિરાજ શ્રી **કૃતિયશવિજયજી** મ. એ પણ સંકલન અને લખાણ કાર્યમાં અત્યંત શ્રમ કરીને આ પુસ્તકને સુંદર બનાવ્યું છે. તેમજ પૂ. સાધ્વીજી શ્રી **કૈવલ્યદર્શનાશ્રીજી** મ. પૂજ્ય સાધ્વીજી શ્રી **મૃદુદર્શનાશ્રીજી** મ. એ પણ પુસ્તકના સંપાદન કાર્યમાં ઘણી સહાયતા કરી છે. તે સર્વનો આ અવસરે આભાર માનું છું. શ્રી રાજેશભાઈ શાહ, અકોલાની, વિનંતીથી હિંદી પુસ્તક તૈયાર કર્યા બાદ શ્રી નિરંજભાઈ શાહ નાસિકની વિનંતીથી ગુજરાતી પુસ્તકની પ્રથમ આવૃત્તિ અને હિન્દી પુસ્તકની સુધારા-વધારાની સાથેની બીજી આવૃત્તિ તૈયાર કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. આ પુસ્તકના વાંચન દ્વારા શિવપદની નિસરણી સમાન સુપાત્રદાનને આરાધીને શિવપદને જલ્દીથી પામો એજ શુભાભિલાષા.

**લિ. પ્રશાન્તમૂર્તિ પૂ.આ.શ્રી વિજયબોધિરત્નસૂ.મ.ના**
**શિષ્યરત્ન મુનિધર્મરત્નવિજયગણી.**

મુધાદાયી-મુધાજીવી બન્ને સદ્ગતિમાં જાય છે. (દશ.)



# પ્રકાશકીય

શ્રાવક જીવનના નિત્ય કર્તવ્ય સ્વરૂપ સુપાત્રદાન વિષયક સરલ અને સુંદર સમજણ આપતું પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.

આ પહેલા આની હિંદી આવૃત્તિ તૈયાર થઈ હતી. ટુંક સમયમાં તેની નકલો ખલાસ થઈ જતાં બીજી આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે. જેનું વિમોચન આ ગુજરાતી આવૃત્તિ સાથે જ થઈ રહ્યું છે.

આ ગુજરાતી આવૃત્તિમાં ઘણું બધું નવું મેટર ઉમેરીને તેને સંવર્ધિત આવૃત્તિ બનાવવાનો પ્રયાસ કરેલો છે. હવે પછીની હિંદી આવૃત્તિમાં તે મેટર વધારવામાં આવશે. લોકો તરફથી અત્યંત આદરભાવ-આવકારને પામેલ આ પુસ્તક દ્વારા સુપાત્રદાનનું મહાન કર્તવ્ય અણીશુદ્ધ આરાધી મુક્તિસુખ ને પામો. એ જ અભિલાષા.

**લિ.**

**માનવ કલ્યાણ સંસ્થાન**

**અમદાવાદ**

જે દીક્ષા લઈ શકતા નથી તેમને માટે સુપાત્રદાન જેવું કંઈ આલંબન નથી. (સુભા.)

# શ્રુતભક્તિ અનુમોદના

આ પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ લાભ

**સ્વ. શ્રી રમેશભાઈ મણિલાલ શાહની સ્મૃતિમાં**

**લાભાર્થી**

**શ્રીમતિ સુલભાબેન રમેશભાઈ મણિલાલ શાહ પરિવારે લીધો છે.**

અમે તેની ભૂરિભૂરિ અનુમોદના કરીએ છીએ.

લાભાર્થીની ભાવના છે કે, આ પુસ્તકનું વાંચન-મનન કરીને માનવજીવનના પરમ કર્તવ્ય સ્વરૂપ સુપાત્રદાનનો લાભ લઈ મુક્તિપદને પ્રાપ્ત કરનારા બનો.

લિ.

માનવ કલ્યાણ સંસ્થાન

અમદાવાદ



## આધારભૂત ગ્રન્થ

- ❖ સ્થાનાંગ સૂત્ર
- ❖ આચારાંગ સૂત્ર
- ❖ પ્રશ્નવ્યાકરણ સૂત્ર
- ❖ પિંડનિર્યુક્તિ
- ❖ પ્રવચન સારોદ્ધાર
- ❖ યોગશાસ્ત્ર
- ❖ ધર્મ સંગ્રહ
- ❖ ધન્યચરિત્ર
- ❖ સુપાત્રદાન મહિમા-વિધિ
- ❖ સુપાત્રદાન-વિવેક
- ❖ ઉપદેશ પ્રાસાદ
- ❖ ઉપદેશ તરંગિણી
- ❖ પાર્શ્વનાથ ચરિત્ર
- ❖ ભગવદ્ ગીતા
- ❖ ગરુડ પુરાણ
- ❖ ઉચિત આચરણ-ભાગ-૬

## સંકેત સૂચિ

| | |
|---|---|
| અત્રિસંહિતા | અ. સં. |
| ઉત્તરાધ્યયન સૂત્ર | ઉત્ત. |
| ઉત્તરાધ્યયન ટીકા | ઉત્ત. ટીકા. |
| ઓઘનિર્યુક્તિ સૂત્ર | ઓઘ. નિ. |
| ઓઘનિર્યુક્તિ બૃહદ્ભાષ્ય | ઓ. બૃ. ભા. |
| જૈન પંચતંત્ર | જૈન પ. |
| દશવૈકાલિક સૂત્ર | દશ. |
| દશાસ્મૃતિ | દશ. સ્મૃ. |
| વિક્રમચરિત્ર | વિ. ચ. |
| શ્રાદ્ધદિનકૃત્ય | શ્રા. દિ. |
| સિંદૂર પ્રકર | સિં. પ્ર. |
| સુભાષિત સૂક્ત રત્નમાલા | સુભા. |
| ઉપદેશ પ્રાસાદ | ઉપ. |
| ઉપદેશમાલા-પુષ્પમાલા | પુષ્પ. |
| યોગશાસ્ત્ર. | યોગ. |

## વિષય માર્ગદર્શિકા

**વિષય** **પૃષ્ટ સંખ્યા**


**A-** સંપાદકીય ............................................ ૦૩-૦૫
**B-** પ્રકાશકીય ............................................ ૦૬
**C-** શ્રુતભક્તિ અનુમોદના ............................................ ૦૭
**D-** આધારભૂત ગ્રન્થ-સંકેત સૂચી ............................................ ૦૮
**E-** વિષય માર્ગદર્શિકા ............................................ ૦૯-૧૦
**૧. ગોચરીના ૪૨ દોષો ............................................ ૧**
ઉદ્‌ગમના ૧૬ દોષ ............................................ ૧
ઉત્પાદનના ૧૬ દોષ ............................................ ૬
એષણાના ૧૦ દોષ : ............................................ ૮
**૨. સુપાત્રદાનને આરાધવાના કેટલાક મહત્ત્વના મુદ્દાઓ ............................................ ૧૨**
શ્રાવકની સુપાત્રદાન માટેની ભાવના : ............................................ ૧૨
ગોચરી વહોરવા પધારવા માટેની વિનંતિ રોજ કરવી જોઈએ : ............................................ ૧૪
નિગોદથી બચવા માટેના ઉપાય : ............................................ ૧૫
વૉચમેનને શું સમજાવશો ? ............................................ ૧૫
ભાત-પાણીનો અર્થ અને ક્યારે બોલાય ? ............................................ ૧૬
વિનંતિ કરવાના સમયનો વિવેક : ............................................ ૧૬
મહાત્મા ગોચરી માટે પધારે ત્યારે... ............................................ ૧૭
નામપૂર્વક સર્વ વસ્તુની વિનંતી કરવી જોઈએ : ............................................ ૧૯
રસોઈ તૈયાર ન હોય તો પણ લાભ મેળવી શકાય : ............................................ ૧૯
ગોચરી વહોરવા પધારે ત્યારે ઘરમાં શું કરાય શું ન કરાય ? ............................................ ૨૦
ઘરના દરેક સભ્ય વહોરાવી શકે છે : ............................................ ૨૨
સંઘટ્ટાનો વિવેક : ............................................ ૨૩
વહોરાવતા સમયે ધ્યાન રાખવા યોગ્ય કેટલીક વિશેષ બાબતો : ............................................ ૨૪
વહોરાવવાની ભાવના : ............................................ ૨૬
વિનંતિ તમારી, નિર્ણય સાધુ ભગવંતનો : ............................................ ૨૭
આયંબિલનો લાભ લેવા માટે : ............................................ ૨૮
ચોવિહાર સાંજની ગોચરી : ............................................ ૨૯
માંગલિક વગેરે ક્યારે સાંભળવું ? ............................................ ૨૯
કયા ઘરોમાં ગોચરી લઈ જશો ? ............................................ ૩૦
ઘરો બતાડવાં જઈએ તે સમયનો વિવેક : ............................................ ૩૨
ખાવા પીવાની છૂટછાટનાં પરિણામો : ............................................ ૩૨





ધાર્મિક-સાંસારિક પ્રસંગોમાં પણ ભક્ષ્યાભક્ષ્ય વિવેક જરૂરી છે : ............................................ ૩૪
કલ્પ્યાકલ્પ્ય, ભક્ષ્યાભક્ષ્યની કેટલીક જાણવા યોગ્ય વિશેષ જાણકારી ............................................ ૩૬
આજે બનાવેલી બીજા દિવસે અભક્ષ્ય બનનારી વસ્તુ : ............................................ ૩૯
ઉકાળેલું પાણી તેનો કાળ અને જયણા : ............................................ ૪૦
ઉત્સર્ગ અને અપવાદનો વિવેક : ............................................ ૪૧
**૩. સાધુ-સાધ્વીજી ભગવંતો પ્રત્યેનું ઉચિત આચરણ ............................................ ૪૩**
સાધુ-ક્ષેત્રનું ઔચિત્ય યોગશાસ્ત્ર ગ્રન્થના આધારે : ............................................ ૪૫
માત્ર આચાર્ય જ નહીં, સાધુ-સાધ્વી પણ પૂજનીય છે ............................................ ૪૫
આ રીતે દવા પણ નિર્દોષ હોઈ શકે. ............................................ ૫૧
કાળજી-વિવેક માગે છે : ............................................ ૫૨
તમારી વેષભૂષા વિકૃત બની છે : ............................................ ૫૩
સંયમ-બળને હણે છે, નિષ્કારણ સદોષ ભિક્ષા : ............................................ ૫૪
ઓઘો પણ વહોરાવાય : ............................................ ૫૪
પાત્રામાં વહોરાવીને ભક્તિ થાય તેમ પાત્રાં વહોરાવીને પણ ભક્તિ થઈ શકે : . ૫૫
સાધુપણાની ઉપધિ-ઉપકરણો વહોરાવી લાભ લેવાય : ............................................ ૫૬
**૪. ગુરુસેવાનો ત્રીજો ગુણ-ઔષધાદિનું સંપાદન ............................................ ૫૮**
સાધુની ભક્તિ કરો તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ- ભાવ જોઈને કરો ! ............................................ ૫૮
યથાશક્તિ કરો ભક્તિ : ભક્તિના લાભો : ............................................ ૬૦
સાધુ સેવા માટે જરૂરી છે હૈયાનું પરિવર્તન : ............................................ ૬૨
તમારા જીવન વ્યવહારો નહિ બદલો ત્યાં સુધી સાચું સુપાત્રદાન નહિ આપી શકો :૬૬
**૫. ગુરુ ભગવંતને કેવી રીતે બોલાવાય ? ............................................ ૬૮**
**૬. મૂંઝવણોના ઉકેલ : ............................................ ૭૧**
**૭. સુપાત્રદાનનો પ્રભાવ : ............................................ ૭૫**
ચંદ્રધવલ રાજા અને ધર્મદત્ત શ્રેષ્ઠીની વાર્તા ............................................ ૭૬
દુર્ગપતાકાની વાર્તા ............................................ ૭૮
**૮. પાત્રનો મહિમા અને ઓળખ ............................................ ૮૨**
સાધુ ઉત્તમ પાત્ર છે : ............................................ ૮૨
જૈન ધર્મના દ્વેષીઓ કુપાત્ર છે : ............................................ ૮૨
પાત્રદાનમાં પ્રવૃત્તિ કરવી : ............................................ ૮૩
પાત્રદાનની સફળતા : ............................................ ૮૩
કુપાત્રદાન ભવવર્ધક છે : ............................................ ૮૩
પાત્રદાનની ચતુર્ભંગી : ............................................ ૮૪
પાત્રદાનનું અમૂલ્ય ફળ : ............................................ ૮૪
પાત્રદાનનું મુખ્ય ફળ મોક્ષ છે : ............................................ ૮૪
સુવચન ............................................ ૮૫

## સુપાત્રદાન વિધિ માટે અત્યંત ઉપયોગી

# ગોચરીના ૪૨ દોષો

**સાધુ ભગવંતને શ્રદ્ધાથી શુદ્ધ મૂલદેવ કુમારે નિર્દોષ અડદના બાકુલા વહોરાવ્યા અને વિશાળ રાજ્યલક્ષ્મી પામી ક્રમે કરીને આત્મકલ્યાણ સાધ્યું. (દાનકુલક)**

સાધુ-સાધ્વીજી ભગવંતો માટે શાસ્ત્રમાં ૪૨ દોષોનું વર્ણન કરેલું છે. અત્યંત વિસ્તૃત અને ભેદ-પ્રભેદથી ભરેલું વર્ણન સામાન્ય બુદ્ધિવાળા જીવોને ગ્રાહ્ય ન બને તે હેતુથી તે વર્ણન સરળ ભાષામાં દોષોના નામ સાથે અહીં મુકેલું છે. સરળતા ખાતર કેટલાક પારિભાષિક શબ્દોનો ઉપયોગ કરવાનું ટાળ્યું છે.

### ઉદ્‌ગમના ૧૬ દોષ

૧) **આધાકર્મ :-** રસોઈ સંપૂર્ણપણે સાધુ-સાધ્વીને માટે જ બનાવેલી હોય તે.. જેમકે કોઈ મીઠાઈ- ફરસાણ- સાંજની રસોઇ - ફ્રુટ-ચા-ઉકાળો-જ્યૂસ વગેરે. આ ઘણો મોટો દોષ છે. ઘણીવાર માત્ર ભક્તિના ખોટા ભાવોથી માત્ર સાધુ ભગવંત માટે જ બધી રસોઈ વગેરે બનાવતા હોય છે. પરંતુ તેમાં ષટ્કાય (પૃથ્વીકાય-અપ્‌કાય-તેઉકાય-વાઉકાય-વનસ્પતિકાય-ત્રસકાય)ની વિરાધના માત્ર સાધુ ભગવંતોને ઉદ્દેશીને થતી હોવાથી તેમને ઘણો મોટો દોષ લાગે છે.

૨) **ઔદ્દેશિક :-** ક્યારેક ઘરમાં રસોઇ બનાવી હોય પણ તે કોઈ યાચક સંન્યાસી કે અન્ય કોઈ ધર્મકાર્યમાં દાન આપવા માટે બનાવેલી હોય તેમાંથી વહોરવામાં આ દોષ લાગે છે.

૩) **પૂતિકર્મ :-** આધાકર્મવાળો આહાર વગેરે વસ્તુ જે કોઈ નિર્દોષ રસોઈમાં ભેગો થઈ જાય તો તે પણ વહોરી શકાય નહી. જેમકે સાધુ માટે ખીર બનાવી હોય, તેનું એક ટીપું પણ બીજી નિર્દોષ-ગૃહસ્થ માટે બનાવેલી ખીરમાં પડી જાય તો તે બન્ને ખીર વહોરાવાય નહી.. માટે દોષિત-નિર્દોષ-





બન્ને વસ્તુ ભેગી કરવાની ભૂલ ક્યારે પણ કરવી નહી. તે જ રીતે દોષિત વસ્તુમાં નાખેલ ચમચી-ઢાંકણું-વાસણ નિર્દોષ વસ્તુમાં નાખવું નહીં.

૪) **મિશ્ર :-** કોઈ વખત ગૃહસ્થો પોતાના માટે અને સાધુ માટે એમ બંનેને ઉદ્દેશીને રસોઈ વગેરે બનાવે ત્યારે આ દોષ લાગે છે. વાસ્તવમાં ગૃહસ્થો પોતાના માટે જે રસોઈ બનાવે તે બની ગયા બાદ શુભ ભાવના કરવી કે સાધુ ભગવંતને વહોરાવીને જ મારે વાપરવું. જો સાધુ ભગવંતનો મને લાભ મળે તો કેટલું ઉત્તમ. એમ વિચારી, શક્ય હોય તો વિનંતિ કરવા જાય પણ એમના માટે રસોઈ વધારે ન બનાવાય.

૫) **સ્થાપના :-** ગૃહસ્થો પોતાના માટે જ બનાવેલી રસોઈ વગેરેમાંથી જ્યારે સાધુ ભગવંતોને માટે જુદું કાઢીને રાખે ત્યારે આ દોષ લાગે છે. જેમકે - કેરીનો રસ મહાત્મા માટે જુદો કાઢીને, પોતાનો ફ્રીજમાં મૂકી દે. ઘી વગરની રોટલી અલગ રાખવી. કોથમીર-સચિત્ત વગરનાં દાળ-શાક વગેરે અલગ રાખવાં. ગૃહસ્થો માટે જ જો રાખેલું હોય તો દોષ ન લાગે. પણ સાધુ, ભગવંત નિમિત્તે અલગ કાઢવું નહી. (અને શક્ય બને તો ફ્રીજ-કોથમીર-સચિત્ત વગેરેનો ત્યાગ કરી સુપાત્રદાનનો લાભ ચૂકવો નહીં.)

૬) **પ્રાભૃતિકા :-** સાધુ ભગવંતનો લાભ લેવા માટે વિવાહ વગેરેમાંથી સાંસારિક પ્રસંગો, ટીફીન ભરવાં વગેરે કાર્યોને વહેલાં મોડાં કરવાં. જેમકે-મહીના પછી ગુરુ ભગવંત નગરમાં પધારવાના છે. તો સાંસારિક પ્રસંગ મહીના પછી જ ગોઠવવો. અથવા ટીફીન દસ વાગે ભરવાનું છે અને સાધુ ભગવંત વહોરવા ૯.૩૦ વાગે આવે છે. તો ટીફીન રસોઈ વહેલાં બનાવવામાં પણ આ દોષ લાગે છે. અથવા સાધુ ભગવંતને વહોરાવવા માટે નાના બાળકોને જમાડે નહીં. મોડા ખાવાનું આપે તો પણ આ દોષ લાગે છે.

૭) **પ્રાદુષ્કરણ :-** અંધારામાં ગોચરી વહોરાય નહીં. અજયણા વગેરે દોષો લાગે છે. તે માટે સાધુ ભગવંતને આહાર-પાણી વહોરાવવા માટે દીવાલ તોડી બારી-બારણું બનાવવું અથવા અજયણાપૂર્વક બારી-બારણાં ખોલવાં, દીપક-લાઈટ વગેરે ચાલુ કરવા, જેથી અંધારું દૂર થાય તો આ દોષ લાગે છે.

અહીં એક વાતનું ધ્યાન રાખવું કે શ્રાવકનું ઘર પણ કુદરતી પ્રકાશ વિનાનું, અંધારીયું હોય તો તેમાં જયણા પળાતી નથી.

૮) **ક્રીત** :- સાધુ ભગવંતો માટે કોઈ પણ વસ્તુ ખરીદીને લાવવી. જે આહાર-ઉપધિ-પાત્ર-વસ્ત્ર-દવા વગેરે ઘરે ઉપલબ્ધ નથી અને ખ્યાલ આવ્યો કે સાધુ ભગવંતોને આ વસ્તુની જરૂર છે, તો બજારમાંથી પૈસાથી ખરીદીને જ્યારે વસ્તુ આદિ લાવી વહોરાવવામાં આવે તો આ દોષ લાગે છે.

અમુક લોકોના મનમાં એવો ભ્રમ હોય છે કે સાધુ ભગવંતોને તો નવી વસ્તુઓ જ વહોરાવાય, પણ હકીકતમાં એવું નથી. તમારા ઘરમાં તમારા પોતાના માટે જે લાવેલી વસ્તુઓ હોય એ વહોરાવવામાં દોષ નથી લાગતો. જેમકે તમારા ઘરમાં સંતાનો માટે નોટ-પેન-પેડ-પેન્સીલ-લેટરપેડ-ડાયરી વગેરે ઘણી સ્ટેશનરીની વસ્તુઓ હોય. તેમ જ બામ-શરદીનું તેલ, વેસેલાઈન-સાબુ-પાવડર-નાની-મોટી દવાઓ હોઈ શકે છે. પૌષધ-ઉપધાન વગેરેમાં વાપરેલા સંથારા-કામળી-આસન-ધોતી-ખેસ-દસી-મુહપત્તિ જેવાં ચારિત્રનાં ઉપકરણો પણ હોઈ શકે. ઉજમણામાં અથવા ઘરમાં દર્શનાર્થે આવેલાં, રાખેલાં પાત્રાં-તરપણી-ટોકસા-દાંડો-ઓઘો-ઠવણી-ભગવાન-સાપડો--પોથી-કવલી વગેરે ઉપકરણો પણ મળી શકે. માત્ર ઘરમાં જ નહીં, સ્ટેશનરી, કિરાણા, કપડાં વગેરેની કોઈને દુકાન હોય ઓફીસ-એજન્સી-હૉલસેલ-રીટેલ વેપાર હોય તો તેમાંથી પણ નિર્દોષ લાભ મેળવી શકે છે.

જે વસ્તુઓ તમારા ઘરે સુલભ છે. તમે તેનો લાભ લઈ શકો છો. તેમ જ જે વસ્તુઓ અન્ય કોઈ પાસે છે. તેને ભક્તિ કરવાની ભાવના હોય તો તેને જણાવી શકો છો. પણ અન્ય કોઈને અનિચ્છાએ પ્રેરણા નહીં કરવી. પોતાની શક્તિ-ભાવના મુજબ પોતે જ લાભ લેવો.

૯-૧૦) **પ્રામિત્યક-પરાવર્તિત** :- ગૃહસ્થને ખબર પડે કે, સાધુ ભગવંતને આ વસ્તુનો ખપ છે. અને તે આહાર-ઉપધિ-વસ્ત્ર-પાત્ર-દવા-ઉપકરણ વગેરે મારા ઘરે નથી. તો તે આહારાદિ બીજાની પાસેથી ઉધારમાં લઈને આવે. અથવા વસ્તુની અદલા-બદલી કરે. જેમ કે, ખબર પડી કે સાધુભગવંતને સાદા ખાખરા વહોરવા છે. મસાલાવાલા ખાખરા નથી વહોરવા. તો બાજુના કે બીજા ઘરેથી ઉધારમાં સાદા ખાખરા મંગાવે

ગોચરી વહોરવાના સમય પર જ સાધુ ગોચરી વહોરવા જાય છે. (દશ.)



અથવા બદલામાં મસાલાવાળા ખાખરા આપી દે, તો આ દોષ લાગે છે. ગૃહસ્થ પોતાના માટે ઘરમાં લાવતા જ હોય તે વસ્તુ પૂરી થઈ ગઈ હોય તેથી તે નવું ખરીદવા જાય ત્યારે રોજિંદા વ્યવહારે જે લાવતો હોય તે વસ્તુ વહોરાવી શકે છે.

૧૧) **અભ્યાહૃત** :- ગૃહસ્થો વંદન કરવા ઉપાશ્રય આવે ત્યારે જો સાથે ગોચરી-પાણી વગેરે લઈને આવે તો તેમાં આ દોષ લાગે છે સાધુ ભગવંતોએ પોતાના અને લોકના ઉપકાર માટે ગોચરી જવાનું છે. ગૃહસ્થોના ઘરમાં ગોચરી માટે જવાથી દરેક પ્રકારના ગૃહસ્થો જોડે આત્મીય-લાગણીનો સંબંધ બંધાય છે. સાધુપણા પર બહુમાનભાવ પેદા થાય છે. તેથી તેમનો લાભ લેવા માટે ઉપાશ્રયમાં લાવીને વહોરાવવાની તેમને ભાવના થાય, પણ આ રીતે આહાર-પાણી વહોરાવાય નહીં. સાધુ ભગવંતને વિનંતિ કરીને ઘરે જ લઈ જવા જોઈએ.

કેટલીક જગ્યાએ મોટા-મોટા ટાવરોમાં, ઘર ઉપરના માળમાં લીધું હોય ત્યારે આહાર-પાણી નીચે લાવીને વહોરાવાય નહી. પહેલેથી ધ્યાન રાખીને શ્રાવક ઉપાશ્રયની નજીકમાં અને નીચેના માળે ઘર લઈને રહે તો હોય, જેથી સાધુ ભગવંતો આસાનીથી વહોરવા આવી શકે. ઉપર-ઉપરના માળે ઘર લેવાઈ જાય પરંતુ સાધુ ભગવંતોનો કલ્યાણમિત્રોનો-ધર્મનો યોગ તેમાં દિવસે-દિવસે ઘટતો જાય છે.

તે જ રીતે સાધુ ભગવંતને દેખાય નહીં તે રીતે એ જ ઘરમાંથી બીજા ઘરમાં અથવા એક રૂમમાંથી બીજા રૂમમાં વસ્તુઓને લાવવામાં આવે તો પણ સચિત્ત દ્રવ્યનો સંઘટ્ટો (સ્પર્શ), અજયણા વગેરે દોષો લાગવાની શક્યતા છે. તેથી સાધુભગવંતની નજર રહે તે રીતે જ વસ્તુઓ લાવવી.

૧૨) **ઉદ્‌ભિન્ન** :- આહારાદિ કોઈપણ વહોરાવવાની વસ્તુઓ જો એકદમ પેક કરેલા હોય તો તે પેક કરેલી વસ્તુઓનું પૅકીંગ તોડાવીને કોઈપણ વસ્તુઓ વહોરાવાય નહીં. જેમકે- સીલપૅક કરેલા ડબ્બામાં રહેલી ઘી વગેરે વસ્તુઓ.

અને રોજ જે ડબ્બાનો વપરાશ ચાલુ હોય તે જો સંભાળીને જયણાપૂર્વક ખોલવામાં આવે તો આ દોષ લાગતો નથી.

સાધુ વહોરવા જતી વખતે રસ્તામાં વનસ્પતિ-સચિત્ત-પાણી વગેરેની વિરાધના ન થાય તેનું ધ્યાન રાખે છે.(દશ.)

૧૩) **માલાપહૃત** :- કેટલીક વખત અમુક વસ્તુઓ ઘરમાં ઉપરના માળીયામાં, ભંડકીયામાં, નીચે ભોંયરામાં જવાથી લેવું-મૂકવું-કાઢવું અઘરું પડે તેવી જગ્યામાં પડ્યું હોય તો ત્યાંથી લેતાં-મૂકતાં પડી જવાય-વાગે, વસ્તુ તૂટી જાય તો વિરાધનાદિ દોષો થાય માટે તેવી રીતે વહોરાવાય નહીં.

જો સહેલાઈથી લઈને મૂકી શકાય એમ હોય અને પડવું-તૂટવું-ઢોળાવું વગેરે વિરાધના ન થાય એમ હોય તો તેવી જગ્યાએથી લઈને વહોરાવી શકાય. માત્ર એટલું ધ્યાન રાખવું જોઈએ કે જમીન પર વસ્તુઓ ઘસાવી ન જોઈએ. ખોલ બંધ કરતાં, લેતાં, મૂકતાં જમીન પર વસ્તુ ઘસાય તો વિરાધના થઈ શકે છે.

૧૪) **આચ્છેદ્ય** :- આહાર-ઉપધિ વગેરે વસ્તુ જે વહોરાવવાની છે. તે જેની માલિકીની હોય તેની પાસેથી બળાત્કારે ઝૂંટવી લઈને વહોરાવાય તો આ દોષ લાગે. જેમકે નાના બાળક માટે, ઘરમાં કોઈ વૃદ્ધ-મહેમાન-નોકર વગેરે માટેનું અને તેની માલિકીનું બનાવ્યું હોય. અથવા ઉપકરણ વગેરે પડ્યાં હોય તે તેની ઈચ્છા વગર બળાત્કારે ઝૂંટવી લઈને વહોરાવાય નહીં.

૧૫) **અનિસૃષ્ટ** :- ઘણી વસ્તુ જે આહાર-ઉપધિ-વસતિ વગેરે ઘરના બધાની માલિકીની હોય તેમાંથી કોઈ એક પણ વ્યક્તિ જો આપવાની ના પાડે તો તે વસ્તુ વહોરાવાય નહીં. બધા જો રજા આપે તો વહોરી શકાય.

૧૬) **અધ્યવપૂરક** :- રસોઈ બનાવવાની ચાલુ કરી અને ખબર પડી કે સાધુ ભગવંત પધારે છે. તો વધારે બનાવવા માટે રસોઈમાં ઉમેરો કરે ત્યારે આ દોષ લાગે છે. ભાત માટે થોડા ચોખા, રોટલી માટે થોડો લોટ, દાળમાં પાણી વગેરેનો ઉમેરો કરે તો આ દોષ લાગે છે.

માટે જેટલી તમારા માટેની રસોઈ હોય તેમાંથી જ લાભ લેવો. પણ સાધુ ભગવંતો માટે નવું બનાવવું નહીં કે ઉમેરણ પણ કરવું નહીં.

આ ૧૬ દોષો **ઉદ્ગમના દોષો** કહેવાય છે. જે મુખ્યતયા ગૃહસ્થોની ભૂલોને કારણે થાય છે. જ્યારે હવે પછીના જે ૧૬ દોષ કહેવાના છે. તે મુખ્યતયા સાધુભગવંતની ભૂલોના કારણે થાય છે. તેને **ઉત્પાદનના દોષ** કહેવાય છે.





## ઉત્પાદનના ૧૬ દોષ

૧) **ધાત્રી** :- સારી - સારી અનુકૂળ સ્વાદિષ્ટ ગોચરી મેળવવા માટે ગૃહસ્થના બાળકને રમાડે, સાચવે, ખવડાવે, ધ્યાન રાખે, વગેરે બાળકનાં કાર્ય કરીને તેમને ભક્ત બનાવે અને મનગમતા આહાર-ઉપધિ-ઉપકરણ મેળવવાનો પ્રયત્ન કરે તો આ દોષ લાગે છે.

૨) **દૂતી** :- ગૃહસ્થોને ખુશ કરવા માટે તેમનો સંદેશો બીજાને પહોંચાડી આપે. તેમના સમાચાર બીજે મોકલી આપે. એમ કરીને બન્ને ઘરની પ્રીતિ સંપાદન કરીને મનગમતી ગોચરી મેળવે ત્યારે આ દોષ લાગે છે.

૩) **નિમિત્ત** :- ગૃહસ્થના જીવનસંબંધી ભૂતકાળ-વર્તમાનકાળ-ભવિષ્યકાળની વિવિધ ઘટનાઓનું વર્ણન કરી તેમને ખુશ કરી મનગમતી ગોચરી મેળવે ત્યારે આ દોષ લાગે છે.

૪) **આજીવક** :- પોતાના જાતિ-ભાષા-સમાજ-કુળ-સગાવ્હાલાની સરખામણી કરી તેમને યાદ કરાવી સંબંધોને આધારે ભિક્ષા મેળવે ત્યારે આ દોષ લાગે છે.

૫) **વનીપક** :- ગૃહસ્થ જેને દેવ-ગુરુ-ધર્મ તરીકે માનતો હોય, તે જેનો ભક્ત હોય, તેના વખાણ કરે અને પોતાની જાતને પણ તેના ભક્ત તરીકે ઓળખાવીને ભિક્ષા મેળવે. તો આ દોષ લાગે છે.

૬) **ચિકિત્સા** :- ગૃહસ્થ બીમાર પડે ત્યારે એને દવા આપે, અથવા સારા ડૉક્ટર વગેરેની ભલામણ કરીને તેને ખુશ કરીને મનગમતા આહાર-પાણી આદિ મેળવે ત્યારે આ દોષ લાગે છે.

૭) **ક્રોધપિંડ** :- કોઈ ગૃહસ્થ બરાબર ના વહોરાવતો હોય તેને ડરાવી ધમકાવીને ગોચરી મેળવે ત્યારે આ દોષ લાગે છે.

૮) **માનપિંડ** :- પોતે અભિમાનમાં આવીને વહોરવા માટે જાય. અથવા બીજા એને ચડાવે કે, તમને ગોચરી સારી લાવતા આવડે છે ? અને અભિમાન પેદા કરી ગોચરી વહોરવા જાય ત્યારે કદાચ સારા આહાર-પાણી ન મળે તો ગૃહસ્થોની પ્રશંસા વગેરે કરીને પણ ગોચરી વહોરી લાવે. ત્યારે આ દોષ લાગે છે.

૯) **માયાપિંડ** :- મોટી-મોટી વાતો, મીઠી રજુઆત કરે અથવા કોઈપણ પ્રવૃત્તિથી ગૃહસ્થ જોડે માયા-ઠગાઈ કરી ગોચરી વહોરે ત્યારે આ દોષ લાગે છે.

૧૦) **લોભપિંડ :-** સારી ગોચરી મેળવવા માટે સારા સારા ઘરમાં જ જાય અને ઘણું ફર્યા કરે. ત્યારે આ દોષ લાગે છે. નિર્દોષ ગોચરી મેળવવા માટે ફરે અને સમય લાગે તો આ દોષ લાગતો નથી.

૧૧) **સંસ્તવપિંડ :-** ગૃહસ્થના સમાજના પિતૃપક્ષ અથવા શ્વસુર પક્ષના વખાણ કરે અથવા દાતારના જ સાચા-ખોટા ગુણોની પ્રશંસા કરે ત્યારે આ દોષ લાગે છે.

૧૨-૧૩-૧૪-૧૫) **વિદ્યાપિંડ/મંત્રપિંડ/ચૂર્ણપિંડ/યોગપિંડ :-** ગોચરી મેળવવા માટે વિદ્યા-મંત્ર-ચૂર્ણ-યોગનો ઉપયોગ કરે

**વિદ્યા** - જેની અધિષ્ઠાત્રી દેવી હોય એવી શક્તિ ધરાવતા અક્ષરો.

**મંત્ર** - જેનો અધિષ્ઠાયક દેવ હોય એવી શક્તિ ધરાવતા અક્ષરો.

**ચૂર્ણ** - આંખમાં અંજન કરવાથી અદૃશ્ય થવાય એવી શક્તિવાળા દ્રવ્યો.

**યોગ** - પગ વગેરેમાં લગાડવાથી આકાશમાં ઊડી શકાય, પાણી પર ચાલી શકાય તેવા લેપદ્રવ્યો.

વિદ્યા - મંત્ર વગેરેથી એ સમજવાનું છે કે પરમાત્માની આજ્ઞાથી વિપરીતપણે વર્તીને ચમત્કારના કોઈ પણ સાધનો વડે ગોચરી મેળવીએ ત્યારે આવા દોષ લાગે છે.

૧૬) **મૂલકર્મ :-** કોઈ વ્યક્તિ ભક્ત છે. તેને ખુશ કરવા માટે અથવા કોઈ વ્યક્તિ ભક્ત નથી બની રહી, તેને ડરાવવા માટે તેને ગર્ભ રહે તેવા ઉપાયો કરવા-બતાવવા, તેના ગર્ભનો નાશ કરવો, થંભાવવો વગેરે કાર્ય કરવા-બતાવવા દ્વારા ભિક્ષા મેળવે. આ એક ખૂબ જ ખરાબ, ભયંકર દોષ છે.

આ ભિક્ષા-ગોચરી શબ્દથી આહાર-ઉપધિ-ઉપકરણ-વસતિ વગેરે સંયમ જીવનોપયોગી સર્વ વસ્તુ સમજી લેવી. કેમકે સમજી શકાય એવું છે કે એક રોટલી વગેરે માટે કોઈ મૂળકર્મ જેવાં નીચ કાર્ય કરે નહીં, જો તે કરે છે, તો અતિમૂલ્યવાન ઉપકરણ-વસતિ વગેરે મેળવવા માટે જ કરે છે.. જે બીજે સુલભ ના હોય તે અમુક વ્યક્તિ જ મેળવી આપી શકે એમ હોય, ત્યારે તેને





ખુશ કરવા માટે પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કાર્ય કરવા તે તૈયાર થઈ જાય તેવી સંભાવના હોવાથી અહીં તેનો સમાવેશ કર્યો છે.

**એષણાના ૧૦ દોષ :**

૧) **શંકિત :-** ગોચરીના કુલ ૪૨ દોષમાંથી આ દોષ સિવાયના ૪૧ દોષમાંથી કોઈ પણ દોષની જો સામે રહેલી ગોચરીમાં શંકા થાય તો તે વસ્તુ વહોરાય નહીં. જે દોષની શંકા થાય તેટલો દોષ લાગે છે. આની અંદર એ વાત સમજવી કે, સાધુ ભગવંત કાંઈ પણ પૂછે અને ગૃહસ્થ સાચો જવાબ આપે તો નિર્ણય થઈ શકે. ખોટો જવાબ આપે તેને સાચો માની લે તો ખોટો નિર્ણય થઈ શકે છે. પરંતુ અહીં શંકાનો દોષ છે. સાધુ ગૃહસ્થને કદાચ પૂછે જ નહી અને પૂછે તો અધૂરું પૂછે. મનમાં ઉઠેલી શંકા નિર્મૂળ ન કરે. ત્યારે જ આ દોષ લાગે છે. જેમકે પાણી બરાબર ઉકાળ્યું છે કે નહીં? તે સંબંધી પૂછ્યું અને હજી ૧૦-૧૫ મિનિટ થઈ હોય તેટલી વારમાં એકદમ ઠંડું પાણી હોય તો શંકા થઈ શકે છે. સંભવિત છે કે ઉકાળ્યું પણ હોય અથવા ન પણ હોય. છતા શંકા મનમાં રાખીને વહોરી લે અને પૂછવા દ્વારા નિર્ણય ન કરે ત્યારે આ દોષ લાગે છે.

તેવી જ રીતે સાધુ ભગવંત ઘરે પધારે છે, તે ખબર પડતાં જ સચિત્ત ખસેડ્યું છે ? માથું ભીનું છે ? સચિત્તનો સંઘટ્ટો છે ? લાઈટ ચાલુ કરી છે ? ભક્ષ્ય છે ? ગેસ બંધ કર્યો છે ? ફોન પર વાત કરી રહ્યા હતા ? સાધુ માટે અથવા સાધુની ધારણાથી કરેલું છે ? સાધુ માટે રાખેલું છે ? સાધુ માટે ખરીદીને લાવેલું છે ? તે જ રીતે રસોડામાં રસોઈ બનતી હોય ત્યાં ગેસ બંધ કરેલો હોઈ શકે છે. છોકરાઓ ટી.વી. સામે બેઠા હોય ત્યારે ટી.વી. બંધ કરેલું હોઈ શકે છે. શાક સમારવાનું ચાલુ હોય ત્યાં સચિત્ત ખસેડેલું હોઈ શકે છે. આ રીતે અનેક પ્રકારે શંકા થઈ શકે છે. તે શંકાનું નિવારણ ન કરવામાં આવે તો આ દોષ લાગે છે.

૨) **મ્રક્ષિત :-** વહોરાવનારના હાથ સચિત્ત, પાણી, લોટ, માટી વગેરેથી ખરડાયેલા હોય તો ન વહોરાવી શકાય. અચિત્ત વસ્તુથી જો હાથ ખરડાયેલા હોય તો વહોરાવી શકાય.પણ ખાસ ધ્યાન રાખવું કે

કાચા પાણીથી હાથ ધોવાય નહીં, કાચાપાણીવાળા હાથથી વહોરાવવામાં પણ આ જ દોષ લાગે છે. જાજરૂ, પેશાબ કે અન્ય નિંદિત વસ્તુથી હાથ ખરડાયેલા હોય તો વહોરાવાય નહિ.

કેટલાક લોકો વહોરાવવાના સમયે અને પછી ખાસ હાથ ધોવાનું રાખે છે. તે તદ્દન અયોગ્ય છે. તો વળી વહોરાવવા માટે વસ્તુઓ (ચમચો વગેરે) પણ પહેલાં કે પછી કાચા પાણીથી ધોવાય નહીં. પરંતુ કોરા રૂમાલથી લૂછી શકાય છે.

૩) **નિક્ષિપ્ત :-** વહોરાવવા માટેની યોગ્ય રસોઈ વગેરે પણ જો સચિત્ત કાચું પાણી, લીલોતરી, શાકભાજી, ફ્રુટ, કઠોળ, કાચું મીઠું, વગેરે વસ્તુઓ ઉપર પડ્યું હોય તો આ દોષ લાગે છે. તે જ રીતે ગેસચૂલા ઉપરથી સીધી વસ્તુ વહોરવામાં પણ આ દોષ લાગે છે.

૪) **પિહિત :-** વહોરાવવા માટેની રસોઈ વગેરે જે વાસણ-ડબ્બા વગેરેમાં મૂકેલી છે. તે સચિત્ત વસ્તુથી ઢાંકેલું હોય અથવા તેના ઢાંકણથી ઉપર, સચિત્ત વસ્તુઓ પડી હોય ત્યારે તેને ખસેડીને વહોરાવવામાં દોષ લાગે છે.

૫) **સંહત** :- એક જ વાસણમાં સચિત્ત-અચિત્ત ભેગાં કરે, અથવા હોય તેમાંથી વહોરાવે. જેમકે:- કાચાપાણીવાળી તપેલીમાં, ચમચાથી, બીજી કોઈ વસ્તુ ભેગી કરીને વહોરાવે. ફ્રુટમાં પણ અમુકનો ટાઈમ થઈ ગયો હોય અમુકનો ન થયો હોય. તેવા ફ્રુટ ભેગાં કરીને વહોરાવે તે જ રીતે દાળ-શાકમાં ઊપરથી કોથમીર નાખે અને પછી કહે કે અમે કોથમીર જુદી કરીને વહોરાવીએ? પણ આ રીતે સચિત્તથી ભેગું કરેલું વહોરાવાય તો આ દોષ લાગે છે.

૬) **દાયક :-** અયોગ્ય વ્યક્તિઓ વહોરાવવા આવે ત્યારે નિર્દોષ વસ્તુઓ પણ તેમના હાથે વહોરાય નહીં, કારણ કે શાસનની નિંદા, આત્મ-સંયમ વિરાધના, લોકનિંદા વગેરે ઘણા દોષો લાગે છે.

અયોગ્ય વ્યક્તિઓના હાથે ન વહોરવું. દાન આપવાને અયોગ્ય વ્યક્તિઓ- ઘરડા હોય, નપુંસક હોય, ધ્રુજતા શરીરવાળા હોય, તાવ





આવતો હોય, અંધ, આઠ વર્ષથી નાના બાળક, પાગલ, દારૂ પીધેલ, ભૂત-વળગાડવાળા, કપાયેલા હાથ-પગવાળા, કોઢવાળો, બંધનવાળો, ચપ્પલ પહેરેલો, કોઈ સ્ત્રી ધાન્ય વગેરેને ખાંડતી હોય, પીસતી હોય, ભુંજતી હોય, કાંતતી હોય, પીંજતી-કપાસીયા કાઢતી- રૂ છૂટું કરતી હોય, દળતી હોય, વલોણું કરતી હોય, ભોજન કરતા હોય, ગર્ભવતી હોય, નાના બાળકને હાથમાં રાખેલો હોય, છ કાયનો સંઘટ્ટો કરેલો હોય, છ કાયની હિંસા કરતી હોય, વહોરાવવાને કારણે કોઈ નુકશાન થાય એવું હોય. આવી વ્યક્તિઓના હાથે ન વહોરાય. આમાં વિશેષ એટલું છે.

૧. વૃદ્ધ સશક્ત હોય તો ચાલે.

૨. બાળકની સાથે માતા-પિતા હોય અથવા તેમની અનુજ્ઞા હોય તો ચાલે.

૩. ધ્રૂજતા શરીરવાળાની સાથે રહીને કોઈ વહોરાવે તો ચાલે.

૪. તાવ ચેપી ન હોય અને સમાધિ માટે પરિવારવાળાની સાથે રહીને વહોરાવે તો ચાલે.

૫. કપાયેલા અને બંધનવાળા પગવાળાના હાથે કોઈ ન જોતું હોય અને એની વિનંતી હોય તો જયણાપૂર્વક ચાલે, બંધનવાળા હાથવાળાના હાથે તો ન જ ચાલે.

૬. ખંડન વગેરે કરતી સ્ત્રી જો તે સમયે સચિત્તનો સંઘટ્ટો કે હિંસા ન કરતી હોય અને એ જ સમયે સાધુ આવે તો વિરાધના ન થતી હોય તો ચાલે.

૭. **ઉન્મિશ્ર** :- બધી જ રસોઈ વગેરે અચિત્ત હોય પણ અનાજના દાણા વગેરે ભેગા થઈ ગયા હોય તો આ દોષ લાગે છે.

૮. **અપરિણત :-** જે વસ્તુ અચિત્ત ન થઈ હોય નિર્દોષ ન થઈ હોય તે વસ્તુ ત્યારે વહોરાય નહીં.

તે જ રીતે કદાચ બીજા સાધુને આ વસ્તુ દોષિત લાગે તો પણ તે વસ્તુ વહોરાય નહીં.

૯. **લિપ્ત** :- સાધુએ ઉત્સર્ગથી (મુખ્યમાર્ગે) લેપવાળી (દૂધ-દહીં-ઘી-તેલવાળી) વસ્તુઓ વપરાય નહીં. તેવી લેપવાળી વસ્તુથી વાસણ હાથ ધોવા વગેરે કારણે દોષ લાગી શકે છે. ક્યારેક અપવાદથી (વિશેષ

કારણે જરૂર પડે ત્યારે) લેપવાલી વસ્તુઓ પણ વાપરી શકાય છે.

૧૦) **છર્દિત :-** વહોરાવવા માટે દૂધ વગેરે વસ્તુ લઈને આવે અને જો તેમાંથી ઢોળાય તો આ દોષ લાગે છે.

આ રીતે શાસ્ત્રોમાં ગોચરીના ૪૨ દોષોનું વિસ્તારથી ભેદ-પ્રભેદ સાથે વર્ણન કરેલું છે. અહીં તે સંક્ષેપમાં બતાવેલું છે.

- **વિહારમાં થાકેલા હોય, અત્યંત સ્વાધ્યાય કરતાં હોય, લોચ કરાવેલ હોય, બીમાર હોય, તપનું ઉતરપારણું પારણું હોય, એ સાધુઓને આપેલું સુપાત્રદાન ખૂબ લાભદાયક બને છે. (શ્રાદ્ધદિનકૃત્ય)**
- **દાન આપતી વખતે અનાદર કરવો, આપવામાં મોડું કરવું, ઉલ્ટું જોઈને આપવું, કડવું વચન બોલવું, તેમ જ દાન આપી પશ્ચાતાપ કરવો એ દાનનાં પાંચ દૂષણ (દોષ) છે. (ઉપદેશ પ્રસાદ)**
- **દાન આપતી વખતે હર્ષનાં આંસુ આવવા, રોમાંચ થવો, બહુમાન ઉત્પન્ન થવું, પ્રિયવચન બોલવું તથા દાન આપ્યા પછી અનુમોદના કરવી એ દાનનાં પાંચ ભૂષણ છે. (ઉપદેશ પ્રસાદ)**
- **શ્રી અરિહંત પરમાત્માઓ રત્નપાત્ર સમાન છે.**
  **શ્રી સાધુ ભગવંતો સુવર્ણપાત્ર સમાન છે.**
  **શ્રી સાધાર્મિક બંધુ (શ્રાવક) રજતપાત્ર સમાન છે.**
  **શ્રી સમ્યગ્દષ્ટિ આત્માઓ કાંસ્યપાત્ર સમાન છે.**
  **તે દરેકની ભક્તિ હૃદયના બહુમાનભાવ-વિનય-વિવેકપૂર્વક કરવી જોઈએ.**
- **કોઈપણ પ્રકારના ફળની અપેક્ષા વિના સુપાત્રદાન કરવું જોઈએ તેનાથી આત્મા દેવલોકના અને મોક્ષના સુખો મેળવે છે.**

આશંસારહિત પ્રત્યુપકારની ભાવના વિના આપનાર તથા લેનાર બંનેને સદ્‌ગતિ મળે છે. (દશ.)



# સુપાત્રદાનને આરાધવાના કેટલાક મહત્ત્વના મુદ્દાઓ

**ગોચરીના ૪૨ દોષોને ટુંકાણમાં જાણ્યા પછી કેટલીક વિશેષ વિગતો એવી પણ છે. જે જાણવી જરૂરી છે.જેનાથી સુપાત્રદાન વિધિપૂર્વકનું અને જબરદસ્ત લાભ અપાવનારું બની શકે છે. સુપાત્રદાન વિવેક, સુપાત્રદાન મહિમાવિધિ સુપાત્રદાન વગેરે પુસ્તકો અને લખાણ વગેરે દ્વારા તૈયાર થયેલ નીચેના મુદ્દાઓને ધ્યાનથી જાણી-સમજીને જીવનમાં લાવવાનો પ્રયત્ન કરવો.**

**શ્રાવકની સુપાત્રદાન માટેની ભાવના :**

મહાન પુણ્યોદય હોય ત્યારે સુપાત્રદાનનો લાભ મળે છે. સુપાત્રદાન દુર્લભ હોવાથી શ્રાવકે સુપાત્રદાનનો લાભ લેવાનું ચૂકવું ન જોઈએ. શાસ્ત્રમાં શ્રાવકોને શ્રમણોપાસક કહ્યા છે. શ્રમણોપાસક એટલે ભક્તિથી પૂ. સાધુ-સાધ્વીજી મ.ની સેવા કરનાર. જેને ભક્તિથી સાધુની સેવા કરવાની ભાવના નથી તે પરમાર્થથી શ્રમણોપાસક નથી. ચતુર્વિધ શ્રીસંઘમાં શ્રાવક-શ્રાવિકાને પણ સ્થાન છે, પણ કેવા શ્રાવક-શ્રાવિકાનું ચતુર્વિધ શ્રીસંઘમાં સ્થાન છે તે પણ સમજવાની જરૂર છે. ભક્તિથી પૂ. સાધુ મ.ની સેવા કરવા દ્વારા સાધુપણું પામવાની ઈચ્છાવાળા શ્રાવક-શ્રાવિકાને ચતુર્વિધ શ્રીસંઘમાં સ્થાન છે.

શ્રાવકે દરરોજ નિર્દોષ આહાર-પાણી દ્વારા પૂ. સાધુ ભ.ની ભક્તિ કરવાની વિધિ એવી છે કે શ્રાવકે વ્યાખ્યાન પછી પૂ. સાધુ ભ. ને ભાત-પાણીનો લાભ આપવાની વિનંતિ કરવી જોઈએ, (આજે વંદન કરતી વખતે **"ઈચ્છકાર સૂત્ર"**નો પાઠ બોલીને વિનંતિ કરવામાં આવે છે.) પછી ભોજનનો સમય થાય ત્યારે શ્રાવક ઉપાશ્રયે આવી નિમંત્રણપૂર્વક પૂ. સાધુ ભ. ને પોતાના ઘેર બહુમાનપૂર્વક લઈ જાય.સંયોગવશ કદાચ આમ ન થઈ શકે તો શ્રાવકે દરરોજ જમતાં પહેલાં ઘરમાં પૂછવું જોઈએ કે, "આજે આપણે ત્યાં પૂજ્ય સાધુ-સાધ્વીજી ભ. વહોરવા પધાર્યા હતાં કે નહિ ?" જો **"પધાર્યા**

ખોટાં સમયે ગોચરી માટે જનાર સાધુ દુઃખી થાય છે. (દશ.)

**હતા''** એમ ખબર પડે તો તેની અનુમોદના કરવી જોઈએ. જો **''પધાર્યા ન હતા''** એમ ખબર પડે તો લલાટે હાથ મૂકીને 'આજે સુપાત્રદાન વિના ભોજન કરવું પડે છે'' એનું દુઃખ અનુભવવું જોઈએ.

સવારે નવકારસીના સમય પૂર્વે તેમજ સાંજે રસોઇ બને ત્યારે પણ સુશ્રાવકોએ પૂજ્યોને ગોચરી-પાણી માટે વિનંતિ કરવાનું ચૂકવું ન જોઇએ. કેમકે ગ્લાન, વૃદ્ધ, બાળ, તપસ્વી, અસહનશીલ, આચાર્ય, ઉપાધ્યાય, મહેમાન સાધુ-સાધ્વીજી ભ. માટે તે સમયે ગોચરી લાવવી જરૂર હોય. વિનંતિ કરનારને તેનો લાભ મળી શકે છે.

શ્રાવક ત્યાં જ વસે કે જ્યાં જિનમંદિર હોય, સાધુ-સાધ્વીજી ભગવંતોનું આવાગમન હોય અને અન્ય સાધર્મિકો વસતા હોય. આ રીતે ઘર હોય તો અનાયાસે સુપાત્રદાનનો લાભ મેળવી શકે.

ઘણાં શ્રીમંતો ઉપાશ્રયથી ૧-૧॥ કિલોમીટર દૂર કે મોટા ટાવરમાં ૨૦-૨૨ મા માળે ઘર લે છે અને પછી ફરિયાદ કરે છે ''અમને મહાત્માનો લાભ મળતો નથી !'' તો તેમાં વાંક કોનો ? તે વિચારવા જેવું છે.

સુપાત્રદાન જેવા પ્રકૃષ્ટ પુણ્યબંધ કરાવનાર - પરલોકને સુધારી દેનાર સુકૃત સામે ઉપાશ્રયની નજીકમાં જગ્યા મોંઘી હોય, દૂર સસ્તી હોય તો પણ- થોડી અગવડ વેઠીને નાની જગ્યા લઈને પણ - ભાવનાશીલ શ્રાવક ઉપાશ્રયની નજીક જ રહે !

જે મકાનમાં થોડા દાદર ચડતાં જ જૈનોનાં પુષ્કળ ઘર મળતાં હોય ત્યાં ગોચરી સુલભ બનવાથી મહાત્માનો લાભ વારંવાર મળતો હોય છે. જે મકાનમાં જૈનોના ઘર ઓછાં હોય અથવા ૧-૧ માળે ૧-૧ ઘર હોય તે મકાન ઉપાશ્રયની નજીક હોય તો પણ મહાત્માનો લાભ ઓછો - ક્વચિત જ મળતો હોય છે. એટલે ભાવનાશીલ શ્રાવકે જૈનોની પુષ્કળ વસ્તીવાળા મકાનમાં રહેવું જોઇએ.

ઉપાશ્રયની નજીક અને જૈનોના વસ્તીવાળા મકાનમાં રહેવાના બીજા પણ અનેક લાભો છે જ- જેમ કે બાળકોમાં સંસ્કરણ, પરિવારમાં ધર્મવૃદ્ધિ, કલ્યાણમિત્રોનો સંગ વગેરે.

**ગોચરી વહોરવા પધારવા માટેની વિનંતિ રોજ કરવી જોઇએ :**

ચોમાસામાં કે શેષકાળમાં જે સંયમીઓ (સાધુભગવંત કે સાધ્વીજી ભગવંત) પધારે, તેઓ જો નવા હોય તો એમને તો ખબર જ ન હોય કે





'જૈનોનાં ઘર કેટલાં ?' ક્યાં ક્યાં આવ્યાં છે ? તો તેઓ ગોચરી વહોરવા ક્યાં પધારે ? છેવટે પૂછીપૂછીને થોડાં ઘરો શોધી લે ખરા, પણ એમાં મુશ્કેલી પડવાની જ. એટલે જ શ્રાવકોનું કર્તવ્ય છે કે સવારે દર્શન-પૂજા કરવાં જઈએ ત્યારે ઉપાશ્રયમાં જઈ આવવું. જો સંયમીઓ પધાર્યા હોય તો ઉચિત વંદન સાથે ગોચરીની વિનંતી કરવી. તમને કદાચ વંદન કરતાં ન પણ આવડે, તો ય ક્ષોભ ન રાખવો. હાથ જોડી, માથું નમાવીને 'મત્થએણ વંદામિ' બોલતાં તો આવડે ને ?

સાથે એટલો વિવેક તો અવશ્ય રાખવો જ કે ભલે પૂ. સંયમી મહાત્મા ગોચરી વહોરવા પધારવાના હોય તો પણ એમનાં નિમિત્તે કશું જ વધારે પણ ન બનાવવું કે રોટલી વગેરે કંઈ વહેલું પણ ન કરવું. કાયમી જે રીતે રસોડું ચાલતું હોય તેમાં કોઈ જ ફેરફાર ન કરવો, તો જ તમને શુદ્ધ લાભ મળી શકે. તેમજ જ્યારે તમારા ઘરે મહાત્મા ગોચરી માટે પધારવાના હોય ત્યારે તેમને તમારા ઘરે રસોઈ કેટલા વાગે બને છે. તે સમય અવશ્ય જણાવવો. જેથી તે સમયે જ મહાત્મા ગોચરી માટે નીકળી શકે.

મ. સાહેબને વિનંતી કરીને, 'તમારું ઘર ક્યાં છે ? એ સરનામું બતાવીને જતા રહો, તો એ ય બરાબર નથી. કેમકે જે સંયમીઓ આ ક્ષેત્રમાં નવા છે, એમણે રસ્તા જોયા ન હોય / સરનામું શોધવામાં રસ્તો ભૂલી જાય, તો કેટલી હેરાનગતિ થાય ? એટલે જો શક્ય હોય તો એમને સાથે જ લઈ જવા. એ માટે થોડી રાહ જોવી પડે તો તૈયારી રાખવી, હા! નોકરી-ધંધાદિ કારણોસર ઉતાવળ જ હોય તો જુદી વાત, બીજા કોઈને પણ આ માટે સૂચના કરાય.

જે સંયમીઓ વિસ્તારથી પરિચિત હોય તો તો તેઓને માત્ર વિનંતી કરીએ તો પણ એકવાર ચાલી જાય તેઓએ ઘર જોયેલાં હોવાથી પોતાની મેળે પણ પધારી શકશે.

સંયમી ગોચરી વહોરવા સોસાયટી-એપાર્ટમેન્ટ વગેરેમાં પધારે ત્યારે કયા ઘર જૈનનાં ? કયા ઘર અજૈનનાં ?' એ નક્કી કરવામાં એમને ઘણી મુશ્કેલી પડે. બારણાં બંધ હોય, એટલે પૂછે પણ કોને ? તેવું ન થાય તે માટે તમારું ઘર જૈનનું ઘર છે - તેવો ખ્યાલ આવે તેવી કોઇક નિશાની અવશ્ય હોવી જોઇએ. શિક્ષાગ્રંથો મુજબ જૈનોની બારસાખમાં જિનની આકૃતિ

દોરેલી હોય. આજે કેટલાક જૈનોને ત્યાં અષ્ટમંગલની પટ્ટી અગર જય જિનેન્દ્ર જેવું લખેલું પણ જોવા મળે છે.

**નિગોદથી બચવા માટેના ઉપાય :**

ચાતુર્માસમાં વરસાદથી મકાનના કંપાઉન્ડમાં રહેલ સિમેન્ટના કોબા કે પેવર બ્લોક્સ પર લીલ થઈ જતી હોય છે.જે નિગોદ છે, તેમાં કણે કણે અનંતાજીવો છે. તેના પર ચાલવાથી તમને તો અનંતા જીવોની વિરાધનાનું પાપ લાગે છે; સંયમી મહાત્માઓ પણ આવા મકાનમાં ગોચરી વહોરવા જતા નથી, તેથી તમે સુપાત્રદાનના લાભથી પણ વંચિત રહી જાવ છો.

નિગોદની વિરાધનાથી બચવા જયણાપ્રેમી શ્રાવકો પહેલો મોટો વરસાદ પડતાં પૂર્વે જ મકાનના કંપાઉન્ડમાં ઓઇલ પેઈન્ટનો સફેદ પટ્ટો કરાવે છે. તેવા ઘરોમાં જાવ-આવ કરવામાં નિગોદની વિરાધના પ્રાયઃ થતી નથી, માટે સંયમીઓનો પણ લાભ મળતો રહે છે.

તા. ક. પુષ્કળ વરસાદ પડતો હોય તેવા મુંબઈ જેવા ક્ષેત્રમાં ઓઈલ પેઈન્ટનો પટ્ટો ટકતો નથી. તેથી તેના બદલે બુદ્ધિમાન શ્રાવકો વોટર પ્રુફિંગના કેમિકલને વ્હાઈટ સિમેન્ટ સાથે ભેળવીને પટ્ટો કરે છે, જે લાંબો સમય ટકે છે. એવું તે શ્રાવકો દ્વારા જાણવા મળ્યું છે. ક્યાંક ડામરનો પણ પટ્ટો કરે છે તો ક્યાંક રોડ પર જે સફેદપટ્ટા પણ કરાય છે તે કેમિકલના પટ્ટા પણ કરાય છે. તેમાં પ્રાયઃ નિગોદ થતી નથી.

**વૉચમેનને શું સમજાવશો ?**

હાઈ (!) સોસાયટીમાં સિક્યુરિટીનો સ્ટાફ, મહાત્માને મકાનમાં જવા દેતો નથી, "કોના ઘરે જવું છે ?" એમ પૂછે છે અને પહેલાં ફોનથી પૂછીને પછી જ જવા દે છે. સંયમી મહાત્માઓ તો આવી ફોનની વિરાધનાથી બચવા એવાં મકાન જ છોડી દે છે.

વાસ્તવમાં શ્રાવક તો પોતાના વૉચમૅનને એ રીતે ટ્રેઈનિંગ આપે કે મહાત્મા પધારે તો અટકાવવા નહીં. પૂછવું નહીં; પણ આવકાર આપવો અને સામેથી જૈનોનાં ઘર બતાવવા.

**ભાત-પાણીનો અર્થ અને ક્યારે બોલાય :**

"ભાત-પાણીનો લાભ દેશોજી." આ વાક્યમાં 'ભાત'નો અર્થ માત્ર "ભાત" નથી; રોટલી વગેરે સર્વ પ્રકારનો આહાર છે. તેમ "ભાત-પાણી"નો અર્થ માત્ર આહાર - પાણી નથી; પણ વસ્ત્ર - પાત્ર - ઔષધ





વગેરે બધું જ છે.

આ બધી વસ્તુઓની જરૂર ગમે ત્યારે - રાત્રે પણ પડી શકે છે. અને ક્યારેક સંયોગ જ એવા ઊભા થાય કે સામાયિક - પૌષધમાં રહેલ શ્રાવકને પણ વહોરાવવું પડે. એટલે શ્રાવકે કોઈપણ સમયે (સાંજે પણ) વંદન કરતી વખતે આ વાક્ય અવશ્ય બોલવાનું છે. પોતે સામાયિક - પૌષધમાં હોય તો પણ. પરંતુ એટલું લક્ષ્યમાં રાખવું કે સામાયિકમાં વહોરાવવાનું સામાન્યપણે પ્રચલિત નથી અને પૌષધમાં પણ પોતાના ભાણાનું જ વહોરાવવાની રીત પ્રચલિત છે.

વંદન દરમિયાન "ભાત - પાણીનો લાભ દેશોજી." કહ્યા પછી, વંદન પૂરું થયા પછી વસ્ત્ર-પાત્ર-ઔષધ-સ્ટેશનરી વગેરે સર્વ વસ્તુઓના લાભની યથાશક્તિ માંગણી કરવી જોઇએ અને અન્ય કોઇ કામકાજ - પત્ર મોકલવો, કોઈ વસ્તુ મંગાવવી વગેરે હોય તો પણ પૂછવું જોઇએ.

પૂછનારને પહેલો લાભ મળે તે સહજ છે. દવાનો ખપ હોવા છતાં, વંદન કરીને ચાલ્યા જનાર શ્રાવકને સાધુ ન કહે તે શક્ય છે, કારણ કે તેની શક્તિ - ભાવના - અનુકૂળતાનો ખ્યાલ ન આવે. લાભ માંગનારની ભાવના જણાઈ આવે તો સાધુ-સાધ્વીજી ભગવંત તેમને સરળતાથી લાભ આપે છે. અને હા, કદાચ લાભ ન મળે, તો પણ, પૂછનારને તો પુણ્ય બંધાય જ છે !

**વિનંતિ કરવાના સમયનો વિવેક :**

ઘણાં શ્રાવકો ગોચરીની વિનંતી કર્યા પછી પૂછે છે- "કાલે/બપોરે/સાંજે અમારે ત્યાં પધારશો ?" આવું પૂછવું તે તેમનું એક જાતનું અજ્ઞાન છે. વિનંતી કરવાનો શ્રાવકોનો આચાર છે, પણ આવશો કે નહિ ? તેનો જવાબ પૂછવાનો અધિકાર તેમને નથી અને શ્રમણ ભગવંતોનો એ આચાર નથી કે તેઓ ત્યારે જ જણાવી દે કે "હું આજે, અમુક ટાઈમે કે કાલે તમારે ત્યાં વહોરવા આવીશ.." તેમનો પ્રત્યુત્તર હંમેશા "વર્તમાન જોગ" જ રહેવાનો.

ગાંડી ભક્તિને વરેલા શ્રાવકો ઘણીવાર આ વાતને સમજી શકતા નથી અને 'હા' પડાવવાનો આગ્રહ રાખે છે. તેમણે સમજવું જોઈએ કે સાધુ ભગવંતો કદી તેવું નિશ્ચિત વચન આપી શકતા નથી... વાસ્તવમાં તો તેઓ પહેલેથી જ નક્કી પણ કરી શકતા નથી કે "આવતીકાલે આમને ત્યાં જઇશ." તો કહી તો ક્યાંથી શકે ? કારણ કે તેમ કરવાથી ગોચરી દોષિત

બની જાય તેવી પૂરી સંભાવના રહે છે.

ઘણા શ્રાવકો ગોચરીની વિનંતી કર્યા પછી પૂછે છે, ‘‘સાહેબજી, લેવા આવું ?’’ આમ પૂછવું તે એક પ્રકારનો અવિવેક છે. ગોચરીના સમયે લેવા આવવું, એ શ્રાવકનો આચાર છે. અને તેવી ભાવના હોય તો આવી જવું જોઈએ, પૂછવાની જરૂર નથી... પૂછવામાં આવે તો મહાત્મા ના પાડી શકે નહીં-કારણ કે લેવા આવવું તે શ્રાવકનો આચાર હોવાથી તેનો નિષેધ કરી શકાય નહિ, તેમ હા પણ પાડી શકે નહીં, કારણ કે તેમ કરવામાં શ્રાવક આવવા-જવામાં જે વિરાધના કરે, તેનો દોષ સાધુને લાગે; વળી શ્રાવક ખાસ દોષિત વસ્તુ બનાવે તેવું પણ બને.

વાસ્તવમાં ‘‘લેવા આવું ?’’ એમ પૂછવા પાછળનો આશય એ હોય છે કે ‘‘આપ પધારશો તેવું નક્કી હોય તો જ લેવા આવવું !’’ આ રીતે શ્રમણ ભગવંતોને બાંધી શકાય નહીં.

સમય પર લેવા જનારને લાભ મળવાની શક્યતા ઘણી બધી હોય છે, અને કદાચ મહાત્મા ન પધારે તો પણ **જીરણ** શેઠની જેમ ભાવના-વિનંતીના કારણે પુણ્ય અવશ્ય બંધાય છે. આમાં સમય બગડતો નથી, પણ જન્મ સુધરી જાય છે !

**મહાત્મા ગોચરી માટે પધારે ત્યારે...**

પહેલાના કાળમાં સુશ્રાવકોના ઘરનાં બારણાં કાયમ ખુલ્લાં જ રહેતાં. સાધુ-સંત, અતિથિ-અજાણતો ગમે ત્યારે એમનાં આંગણે આવી શકતાં. તુંગિયા નગરીના સુશ્રાવકોનાં ઘરો ‘અભંગદ્વાર’વાળા હતાં, એવું શ્રી ભગવતીસૂત્ર આગમમાં જણાવ્યું છે. પૂજામાં પણ એ વાત ગુંથાયેલી છે, **‘તુંગિયા-ભંગ-દુવાર.’** આજે કાળ વિષમ આવ્યો છે. કુટુંબો વિભક્ત બન્યાં છે. ગામ છોડીને શહેરોમાં ઈન-બિન-તીન મેંબરો એક ઘરમાં વસવા લાગ્યા છે. તેથી સુરક્ષાદિ કારણે બારણાં બંધ રાખવાનું શરૂ થયું છે. તેથી જરા પદ્ધતિ પણ બદલાઇ છે.

જ્યારે મહાત્મા ઘરે પધારે ત્યારે તેઓ બેલ તો વગાડવાના જ નથી. હવે જો ઘરનાં બારણાં બંધ હોય, તો ન છૂટકે ખખડાવવાં જ પડે. વર્તમાનમાં તો લૉક-સીસ્ટમવાળા બારણા વધી ગયા હોવાથી ઘણી જગ્યાએ ખખડાવવું પણ ન ફાવે; ટકોરા મારે, તો ય તમે જો છેક અંદર હો, તો ન સંભળાય; ‘ધર્મલાભ’ પણ એકદમ મોટેથી બોલવું સંયમીને માટે પ્રાયઃ અનુચિત હોવાથી

ગોચરી માટે સાધુ જાય ત્યારે કોઈના ઘરે બેસતા નથી. (દશ.)



એમાં એમને સંકોચ થાય એ સ્વાભાવિક છે; જોકે ખખડાવી શકાય એવું બારણું હોય તો પણ જોરથી ખખડાવવામાં સંયમીને સંકોચ થાય. બીજું, હવે બેલથી જ બધે કામ ચાલતું હોવાથી આ ખખડાવવાનો અવાજ આજુબાજુના જૈનેતરોને ન પણ ગમે એવું બની શકે; એટલે બપોરનો જે ૧૧ થી ૧નો ગોચરી સમય છે. એમાં શક્ય હોય તો મોટું બારણું ખુલ્લું રાખવું જોઇએ. સુરક્ષાના કારણે બંધ રાખવું જ પડે તો જે જાળીવાળું બારણું હોય તે બંધ રાખી શકાય.

મહારાજ સાહેબ પહેલે માળે આવી ગયા છે, અને તમારું ઘર ત્રીજે-ચોથે માળે છે, - તમને સમાચાર મળી ગયા છે, તો મહારાજ સાહેબ તમારા ઘરે પધારે, ત્યાં સુધીની ૫-૧૦ મિનિટના ગાળામાં, બે-ચાર રોટલી બનાવી દેવી, દૂધ-મીઠાઈ ફ્રીઝમાંથી કાઢી લેવાં, દાળ-શાક ગરમ કરી દેવાં, ગેસ પર થતા હોય તો ઝટપટ ગેસ બંધ કરી દેવો. આવું કશું જ ન કરવું.

વળી તે તે વસ્તુઓ પ્લેટફોર્મ કે કબાટમાં હોય, ત્યાંથી નીચે ઊતારીને વહોરાવવા માટે બધું તૈયાર કરી રાખવું, ‘ભૂલી ન જવાય’ એવું વિચારી આ રીતે મૂકી રાખવું તે પણ બરાબર નથી. તેમાં મહાત્માને દોષ લાગે છે.જે વસ્તુ જ્યાં પડી હોય તે ત્યાં જ ભલે રહી. અંદરથી બહાર પણ ન લાવવી. સંયમી પધારે પછી જ લવાય; એ વખતે જેનો જેનો જોગ હોય તેની વિનંતી કરીને તેમાંથી મહાત્માના ખપ પ્રમાણે વહોરાવી શકાય. સચિત્તનો (જીવવાળી વસ્તુનો) સંઘટ્ટો હોય અને એ ટાળવા માટે એમની જાણબહાર જીવવાળી વસ્તુ અલગ કરી, નીચે/બીજે મૂકી દેવાય તો પણ એ દોષ તે વસ્તુ વહોરનાર-વાપરનાર મહાત્માને લાગે જ.

ઘરે માનીતા મહેમાન આવે તો તમે કેવો આવકાર - આદર આપો છો? ખુશ-ખુશાલ થવાથી તમારું મોઢું કેવું પ્રસન્ન-પ્રસન્ન બની જાય; તરત ઊભા થઈ જાઓ ને ‘આવો, આવો, પધારો’ બોલો છો ને ? તો સંયમી પણ તમારે ઘરે પધારેલા મોંઘેરા મહેમાન છે; ‘ધર્મલાભ’ શબ્દ સંભળાય એટલે તરત ઊભા થઈ જવું; તેમને જોતાંની સાથે હરખાયેલા થઈ ‘૫-૭ ડગલાં આગળ જઈ બે હાથ જોડી ‘મત્થએણ વંદામિ’ કહી ‘પધારો, પધારો’ કહેવું; ‘મહાત્માજી પધાર્યા છે’ એમ મોટેથી બોલીને ઘરના સૌને તરત જાણકારી આપી દેવી. શક્ય એટલા બધાને ભેગા કરીને ક્રમશઃ બધાના હાથે ગોચરી વહોરાવવી. બિમાર, વૃદ્ધ, તપસ્વી, શ્રાંત (થાકેલા) અને વરસાદના સમયે રાહ જોઇને

સાધુ આજે મારા ઘરે પધારશે એ વાત જેમને ખબર ન હોય ત્યાં જ સાધુ ગોચરી માટે જાય છે. (દશ.)

ઊભા રહેલા મહાત્મા દેખાય તો તેમને થોડી વિશ્રાંતિ મળે તે માટે આસન, ખુરસી વગેરેની વિનંતિ કરવી જોઇએ. તેઓ લાભ આપે તો તેનો લાભ તમને મળે. ન પણ આપે તો પણ વિનંતિ કરી તેનો લાભ તો મળે જ.

**નામપૂર્વક સર્વ વસ્તુની વિનંતી કરવી જોઈએ :**

સાધુ ભગવંત વહોરવા પધારે ત્યારે જે જે યોગ્ય વસ્તુ હોય તે બધી વસ્તુઓ બરાબર યાદ રાખીને નામપૂર્વક વિનંતી કરે. જો શ્રાવક નામપૂર્વક વિનંતી ન કરે તો અમુક વસ્તુ ઘરમાં હોવા છતાં અને સાધુ ભગવંતને જરૂરિયાત હોવા છતાં લાભ ન મળે. સાધુ ભગવંત કોઈ વસ્તુ માંગીને વહોરે નહિ કારણ કે અમુક વસ્તુની જરૂર છે એમ નામપૂર્વક ગૃહસ્થ પાસેથી માંગીને વહોરવામાં સાધુ ભગવંતને 'યાચના' નામનો દોષ લાગે. ઘણા સાધુ ભગવંત પોતાને જરૂરિયાત હોવા છતાં યાચીને લેતા નથી. આયંબિલમાં બલવણ જેવી વસ્તુની જરૂર હોય તો પણ માંગીને ન વહોરે. ગૃહસ્થ વિનંતિ કરે તો વહોરે નહિ તો એના વિના ચલાવી લે. **શ્રાદ્ધવિધિ-ધર્મસંગ્રહ** ગ્રંથમાં શ્રાવક માટે આ વિધિ બતાવી છે.

**રસોઈ તૈયાર ન હોય તો પણ લાભ મેળવી શકાય :**

એ વખતે જો ઘરમાં અમુક કે કશી જ રસોઈ તૈયાર ન હોય તો- પણ ગભરાઈ-શરમાઈ ન જવું, 'મહારાજ સાહેબ! રસોઈ બાકી છે એમ કહી બહારથી જ વિદાય આપવાની ગંભીર ભૂલ ક્યારેય ન કરવી. ઘર આવેલી લક્ષ્મીને મોઢું ધોવાના વાંકે કાંઈ ના થોડી જ પડાય ! પરિસ્થિતિ હોય તે પ્રમાણે, પણ જેટલો વધુ લાભ મળે- 'ફૂલ નહિં તો ફૂલની પાંખડી'- એ સમજીને ય જે પણ વસ્તુનો જોગ થઈ શકે તેવું હોય તેની એક વાર વિનંતી તો કરી જ લેવાય. શ્રાવકને તો વહોરાવવાના સાચાભાવે માત્ર વિનંતી કરવાથી પણ પુષ્કળ લાભ - પુણ્યબંધ થાય જ છે અને પાછું, મોટે ભાગે શ્રાવકના ઘરે એવી અનેક વસ્તુઓનો જોગ હોઇ શકે છે કે જેની વિનંતી કરી શકાય, અને મહારાજ સાહેબને તે તે વસ્તુઓનો ખપ પણ હોઈ શકે છે.

દા. ત. ખાખરા, ઘી, ગોળ, સૂંઠ, પીપરામૂળ, હળદર, દિવેલ, મરી, સાકર, ખાંડ, ઈલાયચી, લવીંગ, ધાણાજીરું. આ બધું તો લગભગ ઘરે-ઘરે હોય જ. એ ઉપરાંત દૂધ પણ ફ્રીઝની બહાર પડ્યું હોય; છુંદો, મુરબ્બો, સીંગની ચટણી, મેથી-મસાલો હોય; કેળાં લાવેલાં છૂટાં જ પડ્યાં હોય;

સાધુ ગોચરીના વખાણ પણ નથી કરતાં, નિંદા પણ નથી કરતા. (દશ.)



સુખડી-ચીકી વગેરે કોઈપણ પ્રકારની મીઠાઈ, સેવ-મમરા, પૂરી વગેરે ફરસાણ(નમકીન) કરેલાં તૈયાર હોય; દાળિયા, ચણા, સીંગ, પતાસા, સિંધાલૂણ, હીંગ વગેરે ઘર-વપરાશ માટે આવેલાં પડ્યાં હોય; તો આ બધી વસ્તુની પણ મહારાજ સાહેબને વિનંતી કરી શકાય. એવું પણ ન માનવું કે 'ખાખરા, દૂધ, ચા વગેરે તો નાસ્તાની વસ્તુ છે. એ બપોરે થોડી જ વહોરાવવાની હોય ?' કારણ કે ઘણા મહાત્માઓ એકાસણાદિના તપસ્વી હોય છે. એ જ પ્રમાણે તૈયાર થઈ ગયેલા ભાત-દાળ વગેરેની વિનંતી સવારે પણ કરી શકાય. આ રીતે મહાત્મા ઘરે પધારે ત્યારે સર્વ પ્રથમ દરેક વસ્તુની વિનંતિ કરીને ક્રમસર એક-એક વસ્તુ ભાવ પૂર્વક વહોરાવવી.

આ બધી વસ્તુ યાદ ન આવે, તો જેટલી વસ્તુ તમારી નજર સામે છે. તેટલી વસ્તુની ભારપૂર્વક વિનંતી કરવી. 'મહારાજ સાહેબ! આપને બીજો કોઈ ખપ છે ? મને યાદ નથી આવતું. આપ કહેશો તો મને લાભ મળશે.' આવી વિનંતી જોઈને પૂજ્યો તે તે વસ્તુ માટે પૂછે, અને એ જો તૈયાર અને સૂઝતી હોય તો તમને પૂરો લાભ મળી જાય.

યાદ રાખવું કે આમાનું કશું ય 'લાભ મળી જાય'- તે માટે રાખવાનું/કરવાનું નથી પણ ઘરે કાયમ વપરાતું હોય તેમાંથી જ વિનંતી કરવી, લાભ મેળવવા તમારા ઘરમાં નવો વપરાશ ચાલુ કરો તો પછી મહારાજ સાહેબને ઊલટો વધુ દોષ લાગે, માટે આત્મસાક્ષીએ નિર્દોષ વહોરાવવાની જ ભાવના રાખવી અને તેમ જ કરવું.

**ગોચરી વહોરવા પધારે ત્યારે ઘરમાં શું કરાય શું ન કરાય ?**

મહારાજ સાહેબ પધારે ત્યારે લાઈટ-પંખો વગેરે ચાલુ હોય તો બંધ ન કરવાં, અને બંધ હોય તો ચાલુ ન કરવા, જે જેમ હોય તેમ જ રહેવા દેવું. વચ્ચે કાચા પાણીની ડોલ પડી હોય કે શાકભાજી, અનાજ વગેરે સચિત્ત (જીવવાળી) વસ્તુઓ પડી હોય, તો એ બિલકુલ હલાવવી નહિ, અને અડવું પણ નહિ. મહારાજ સાહેબ પોતાની મેળે જ અંદર આવી જશે. થોડીક જગ્યા તો ચાલવા માટે મળી જ જાય ને ? જો ઉપર બતાવ્યા પ્રમાણે ન કરો, અને પૂજ્યો આવે ત્યારે વધુ પ્રકાશ માટે લાઈટ ચાલુ કરી દો કે ઝટ ઝટ લાઈટ પંખા, બંધ કરી દો કે ડોલ વગેરે બાજુ પર હટાવો, તો તેમને દોષ લાગે. કારણ કે એકવાર સ્વીચ બંધ કરવાની તો વિરાધના છે જ પછી પાછી, ચાલુ કરવામાં પણ વધુ વિરાધના થશે જ, તેથી એ વખતે

દોષવાળી ગોચરી સારી હોય તો પણ સાધુ તેનો ત્યાગ કરે. (દશ.)

બંધ કરો કે ખસેડો, તો તમને સાવ જ લાભ ન મળે.

કદાચ કોઈ વસ્તુ સાધુ ભગવંત રોજ ન વહોરતા હોય તો પણ તેની વિનંતિ તો અવશ્યમેવ કરવી જોઈએ. કેમ કે કોઈવાર તપ-બીમારી વગેરે કારણે જે વસ્તુ રોજ ન વહોરતાં હોય તે દિવસે તેમને આવશ્યકતા હોય તો તમે વિનંતિ કરી હશે તો વહોરી શકશે. પણ. 'મહારાજ સાહેબ તો વસ્તુ વહોરતા જ નથી માટે તેની વિનંતિ પણ કરવી જ નહીં'. આવો ખોટો વિચાર ન કરવો. તેમજ કોઈ તે વસ્તુની વિનંતી કરતું હોય તો તેને આવી રીતે 'ના' ન પાડવી જોઈએ અને જે વસ્તુ સાધુ ભગવંત વહોરતા ન હોય તેને માટે 'તમે આ કેમ નથી વહોરતા ?' એમ વારંવાર પૂછવું નહીં. તેમની અનુકૂળતા મુજબ ઉપાશ્રયમાં જઈને વિવેકપૂર્વક પૂછવું.

એ જ પ્રમાણે ગેસ પર દૂધ-દાળ આદિ કંઈ પણ ગરમ થતાં હોય, એટલે કે ગેસ ચાલુ હોય, તો એ વહોરાવવા માટે ગેસ બંધ કરવો નહિ. જો કરો, તો પણ એ દૂધ-દાળ મહારાજ સાહેબને ન ચાલે. પૂજ્યો પધાર્યાની જાણ થયા પહેલાં જો તમે પોતાની મેળે જ કામ પતી જતાં ગેસ બંધ કરી દીધો હોય, તો જરૂર વહોરાવી શકાય.

હા, મહારાજ સાહેબને વહોરાવી રહ્યા હોઈએ ને બીજી બાજુ દૂધનો ઊભરો આવે; તો દૂધ ઢોળાઈ ન જાય; એ માટે તમે ગેસ બંધ કર્યો હોય તો મહાત્મા એ દૂધ ન વહોરી શકે અને ગેસ વગેરે બંધ કરનારના હાથે પણ ન વહોરી શકે. મુખ્ય માર્ગે તો તે ઘરે પછી કશું જ ન વહોરાય. આપવાદિક-સંયોગ હોય તો બીજી સૂઝતી વ્યક્તિના હાથે વહોરી શકે છે. મુખ્ય વાત એ છે કે મહાત્મા નિમિત્તે કોઈ પણ ગેસ લાઈટ વગેરે બંધ-ચાલુ ન કરવાં. એ રીતે બારણું ખોલવા જતાં કે વહોરાવતાં પણ કોઈના પગ કાચા પાણીના છાંટા પર કે લીલોત્તરી વિ. સચિત્ત(જીવવાળી વસ્તુ) પર પડે નહિ કે તે કાચા પાણી, લીલોતરી વગેરેને અડે નહીં, તેનો ખાસ ખ્યાલ રાખવો.

કૂકરમાં દાળ-શાક બફાઈ ગયાં હોય; પણ મસાલો કરવાનો બાકી હોય. તો એની પણ વિનંતી કરી શકાય. ઘણી વાર એવું ય બને કે, કોઈ કોઈ મહારાજ સાહેબોને એસીડીટી કે બીજી કોઈ બિમારીના કારણે મહારાજ સાહેબને મોળાં દાળ-શાક વગેરે જરૂરી હોય તો તે લઈ શકે પણ તમે કહી દો કે 'મહારાજ સાહેબ! તૈયાર નથી, તો તમે લાભથી વંચિત રહી જાઓ.





એમ વઘાર બાકી હોય તેવા ય ખમણ, ઢોકળાં, પાતરાં, કે માત્ર પૂરણપોળી(વેડમી)નું પૂરણ વગેરે દ્રવ્યોની વિનંતી કરી લાભ લેવાય.

**ઘરના દરેક સભ્ય વહોરાવી શકે છે :**

આજે મોટા ભાગે 'ઘરમાં દાદી/મમ્મી જ વહોરાવે' એવું ઘણી જગ્યાએ થવા માંડ્યું છે. ઘરે દાદા/પપ્પા, દીકરા/દીકરી, પૌત્ર/પૌત્રી વગેરે ઘણાં હાજર હોય તો ય તેઓ વહોરાવવા ન આવે બધા પોતપોતાના કામમાં મસ્ત રહે, કાં તો, બધા ત્યાં જ દૂર ઊભા રહી ખાલી જોયા કરે. આ બરાબર ન ગણાય. દરેકને ''વહોરાવવાનો લાભ મને પણ મળવો જોઈએ.'' એવી ઈચ્છા અને ઊછળતાં ભાવો હોવા જોઈએ! મોટા શ્રીમંતોના ઘરોમાં શેઠિયાઓ સોફા પર બેસી છાપું વાંચતા રહે કે ટી.વી. જોતાં રહે અને રસોઈયાને ઓર્ડર કરી દે કે 'મારાજ ! મહારાજને વહોરાવી દે જે !, તો તે કેટલું બેહુદું કહેવાય !

બીજી વાત એ કે જો આ દીકરા/દીકરીઓને વહોરાવવાની ટેવ નહિ પાડી હોય, આવડત-સૂઝ નહિ કેળવાવી હોય; તો જ્યારે ઘરે તેઓ એકલાં જ હશે, દાદી/મમ્મી નહિ હોય; ત્યારે જ જો મહારાજ સાહેબ વહોરવા પધારશે; તો ગભરાઈ જશે કે સંકોચ પામશે. 'દાદી/મમ્મી ઘરે નથી.' એમ કહીને મહારાજ સાહેબને બહારથી જ રવાના કરી દે, એવું ય બને. એમને એટલી પણ સમજ નહિ આવે કે 'દાદી/મમ્મી ન હોય, પણ વહોરાવવા જેવી ઘણી બધી વસ્તુઓ તો તૈયાર જ છે, અને એ તો હું પણ વહોરાવી શકું.'

એના બદલે હવે; જો એમણે જાતે અનેકવાર વહોરાવ્યું હશે; તો પૂજ્યો આવે ત્યારે એમને સંકોચાદિ નહિ થાય. એ તો હોંશે હોંશે તેમને અંદર લઈ જઈ ખૂબ ભક્તિથી ઘણું બધું વહોરાવી શકશે, માટે ઘરની દરેક વ્યક્તિને સાથે વહોરાવવાના સંસ્કાર પાડવા. દાદી/મમ્મીએ વારાફરતી દીકરા/દીકરીઓને કહેવું કે, 'લે બેટા! તું આ વહોરાવ. તું આ વહોરાવ.' આવું અનેકવાર બનતું રહેવાથી તેઓને ય વહોરાવતાં આવડી જશે. પછી ભલે ને ગમે ત્યારે દાદી/મમ્મી ન હોય; તો પણ કોઈ જ વાંધો નહિ આવે.

ઘણી વખત વહોરાવતા શીખવાડતા હોય ત્યારે પણ દાદી/મમ્મી દીકરા/દીકરીઓને રોટલી જેવી વસ્તુ જ વહોરાવવા માટે આપે ને દાળ-શાક જેવું

હોય તો તરત અટકાવી દે. 'તું બાજુ પર જા! આ તને નહિ ફાવે, ઢોળી નાખીશ.' એમ કહી દે... આ રીત પણ ખોટી. દાળ-શાક કે ગમે તે ચીજ વહોરાવતાં નીચે એક ટીપું પણ ન જ પડવું જોઈએ એ વાત સાચી; પણ દાળ તરપણીમાં લેવી કે શાક પાત્રામાં મૂકવું એ ક્યાં અઘરું છે કે એમને ન આવડે ? હા, ત્રણ-ચાર વર્ષની નાની ઉંમર હોય હજી એમને ન ફાવે; પણ પાંચ-સાત કે વધુ ઉંમરવાળાને તો કેમ ન ફાવે ? અરે ! નાની ઉંમરવાળાને પણ બરાબર વહોરાવતા ધીરે ધીરે શીખવાડી જ શકાય ને ? અને એમ પણ મહારાજ સાહેબ પધારે એટલે તરત ઘરમાં વપરાતો એક ચોખ્ખો પાટલો આગળ મૂકી તેની ઉપર એક થાળી મૂકીને જ વહોરાવવાનું બહુમાન જાળવવું જોઈએ. કદાચ પ્લેટફોર્મ કે ટેબલ જેવું હોય તો વધુ સારું; તેની ઉપર જ થાળી મૂકી શકાય અને એમાં ભૂલથી ક્યારેક એકાદ બે ટીપાં પડી જાય તો ય ત્યાં આ રીતે જયણા સચવાઈ જાય. હા, એટલું ખાસ ધ્યાન રાખવું કે થાળી એવી જ લેવી કે તમારા માટે જમવા વગેરે કામમાં ઉપયોગમાં લેવાની હોવાથી સ્પેશિયલ પાછળથી ધોવામાં ન જાય.

ટૂંકમાં, ગોચરી વહોરાવવાનો ધર્મ માત્ર દાદી-મમ્મી સુધી જ મર્યાદિત ન રહેવો જોઈએ; પણ ઘરની પ્રત્યેક વ્યક્તિમાં એવી આવડત હોવી જ જોઈએ કે ઘરે આવેલા મહારાજ સાહેબને નિઃસંકોચપણે, નિર્ભય બનીને એ બધી જ વસ્તુ સારી રીતે વહોરાવી શકે.

**સંઘટ્ટાનો વિવેક :**

સાધુ મ. પાત્રા કે તરપણીને અડકેલા હોય તો બહેનો એને ન અડી શકે પણ ન અડેલા હોય તો બહેનો પાત્રું હાથમાં પણ પકડી શકે, તરપણીને પણ અડી શકે. વસ્તુ વહોરાવવામાં અનુકૂળતા રહે, એ માટે ઘણીવાર પાત્રા-તરપણીને અડવું-પકડવું જરૂરી બનતું હોય છે; એટલે બહેનોએ આ બાબત વિશેષથી ધ્યાનમાં લેવી. એમ ભાઈઓએ પણ સાધ્વીજી મ. માટે સમજવું.

રસોડાનું પ્લેટફોર્મ સ્થિર-પથ્થરનું બનેલું હોય તો તેને જમીન માનીને જ સમાન વ્યવહાર કરાય.

જમવાનું (ડાયનિંગ) ટેબલ ગમે તેટલું સ્થિર ગણાતું હોય તો પણ તેની ઉપર વસ્તુની લે-મૂક કરવાથી સૂક્ષ્મ કંપ ઉભો થવાથી સૂક્ષ્મ વિરાધનાનો દોષ સંભવે છે, માટે આવા ટેબલો પર સચિત્ત વસ્તુઓ પડી-મૂકેલી હોય

સૂર્યાસ્ત પછી સાધુ મનથી પણ આહાર-પાણીની ઈચ્છા કરતા નથી. (દશ.)



તો સંયમીઓએ પોતાનાં પાત્રો કે તરપણી આદિ તે ટેબલ પર મૂકવા ઉચિત નથી. અચિત્ત વસ્તુઓ પડી હોય તો હજુ ટેબલ પર મૂકીને વહોરે તો બાધ જણાતો નથી.

એમ ટેબલ પર એક બાજુ સંતરાં, કાચું પાણી વગેરે હોય, બીજી બાજુ દાળ શાકની તપેલી વગેરે હોય; તો હળવે રહીને એ તપેલી લઈ વહોરાવી શકાય. એમાં કોઈ દોષ ન લાગે. એ ટેબલ વગેરે હલવા ન જોઈએ. ટેબલ ન હલે, તો સંતરાં વગેરે પણ ન હલે. તો પછી હિંસાદિ દોષો ન લાગે. એ જ રીતે સ્થિર-અચલ પ્લેટફોર્મ વગેરેને એકબાજુ સાધુ મ. સાહેબ અડેલા હોય તો ય દૂરની બાજુથી ટેબલ પર કાંઈ મૂકવું-લેવું હોય તો તે બહેનો આરામથી કરી શકે છે; પણ ધક્કો લાગવાથી સહેજ પણ હલી જાય તો પછી સંઘટ્ટો થાય જ, માટે તેનું બરાબર ધ્યાન રાખવું. માત્ર વસ્તુ કે ટેબલ વગેરે સ્થિર જોઈએ હલવા ન જોઈએ જો હલે એવા ન હોય તો જ સંઘટ્ટો થયો ન ગણાય. એટલે સંઘટ્ટાનો ખોટો ભય-ભ્રમ મગજમાંથી કાઢી નાંખવો.

**વહોરાવતા સમયે ધ્યાન રાખવા યોગ્ય કેટલીક વિશેષ બાબતો :**

દૂધ વગેરે વહોરાવતી વખતે ફૂંક મારીને મલાઈ ખસેડાય નહિ. માટે જો મહારાજ સાહેબને ખપ ન હોય તો સામેથી જ ના પાડશે અને એ વખતે હળવે રહીને મલાઈ પાછી કરીને દૂધ વહોરાવાય અથવા તો આપણે કોઈ ચમચી- ચમચા વાપરવા લેવાના જ હોય તો તેનો ઉપયોગ કરવો; પણ જો પછી તે ચમચી સીધી ધોવામાં જ જાય તેવું હોય તો એ રીતે ન વહોરાવવું. અને એવું ય ન કરવું કે 'ચાલો વહોરાવવા માટે ઉપયોગ કરીને પછી કંઈને કંઈ કામમાં લઈ લેશું. એવું વિચારવું એટલે કે ખરેખર જે ચમચીની જરૂર પડવાની હોય તે જ વાપરવી. ચમચી ખરેખર વાપરવાની ન હોય કે પછી ધોવામાં જવાની હોય તો દૂધની તે મલાઈ કાળજીપૂર્વક ખસેડવી; પછી એ રીતે વહોરાવ્યા બાદ સહેજ હાથ ખરડાયેલો હોય અને સાફ કરવો પડે એવું લાગે તો તે વખતે કાચા પાણીથી ન ધોતાં રસોડામાં મસોતું કે એવું કોઈ પણ તેવા પ્રકારના વપરાશ માટેનું જ કપડું હોય તો તેનાથી જ હાથ લૂછી લેવાય. આ જ વાત બીજી પણ દરેક ચીજ વહોરાવ્યા બાદ સમજી લેવી.

અને જો મહારાજ સાહેબ 'મલાઈ ન આવે' એ રીતે લેવાનું ન જણાવે તો તો પછી તે દૂર કરવાની જરૂર રહેતી નથી. હા, એટલું ધ્યાન રાખવું

વિગઈનો નિત્ય ઉપભોગ કરવાથી બ્રહ્મચર્ય ગુણ પર આપત્તિ આવે છે. (દશ.)

કે તે વહોરાવતા પાત્રું (તરપણી, ચેતનો વગેરે) બહારથી ખરડાય નહિ, રેલો ઊતરે નહિ, તે માટે પણ ચમચીનો ઉપયોગ (ઉપર જણાવેલી- 'પછી કામમાં આવવાની' શરતે) કરી શકાય.

કદાચ વહોરાવ્યા પછી દૂધ, દહીં, ઘી, દાળ આદિ પ્રવાહી દ્રવ્યોના છાંટા પડે કે, કોઈ વસ્તુ ઢોળાઈ જાય તો ત્યારે પણ કાચા પાણીનો ઉપયોગ કર્યા વગર વિવેકપૂર્વક સાફ કરવું જોઈએ.

એકાસણું-બેસણું કરવા બેઠાં હોઈએ, અને મહારાજ સાહેબ પધારે, એટલે આપણે બેઠાં બેઠાં જ વહોરાવી શકીએ, બીજાને બોલાવીને પણ વહોરાવી શકીએ.

જમતા હોઈએ અને મહારાજ સાહેબ આવે તો હાથ ધોવાય નહિ, બીજા ચોક્ખા હાથથી વહોરાવી શકાય. એ વખતે ડાબા હાથે વહોરાવવામાં પણ કોઈ જ વાંધો નથી.

પગમાં બૂટ / ચંપલ / સેન્ડલ વગેરે પગરખાં હોય તો તરત જ તે ઊતારીને વહોરાવવાનો વિવેક કે ભાવ અવશ્ય રાખવો જોઈએ. ઘરનાં સ્લીપર્સ કે એવાં બીજાં કોઈપણ પગરખાં વહોરાવતી વખતે પહેરેલાં તોય તો તે ન ચાલે. આજે કેટલાક બાળકોના પગરખાંમાં ઈલેક્ટ્રોનિક લાઈટો અને સાઉન્ડ સિસ્ટમ મૂકેલી હોય છે. તેનાં પગરખાં ઊતાર્યા બાદ પણ એના હાથે ન વહોરાય.

બહેનો જો એમ.સી. માં હોય, તો ભલે પોતે ન વહોરાવી શકે પણ આજુબાજુમાંથી જૈન-અજૈન કોઈને પણ બોલાવીને એમના હાથે તો ચોક્ખી રસોઈ; સૂકી ચીજ વગેરે પણ વહોરાવડાવી જ શકે છે. એમ.સી.માં બહેનોથી રસોઈ તો શું, કોઈપણ ઘરકામ ન કરાય. ઘણા સ્થલે એમ.સી. પળાતી નથી. તેવા ઘરોમાં બહેને પોતે જ રસોઈ કરી હોય તો તે પૂજ્યોને ન ચાલે. એમ.સી.વાળી સ્ત્રીનું મુખદર્શન કરવું, તેની જોડે વાર્તાલાપ કરવો મહાત્માઓ માટે વર્જિત છે. માટે સ્ત્રીઓએ તે અંગેનો ઉચિત વ્યવહાર કડકાઈથી પાળવો હિતાવહ છે.

ગર્ભવતી બહેનને છેલ્લો મહિનો ચાલતો હોય અને મહાત્મા ગોચરી પધારે ત્યારે એ બેઠી હોય તો, એની પાસે વહોરાવવાની કોઈ વસ્તુ હોય તો એ બેઠી બેઠી વહોરાવી શકે છે. એને કોઈ વસ્તુ લાવી આપે તો પણ એ બેઠી બેઠી વહોરાવી શકે છે. તેને તથા ગર્ભને કોઈ તકલીફ ન પડે તેવી





રીતે વહોરાવે, તો દોષનું કારણ નથી. એને હલન-ચલન, ઊઠ-બેસ કરવી પડતી હોય તો તેની પાસે કોઈ પણ વસ્તુ ન વહોરાય.

**વહોરાવવાની ભાવના :**

ઘણાને વહોરાવવાની ગતાગમ ન હોવાથી પૂરતું બનેલું હોવા છતાં ઓછું-ઓછું જ વહોરાવે. એમ ન સમજે કે 'મારો ખોરાક ભલે ઓછો હોય, પણ મહારાજ સાહેબ તો એકાસણાદિ કરતા હોય કે, ઘણા બધા (મોટા સમુદાય) માટે પણ ગોચરી વહોરવાની હોય, વગેરે કારણે એમને તો વધુ વહોરવાનું હોઈ શકે છે.'

એટલે તમારો ભાવ તો એવો જ હોવો જોઈએ કે, 'મહારાજ સાહેબના પાત્રામાં આપણી બધી જ રસોઈ વહોરાવી દેવી. આવો લાભ ક્યારે મળવાનો?' એટલે ધારો કે ૧૦ રોટલી તૈયાર હોય, તો દસે દસ એક-સાથે ઉપાડી વહોરાવવાની તૈયારી રાખવી. મહારાજ સાહેબ એક જ જગ્યાએથી વિશિષ્ટ કારણ અથવા સંયોગ સિવાય આ રીતે બધી જ રોટલી નહિ વહોરે; ના જ પાડશે, પણ વહોરાવીને ય અથવા માત્ર ભાવથી વિનંતી કરતાં જ પુષ્કળ લાભ મળી જશે, માટે તમારે વહોરાવવામાં કચાશ ન રાખવી.

એવું જ શાક-દાળ-ભાત વગેરે બધામાં સમજી લેવું, અને જો પૂરો લાભ મળી પણ જાય તો ભોજનના એ અવસરે ઘરમાં તૈયાર કોઈ બીજી પડેલી સૂકી વસ્તુથી ચલાવી લેવું પણ ફરી કંઈ નવું ન બનાવવું કે જેથી મહારાજ સાહેબને શ્રાવકે નવું બનાવવું પડ્યું - તે અંગેનો કોઇ દોષ લાગે. વળી, વહોરાવ્યા પછીનું વાસણ સીધું ધોવામાં ન લેવું, બીજામાં ઉપયોગ કરી શકાય. હાથ પણ સચિત્ત પાણી કે ભીના કપડા વગેરેથી સાફ ન કરવા.

**વિનંતિ તમારી, નિર્ણય સાધુ ભગવંતનો :**

'મહારાજ સાહેબને કઈ વસ્તુ ચાલે અને ન ચાલે ?' એમાં કેટલીક વાર એવું હોય કે જુદા જુદા ગચ્છો-સમુદાયો-ગ્રુપોની સામાચારી કે પ્રણાલિકા જુદી જુદી હોય, એટલે એવી બાબતમાં શ્રાવકે એકદમ આમ જ ચાલે, આમ ન ચાલે - તેવો એકાંત નિર્ણય ન બાંધવો.

❖ કેટલાક સમુદાય ટામેટાં વાપરે, કેટલાક નહીં....
❖ કેટલાક બાર તિથિ લીલોતરી ત્યાગે, કેટલાક પાંચ તિથિ ત્યાગે....
❖ કેટલાકને કિસમિસ (દ્રાક્ષ) ખપે, કેટલાકને નહીં....
❖ કેટલાક સફરજન વાપરે, કેટલાક ન વાપરે...

❖ તિથિ-ભેદને કારણે પણ કેટલાકની ચૌદસ મંગળવારે, કેટલાકની બુધવારે આવે તેથી તેઓ પોતપોતાની માનેલી ચૌદશે લીલોતરી ન વહોરે, બીજી ચૌદશે વહોરે...

એટલે તમારી તો ફરજ એ જ કે વિવેકપૂર્વક તૈયાર બધી વસ્તુની વિનંતી કરવાની. સંયમીએ શું વહોરવું ? શું ન વહોરવું? એ એમણે નક્કી કરવાનું છે. હા, કંઈક જાણવાની ઈચ્છા થાય, તો રૂબરૂમાં જઈને ચોક્કસ પૂછી શકાય.

જન્મ-મરણ વગેરે ઘટનામાં રસોઈ વગેરે વહોરાવાય કે નહીં ? આ પ્રશ્ન ઘણાને થતો હોય છે. આ વિષયમાં પણ જુદા જુદા ગચ્છો-સમુદાયો-ગ્રુપોની જુદી જુદી સામાચારી-પ્રથા હોઈ શકે, એટલે તમારે એક જ કામ કરવાનું કે - 'મહારાજ સાહેબ! અમારા ઘરે આ પ્રમાણે છે, તમારે ચાલશે? ચાલતું હોય, તો તો અમારે લાભ લેવો જ છે.' એ ખુલાસો કરી લેવો. પછી મહારાજ સાહેબ જે કહે તે પ્રમાણે કરી શકાય.

દા.ત. ઘરે દાદાનું મૃત્યુ થયાને બે દિવસ થયા છે ને મહારાજ સાહેબ ગોચરી માટે પધારે, તો કહેવું કે, 'મહારાજ સાહેબ! દાદાજીના મૃત્યુને બે દિવસ થયા છે, તો આપશ્રીને અમારા ઘરનું વહોરવામાં કોઈ બાધ નથી ને ?'

જો મહારાજ સાહેબ ના પાડે, તો નહિ વહોરાવવું, અને જો તેઓ એમ કહે કે 'ગોચરી વહોરાવી શકાય,' તો ચોક્કસ લાભ લેવો.

ટૂંકમાં આ બાબતમાં 'ન જ વહોરાવાય' એવો નિર્ણય કે 'વહોરાવી જ શકાય' એવો નિર્ણય ગૃહસ્થોએ જાતે ન કરવો, એ બધું પધારનાર મહારાજ સાહેબ ઉપર જ છોડી દેવું.

જો ભૂલથી સચિત્ત વસ્તુ (દા.ત. કાચું મીઠું વગેરે) અને અભક્ષ્ય વસ્તુ (દા.ત. કાળ પસાર થઈ ગયેલી મીઠાઈ- ફરસાણ વગેરે) વહોરાઈ જાય, તો સંયમી એને પાછું આપી શકે છે, અને એ તમે પાછું લઈ પણ શકો. સચિત્ત અને અભક્ષ્ય (તેમજ અનાચીર્ણ) વસ્તુનો ધર્મલાભ ન ગણાય, વહોરેલી ન ગણાય. શ્રમણો તે પાછી આપી શકે છે. તે આપે તો તમારે લઇ લેવી જોઇએ.

**આયંબિલનો લાભ લેવા માટે :**

ઘરમાં બધા આયંબિલ ન કરી શકતા હોય પણ આયંબિલની અનુમોદના- આસ્વાદન માટે એવી તો બાધા લઈ શકે કે 'મારે રોજ એક રોટલી લૂખી ખાવી.'





ઘરમાં લૂખી રોટલીઓ બનતી હોય અને રહેલી હોય તો ક્યારેક આયંબિલવાળા મહાત્માનો લાભ મળી શકે. તમારા માટે જ બનેલી લૂખી રોટલી પૂજ્યોને વહોરાવ્યા પછી લૂખી રોટલી ન હોય તો તમારે ખાવા માટે બીજી નવી લૂખી રોટલી ન બનાવવી, પણ એના બદલે ખાખરો કે લૂખા ભાત વગેરે કાંઈ પણ લૂખું વાપરવું, માટે નિયમ એવો લેવો કે 'રોજ એક લૂખી રોટલી વાપરવી.' વહોરાવવાને કારણે કે દીવાળી વગેરે પર્વને કારણે લૂખી રોટલી ન હોય તો એક લૂખો ખાખરો કે એકલા ભાત (દાલ વગેરે મીક્ષ કર્યા વિના) વગેરે કાંઈપણ લૂખું વાપરવું.

એમ જો ભાતનું ઓસામણ નીકળતું જ હોય, તો એ તરત ફેંકી ન દેવું, કોઇ વાર આયંબિલના તપસ્વી વગેરેનો લાભ મળી જાય; આવી બાબતોમાં એ ખાસ ખ્યાલ રાખવો કે લાભ મળે માટે લૂખી રોટલી ખાવી કે ભાતનું ઓસામણ કાઢવું એવું ક્યારે ય ન કરવું પણ પોતાની આરાધના માટે કરવું અને જો ઘરમાં એવી વસ્તુ બનતી જ હોય તો તેની વિનંતી કરવાનું ન ચૂકવું.

શક્ય હોય તો ઘરમાં બધાએ ઉકાળેલું પાણી વાપરવું. ઘરની બહાર ન ફાવે, તો પાણસ્સના પચ્ચક્ખાણ ભલે ન લઈએ પણ જ્યારે પણ ઘરમાં પાણી પીવાનું હોય ત્યારે તો ઉકાળેલું જ પીવું. આવો આચાર કેળવી લેવાથી અવસરે અવસરે નિર્દોષ પાણી વહોરાવવાનો પણ લાભ તમને મળતો રહે. મુંબઈમાં રહેનારા ઘણા શ્રાવકો એવા છે કે જેમના ઘરમાં કાચા પાણીનાં માટલાં જ રાખેલાં નથી. બધા ઉકાળેલું જ પાણી વાપરે છે.

**ચોવિહાર સાંજની ગોચરી :**

આજે રાત્રિભોજન ત્યાગવાળા ઘરો ઓછાં-ઘણાં ઓછાં થઈ ગયાં એટલે સંયમીઓને સાંજની ગોચરી એમાંય નિર્દોષ ગોચરી ઘણી જ દુર્લભ થઈ ગઈ છે. આવા સંયોગોમાં વિવેકી સુશ્રાવકોએ સુયોગ્ય ઉપાયો વિચારવા જોઇએ. જેમકે -

❖ ચોવિહારવાળાઓએ સાંજે વિનંતી કરવા જવું જ, અને ઘરો બતાવવાં.
❖ બધા ન કરી શકે તો પણ ઘરે રોજ એકાદ જણે તો રાત્રિભોજન ત્યાગ કરવો જ જેથી બધાની રસોઈ વહેલી બની જાય.
❖ રાત્રિભોજન ન જ છોડી શકાય ત્યાં એટલું તો કરી શકાય કે રસોઈ તો

સૂર્યાસ્ત પૂર્વે બનાવી જ દેવી.રાત્રે બનાવવું અને રાત્રે ખાવું એમ બે-બે પાપમાંથી એક પાપથી તો બચી શકાય ને ? (રાત્રે ખાવાની જેમ રાત્રે રાંધવું એ પણ એક મોટું પાપ છે. રાત્રે ખાવામાં 'રાત્રિભોજન' નામનું મોટું પાપ લાગે છે, તો રાત્રે રાંધવામાં 'વિરાધના-આરંભ' નામનું મોટું પાપ લાગે છે.)

**માંગલિક વગેરે ક્યારે સાંભળવું ?**

ગોચરીએ પધારનાર મહાત્માજી પાસે માંગલિક સાંભળવાનો કે ગુરુ-પૂજનનો કે પચ્ચક્ખાણ લેવાનો આગ્રહ ન રાખવો. એ વખતે અંતરાયનો દોષ લાગે. (મોટા તપનું પારણું કે કોઇની મોટી બીમારીએ સમાધિ આદિ માટે છૂટ લેવાય.) એમ ઘરદેરાસર હોય તો પણ 'દર્શન માટે પધારજો' એટલું જ કહી જાણ માત્ર કરવી. એ વખતે દર્શન કરવા દરેક સંયમી માટે અનુકૂળ કે શક્ય ન પણ બને, માટે તેમાં ઔચિત્ય અને વિવેક રાખવો.

**કયા ઘરોમાં ગોચરી લઈ જશો ?**

મહારાજ સાહેબે ઉપર-નીચે, આજુ-બાજુ જૈનનાં ઘર ન પણ જોયાં હોય, એટલે એમની સાથે ઘર બતાવવા જવું. અરે! જોયાં પણ હોય તો ય, ભલે આપણે જાતે કદાચ વિનંતી કરીને મહારાજ સાહેબને સાથે લાવ્યા નથી, પણ એકવાર ઘરે પધારે પછી તો છેક ઉપાશ્રય સુધી સાથે ફરીને પાછા વળાવવાં જવું જોઈએ. જો કદાચ એવી અનુકૂળતા ન જ હોય તો પણ છેવટે આપણી ગલી, કે માળ સુધી કે ૧-૨ ઘર સુધી (૭-૮ પગલાં પણ જવું જ.) તો પાછળ જઈને ય ઔચિત્ય-બહુમાન સાચવવું જ જોઈએ.

ઘરે વેવાઈ કે જમાઈ આવે ત્યારે પાપબંધ કરાવે તેવો પણ કેવો વ્યવહાર સાચવો છો ? અહીં તો લખલૂટ પુણ્યોપાર્જન અને પુષ્કળ નિર્જરાનો લાભ લેવા કરવાનું છે. તો એ કેમ ચુકાય ? માટે, સાથે જઈને મૂર્તિપૂજક-સ્થાનકવાસી- તેરાપંથી-દિગંબર, તમામના ઘરો બતાવવાં. અરે, એટલું જ નહિ, આજુબાજુમાં રહેતા પરિચિત+ભાવિક જૈનેતરોને પણ પહેલેથી આ વાત સમજાવી રખાય કે, ''અમારા મહારાજ સાહેબ ઘરોમાં ગોચરી વહોરવા પધારી શકે. તમારા ઘરે પણ જે કાંઈ તૈયાર હોય તેમાંથી એમને ખપે તેવું હોય, તે તમે પણ વહોરાવીને લાભ લઈ શકો; એઓશ્રી બધાનાં ઘરમાંથી થોડું થોડું જ વહોરે; અમારા ઘરેથી પણ બધું ન લે, કારણ કે 'એમના





નિમિત્તથી ફરી બીજું બનાવવું પડે કે કોઈ રહી જાય એવું પાછળ ન થાય'- તે જોવું એ એમની મર્યાદા છે. નવું કંઈ (રોટલી વગેરે) નહીં બનાવવું અને એમના માટે બનાવીને પણ ન રખાય, આપણું રાંધેલું કે બીજું સૂકું - પાકું જે હોય તેમાંથી જ વહોરે.'' ઈત્યાદિ વાત પરિચિત, ભાવિક જૈનેતરોને પહેલેથી સમજાવવી ! અને પછી એ લોકોને ત્યાં પણ મહારાજ સાહેબને ચોક્કસ લઈ જવા જોઈએ.

'એ જૈનેતરો કાંદા-બટાકાં ખાય છે, તો એમના-ઘરે ગોચરી કેમ જવાય?' એવું તમારે નહિ વિચારવાનું. જેમ જૈનોના ઘરે પણ ઘણી ય સચિત્તાદિ અકલ્પ્ય-અભક્ષ્ય વસ્તુ હોય જ છે ને ? પણ મહારાજ સાહેબ એ ન વહોરે, બાકી ખપ પ્રમાણે ભક્ષ્ય નિર્દોષ તો વહોરે ને ? એમ જૈનેતરોના ઘરોમાં પણ તેઓ કંદમૂળાદિ નહીં જ વહોરે, પણ રોટલી વગેરે તો લઈ જ શકે. (એમાં ક્યાં આદુ-લસણ આવવાનાં છે ?) એ બધી તપાસ પણ પૂજ્યો જ કરી લેશે, તમારે તો માત્ર જૈનેતરોના ઘરોમાં તેમનો પ્રવેશ કરાવી આપવાનો. હા, એમને સામાન્ય સૂચનો કરી શકાય કે 'તમારા ઘરે જે કંઈ રસોઈ બનાવી હોય, સૂકું-પાકું પડ્યું હોય, ખાખરા, મમરા, નમકીન, મીઠાઈ વગેરે કે દૂધ વગેરે હોય, તો એવું મહાત્માને ખપશે.'

ધ્યાનમાં રાખવું કે જૈનેતરોને પણ પૂજ્યો પ્રત્યે અનહદ ભક્તિભાવ હોય છે, પરંતુ 'જૈન સાધુ/સાધ્વીજી તો જૈનોમાં જ જાય,આપણે તો જૈનેતર, આપણું ન ખપે./ ન લે.' આવું ગેરસમજભર્યું વલણ બની ગયું હોવાથી તેઓ ગોચરીની વિનંતી કરતા નથી. બાકી જો એકવાર એમને ખબર પડે કે, 'જૈન સાધુ-સાધ્વીજી તો આપણે ત્યાં પણ વહોરે,' તો તો પછી તેઓ દિલ દઈને વહોરાવે. કેટલાય ગામડાઓ એવાં છે કે જ્યાં એક પણ ઘર જૈનનું ન હોવા છતાં અજૈનો જ સાધુ-સાધ્વીજીની ખૂબ જ સુંદર ભક્તિ કરે છે.

એવા અનેકાનેક અનુભવો થયા છે કે, ''જૈનેતરો પહેલાં તો મહાત્માને એમ કહે કે 'જૈનનું ઘર ત્યાં છે,' પછી પૂજ્યો સમજાવે કે 'અમારે તો તમારું પણ ચાલે.' તો તરત વહોરાવવા તૈયાર થાય અને પછી તો જૈન કરતાં પણ વિશિષ્ટ ભક્તિથી વહોરાવે. એમ વખત જતાં યોગ્ય રીતે વહોરાવતા થઈ જાય. અરે! ઘણીવાર તો આવો લાભ મળતાં આગળ વધીને પોતાના ઘરમાંથી કાયમ માટે કંદમૂળ-અભક્ષ્યાદિનો બહિષ્કાર કરી

દેવા સુધી પહોંચી ગયાના ય દાખલા બને છે ! આમ જૈનેતરોનાં ઘરે સાધુ-સાધ્વીજીને વહોરવા લઈ જવા તે શરૂમાં અઘરું ભલે લાગે, કદાચ ૧- ૨ વાર ૧-૨ ઠેકાણે કંઈક અંશે નિષ્ફળતા જેવું પણ મળે પણ પ્રયત્ન ચાલુ રાખશો તો જાતે (અનુમોદનાનાં) મીઠાં ફળ ચાખવા મળશે.

એમાં વળી એવું નથી કે જૈનોના ઘરે ગોચરી પૂરતી ન થવાથી અજૈનોમાં જવું પડે, પણ તેમના હૃદયમાં જિનશાસન વસે, બોધિબીજની વાવણી થાય તે માટે આ ખૂબ ઉપયોગી અનુષ્ઠાન છે; 'આ એક જબરદસ્ત શાસન પ્રભાવના જ છે !' તે ભૂલવું નહિ !! અહીં જૈન-આગમ-શાસ્ત્રોની મર્યાદા બરાબર ધ્યાનમાં રાખવી કે પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો જૈન-અજૈનોના ઉચ્ચ, મર્યાદા સંપન્ન, સંપૂર્ણ શાકાહારી કુળો (ઘરો)માં ગોચરી લેવા જઈ શકે છે.

માંસાહારી, નિંદા, જુગુપ્સનીય, અવિશ્વાસુ અને અપ્રીતિવાળાં કુળો (ઘરો)માં ગોચરી લેવા ન જઈ શકે.

આજકાલ જમાનાના રંગે રંગાઈ સારા સારા ઘરોમાં પણ ઈંડાં ખાવા, અભક્ષ્ય ખાન-પાન (માંસાહાર) થવાના કિસ્સા વધી રહ્યાં છે, એવા ખાન-પાન જ્યાં હોવાની પાકી ખબર પડે તેવાં કુળો (ઘરો)માં પણ પૂજ્યોને ગોચરી માટે ન લઈ જવા યોગ્ય છે.

કદાચ કોઈને જૈનેતરોમાં લઈ જવામાં શરમ આવે વગેરે કારણો હોય તો ય કમ સે કમ જૈનોનાં ઘર તો બતાવવાં જોઈએ.

**ઘરો બતાડવા જઇએ તે સમયનો વિવેક :**

મહારાજ સાહેબને જ્યારે ઘરો બતાવવા જાઓ ત્યારે ખુલ્લાં પગે ચલાય તો અતિસુંદર, ન ફાવે તો ય પાણી-વનસ્પતિ (ઘાસ)- અનાજના દાણા-કીડી વગેરે ની તમારાથી પણ વિરાધના / સંઘટ્ટો ન જ થાય તે સાચવવું અતિ આવશ્યક. વળી એમાં ક્યાંય બેલ ન મારવો. હાથથી ખખડાવીને કે બૂમ પાડીને બારણું ખોલાવવું. સાથે જવામાં પણ બને ત્યાં સુધી બીજાના રસોડામાં અંદર ન જવું. માત્ર ઘર બતાવવા પૂરતાં સાથે રહીએ એ ઉચિત છે. હા! અજૈનોનાં ઘરે પહેલીવાર જવાનું થતું હોય કે જૈનોનાં ઘરે પણ કંઈ અગવડતા હોય ને તમને અંદર બોલાવે તો ચોક્કસ જવાય.!

તમારા ત્યાંથી મહારાજ સાહેબ વહોરી ગયા પછી ફોન કરીને કે બૂમ





પાડીને આગળ આગળના ઘરે સમાચાર ન મોકલવા, કેમ કે આગળના ઘરવાળાઓ વહેલા સમાચાર મળવાથી પૂર્વે કહ્યા મુજબ ગરબડ (અસૂઝતું) કરવા માંડે, એ શક્ય છે. એના બદલે પૂજ્યો જ્યારે જેના ઘરે પહોંચે, ત્યારે જ તેને ખબર પડે, એવું કરવું. એમ વળી "મ. સાહેબ વહોરવા આવ્યા ? આવશે ? અમારા વતી વિનંતી કરજો !" આવા બધાં સમાચાર પણ મોબાઈલ/ફોન દ્વારા પૂછાવવા /જણાવવા નહિ ! સામાન્ય સંજોગોમાં જે નિયમો હોય તેમાં વિશેષ સંયોગોમાં ફેરફાર થઈ શકે છે. શાસ્ત્રોમાં તેવા ફેરફારોને 'અપવાદ'નું નામ અપાયું છે. વિશિષ્ટ કારણે જ્યારે અપવાદ સેવાય ત્યારે તેમાં કોઈ પ્રશ્ન હોતો નથી.

**ખાવા પીવાની છૂટછાટના પરિણામો :**

જૂના જમાનામાં હોટલો-લારીઓ કે રેડીમેડ ફાસ્ટ કે જંક ફૂડ ન હતા; એટલે ખાવાની તમામ વસ્તુઓ ઘરે જ બનતી, એટલે ગોચરીનો લાભ ઘણો મળતો, વળી સંયુક્તકુટુંબ હોવાથી બધાની જુદી જુદી પસંદગીને સંતોષવા અનેક વસ્તુઓ બનાવવામાં આવતી, એટલે એ રીતે પણ ગોચરીનો લાભ પુષ્કળ મળતો. મોટા પરિવારમાં વસ્તુઓ પણ પૂરતા પ્રમાણમાં જ બનતી.

આજે ઘણા લોકો બહાર ખાતાં થયા, ઘરે પણ બહારનું લાવીને ખાતાં થયા, એ બધી વસ્તુઓ લગભગ અભક્ષ્ય બને, એટલે આચારો ઉચ્છૃંખલ બન્યા, તેની પાછળ વહોરાવવાનો અમૂલ્ય લાભ પણ ગુમાવવાનો થયો, કારણ કે પૂજ્યો ક્યારેય અભક્ષ્ય વસ્તુઓ ન જ વહોરે.

જે શ્રાવકો સંસારરાગવશ રવિવાર વગેરે રજાના દિવસોમાં હોટેલ વગેરેમાં જઈને ખાતા હોય તેમણે પણ બાકીના દિવસોમાં તો ઘરે જ ભક્ષ્ય ખાન-પાન રાખવાં. આટલું થશે તો તેટલા દિવસોમાં ય સુપાત્રદાનના લાભથી વંચિત નહીં રહેવાય.

ભક્ષ્ય વસ્તુ પણ ફ્રીઝમાં મૂકેલી હોય, તો કોઈ ફાયદો નહિ. હવે તો ગૃહસ્થો સૂંઠ વગેરે પણ ફ્રીઝમાં મૂકી દે છે. પૂજ્યોને પણ ક્યારેક ઔષધાદિ માટે 'એનો જોગ છે ?' એવા પ્રશ્ન કરે તો શરમથી ના પાડવી પડે કે 'ફ્રીઝમાં છે.' એવું જ દૂધ-મીઠાઈ વગેરે બાબતમાં પણ બને છે તમને ખબર નથી કે ફ્રીઝ એ વાસી-અભક્ષ્ય ખાવાનો પરવાનો છે. તેમાં શ્રાવકજીવનમાં ન શોભે એવી પુષ્કળ વિરાધના છે. માટે ઘણા દિવસો સુધી વસ્તુઓ પડી

રાખવાના લોભે આવા ફ્રીઝરોનો ઉપયોગ કરવો ઉચિત તો નથી જ. છતાં, તમે ફ્રીઝને સદંતર બંધ ન જ કરી શકો, તો ય એટલો તો સંકલ્પ કરી શકો કે જે જે વસ્તુઓની અન્ય કોઈ ઉપાયો વડે સાચવણી શક્ય હોય એવી વસ્તુઓ તો ફ્રીઝમાં ન જ મૂકવી. તથા શક્ય બને તે વસ્તુઓ, જે ગોચરી નીકળવાનો સમય હોય ત્યાં સુધીમાં ફ્રીઝમાં ન મૂકવી. થોડી રાહ જોવી. ટૂંકમાં જાતે જ ફ્રીઝનો ઉપયોગ ઘટાડીને/બંધ કરી દો તો સહજ લાભ મળે.

તમે શ્રાવકજીવનના આચાર ન પાળો, એમાં મહારાજ સાહેબને પોતાના આચારો પાળવામાં વધારે ને વધારે કષ્ટ પડવાનું તે નક્કી છે.

- ❖ શિયાળા સિવાય કોથમીર વગેરે બંધ છે, અભક્ષ્ય છે છતાં તમે જો બારેમાસ શાક-દાળમાં કોથમીરાદિ વાપરો તો દાળ-શાક કેવી રીતે વહોરાવી શકશો ?
- ❖ બે આઠમ-બે ચૌદશ-સુદ પાંચમ : એમ મહિનાના પાંચ દિવસે લીલોતરી ન જ વાપરવી જોઈએ, પણ જો તમે તિથિ ન પાળો, આ પાંચ દિવસોમાં પણ ઘરે લીલાં શાક વાપરો, દાળમાં પણ લીલોતરી નાંખો, તો દાળ-શાક કેવી રીતે વહોરાવી શકશો ?
- ❖ એ પાંચ તિથિ સિવાય પણ પર્યુષણા, ચૈત્ર-આસો માસની નવપદજીની ઓળી, ત્રણ ચોમાસીની અટ્ઠાઈના દિવસો મૌન-એકાદશી, જ્ઞાનપંચમી વગેરે મહાપર્વોના દિવસોમાં ય સર્વલીલોતરી-ત્યાગનો શ્રાવકાચાર ઘરમાં ચુસ્તપણે પળાવવો જોઈએ.

(ખાસ ધ્યાન રાખવું કે લીલોતરીમાં માત્ર લીલાં શાક-ભાજી જ નહિ, પરંતુ લીંબું, લીલો લીમડો, લીલાં મરચાં, કોથમીર, કાચાં-પાકાં ટામેટાં, કાચાં-પાકાં કેળાં, પપૈયું-કેરી વગેરે તમામ પ્રકારના કાચાં-પાકાં ફળનો પણ સમાવેશ થાય છે.)

- ❖ મીઠાઈઓમાં ખસ-ખસ વાપરો, ફાગણ ચોમાસી બાદના આઠ મહિનામાં (કાર્તિક ચોમાસી સુધી) પણ સૂકો મેવો નાંખી દો, તો એ ગૃહસ્થોને પણ ન ચાલે. (વર્ષા-ચાતુર્માસમાં તે જ દિવસે ફોડેલી બદામ તે જ દિવસે ખપી શકે. ઘી-તેલમાં સાંતળી કે તળી હોય તો ૧૫ દિવસ ચાલી શકે.)

તમે સંસારમાં અનેક પાપો કરો છો, એ બધાનો ભાર ઘટાડવા સુપાત્રદાન મોટું આલંબન છે.કમ સે કમ એ માટે પણ તમારી જીભની આસક્તિ





ઘટાડીને ભોજનસંબંધી શ્રાવકાચાર પાળવામાં મક્કમ બનવું ન જોઈએ ? એમાં ય ઘરમાં તો પાળવા જ જોઈએ ને ?

**ધાર્મિક-સાંસારિક પ્રસંગોમાં પણ ભક્ષ્યાભક્ષ્ય વિવેક જરૂરી છે :**

ઘરે મહેમાનો જમવા આવવાના હોય ત્યારે કે કોઈકના જન્મદિવસ નિમિત્તે વિશિષ્ટ વસ્તુ બનાવી હોય, તપશ્ચર્યા કે લગ્નાદિ પ્રસંગ નિમિત્તે કુટુંબ- પરિવારાદિનું જમવાનું ગોઠવ્યું હોય- આ બધા પ્રસંગોમાં તો વિનંતી કરવા જઈને મહારાજ સાહેબનો લાભ ખાસ લઈ શકાય. તદ્દન નિર્દોષ અને ઉત્તમ એવાં દ્રવ્યનો લાભ તો ભાગ્યે જ મળતો હોય.

પણ એ તો ત્યારે શક્ય બને કે જો આવા દરેક પ્રસંગોમાં ૧૦૦% અભક્ષ્ય-ત્યાગનો નિયમ બરાબર પળાય તો ! દર વખતે તમે કેટરર્સને સોંપી દો તો એ જયણાની દૃષ્ટિએ જરા પણ ઉચિત નથી. રસોડામાં બનતી પ્રત્યેક ચીજ ઉપર તમારી પાકી નજર હોવી જોઈએ. કેટરર્સો વગેરેને મોટે ભાગે જીવદયા સાથે કોઈ લેવાદેવા હોતી નથી. તેઓ જૈનોની ભક્ષ્યાભક્ષ્યના નિયમો, મર્યાદા વગેરે અંગે પણ અજાણ હોય છે, દહીં, કઠોળ, દ્વિદળ, વાસી વગેરે જાણતા નથી હોતા. પરલોકાદિની તેમને ચિંતા હોતી નથી, શું ઘરનું ને શું બજારનું-તેમને મન એક જ હોય છે, માત્ર કામ કરવું ને રૂપિયા કમાવવાનું જ લક્ષ્ય હોય છે. બધી બાબતોમાં ચોક્કસ કાળજી ન રાખવાના કારણે ઘોર હિંસા થતી હોય છે. ધાર્મિક પ્રસંગોમાં ય શ્રાવકોને પણ ન ખપે એવી કેટલીય ચીજો આજે ચાલવા માંડી છે.

દા.ત. ઉનાળામાં કેરીનો રસ હોય એમાં બરફ નાંખેલો હોય. ક્યાંક વળી અંદર ન નાંખતાં, વાસણની ચારે બાજુ બરફ મૂકી દે. બરફ તો અભક્ષ્ય હોઈ શ્રાવકને પણ ન ચાલે. વળી ઓર્ડરથી મંગાવતાં, રસમાં કાચું + વાસી દૂધ નાખે અને એવું દૂધ નાંખેલો રસ જો કઠોળ સાથે વાપરવામાં આવે તો દ્વિદળ સ્વરૂપ અભક્ષ્ય થાય. શ્રીખંડમાં પણ કાચું જ દહીં મોટેભાગે હોવાથી કઠોળજન્ય વસ્તુ સાથે ખાવાથી અસંખ્ય વિકલેન્દ્રિય જીવોની હત્યા અને તેમનો ખોરાક કરવાનું મહાપાપ કપાળે ચોંટે છે.

- ❖ આવું જ પાણી, છાશ, બાસુંદી વગેરે મીઠાઈઓ, માવો, માટે પણ બનતું હોય છે. તૈયાર બાસુંદી, રબડી, વગેરે ‘આજની છે’ એમ કહીને વાસી પણ આવતી હોય છે.

❖ ચૂરમાના લાડુ મૂઠિયા વાળી, તળી, ભૂકો કરી એમાં ખાંડ / ગોળ ભેગાં કરીને બનાવાતાં હોય છે પણ એ બીજે દિવસે ન ચાલે, ભૂક્કો કર્યા બાદ એ ચૂરમું ફરી એકવાર ગેસ પર બરાબર શેકી નાંખવું પડે, તો જ ચૂરમું કડક થતાં બીજા દિવસે ચાલે. નહિતર તેમાં પાણીનો અંશ રહેવાથી વાસી થાય છે.

❖ મીઠી બુંદી પોચી બનાવવા માટે હવે કાચી ચાસણી રાખવામાં આવે છે, એ ય બીજા દિવસે ન ચાલે. ત્રણ તારવાળી પાકી ચાસણી જોઈએ. 'એક-બે અને ત્રણ તારવાળી ચાસણી' એટલે શું ? એ અનુભવી લોકો-શ્રાવકાદિ પાસે જાણવું - શીખવું જોઈએ. બંગાળી મીઠાઈઓ રસગુલ્લા, ગુલાબજાંબુ, સૂતરફેણી, જલેબી, વગેરે કાચી ચાસણીવાળાં જ હોવાથી બીજે દિવસે ન જ ખપી શકે.

❖ જો માવો કાચો હોય, એટલે કે બરાબર શેકીને લાલ ન કર્યો હોય તો એવો માવો તેમજ એની બરફી, પેંડાં વગેરે મીઠાઈ એ જ દિવસે ચાલે, બીજે દિવસે એવી મીઠાઈ માવો અભક્ષ્ય થઈ જાય. મોટે ભાગે અત્યારે માવાની મીઠાઈઓ અભક્ષ્ય જ હોય છે, કેમ કે બધાને કાચા માવાની પોચી મીઠાઈ જ વધુ ભાવે એટલે પોચી જ મીઠાઈ બનાવે, અને તેવી પોચી મીઠાઈ તે જ દિવસની બનેલી મળવી મુશ્કેલ છે. બીજું બજારૂ માવો મોટે ભાગે વાસી જ હોય, સસ્તો માવો બનાવવા બટાકાં બાફીને તેનું છીણ કરી માવામાં મિક્સ કરાય છે. ખુદ માવો વેચવાવાળાએ જ આ રહસ્યોદ્ઘાટન કર્યું છે.

❖ છાશ, દહીંવડાં, રાયતું, ચટણી વગેરે દહીંની ચીજો બનાવવા માટે દહીં બરાબર ઉકાળાતું નથી અને કાચા દહીં સાથે વડાં, ભજિયાં, દાળ, પાપડ વગેરે ભેગાં થતાં દ્વિદળનું મોટું પાપ ચોંટે છે. આંગળી નાંખતાં દાઝી તરત ફોલ્લો પડી જાય તેવું ગરમ થાય તો જ તે દહીં ઉકળ્યું કહેવાય અને તેમાં દ્વિદળ ન થાય. જમણવારો આદિમાં દહીંનાં વાસણો ઉકાળી જ લેવાં જોઇએ, જેથી વાસણો ધોવાની ચોકડીમાં પણ દ્વિદળ ન થાય, આવો વિવેક ધર્મી જયણાવંત જૈનોમાં રહેતો.

બહુ જ સ્પષ્ટ ભાષામાં એમ કહી શકાય કે કોઈ પણ ધાર્મિક પ્રસંગ નિમિત્તે જમણવારમાં તમે જે મેનું તૈયાર કરો, એ જાણકારને બતાવી જ દેવાનું. જાણકાર 'આ વસ્તુ બનાવવામાં આટલી કાળજી રાખવી, નહિતર





તો અભક્ષ્ય થાય વગેરે વગેરે માર્ગદર્શન આપી પાપથી બચાવી શકે છે.

એમ તમારા સાંસારિક પ્રસંગોનો જમણવાર પણ આ રીતે બહુશ્રુત જાણકાર શ્રાવકના માર્ગદર્શનપૂર્વક જ કરવો જોઈએ. યાદ રાખો, ધર્મમાં સંસાર નહીં પણ સંસારમાં ધર્મ ઘુસાડવાથી આત્માની ઉન્નતિ થાય છે.

તમારે તીર્થયાત્રા માટે કે ફરવા માટે ગમે ત્યારે જવાનું થાય, ત્યારે જો અભક્ષ્ય-ત્યાગ હોય તો પ્રાયઃ તમારી સાથે ઘરનો નાસ્તો હોય જ, ત્યારે જ્યાં પણ સંયમીઓનાં દર્શન થાય, ત્યાં વંદન માટે જઈ ગોચરી માટેની અવશ્ય વિનંતી કરવી. અરે ! રસ્તામાં વિહાર કરતાં મળે અને તમારે વંદન કરવા ઊતરવાનું થાય ત્યારે પણ વિનંતી કરી શકાય. આવો લાભ સૌથી વધુ કર્મક્ષય કરાવી આપે.

**કલ્પ્યાકલ્પ્ય, ભક્ષ્યાભક્ષ્યની કેટલીક જાણવા યોગ્ય વિશેષ જાણકારી**

જેનો રસ એટલે સ્વાદ ફરી ગયો હોય અને ઉપલક્ષણથી જેનાં વર્ણ-ગંધ-સ્પર્શ વગેરે બદલાઇ ગયાં હોય,તે બધી વસ્તુઓ ચલિત રસ કહેવાય છે. જે વસ્તુનો જે સ્વાભાવિક રસ હોય તેવો રસ ન હોય તે ચલિત રસવાળી વસ્તુ ખવાય નહિ કે વહોરાવાય નહિ.

દૂધીનો હલવો, સફરજનનો હલવો જે દિવસે બનાવ્યો હોય તે જ દિવસે કલ્પે. બીજા દિવસે ઢીલો રહેતો હોવાથી વાસી ગણાય. કેટલાક સ્થળે બુંદીના લાડવા, મોતીચૂર લાડવા વાળવા માટે પાણીથી હાથ ભીના કરે છે. તે રીતે કરતા હોય તો તે બીજા દિવસે ન ખપે. મહાત્માઓએ લાડવા ભાંગેલા જ વહોરવા. કેટલીક વાર ગરમ બંધાવાના કારણે અંદર ફૂગ બાઝી જાય તેમ બને છે.

જલેબીનો આથો મોટા ભાગે આગળના દિવસનો હોય છે. તેવા આથાવાળી જલેબી અભક્ષ્ય છે. તે જ દિવસના આથાવાળી જલેબી અભક્ષ્ય નથી.

ત્રણ તારની ચાસણી સિવાયનો મુરબ્બો અભક્ષ્ય છે. આર્દ્રા બાદ કેરી અને કેરીનો રસ તથા કાયમ માટે ડબ્બાનો તૈયાર રસ તથા બજારમાં મળતો રસ અભક્ષ્ય છે. કેરીના પાપડ અને ચિક્કીઓ આવે છે, તે આર્દ્રા પહેલાં બનેલા હોય અને એકદમ કડક હોય તો જ ખપી શકે.

ઉકાળેલું પાણી ફ્રીજમાં કે એ.સી.માં મૂકેલ હોય તો તે પાણી સચિત્ત

બનવાની સંભાવના હોવાથી તેવો વ્યવહાર ન કરવો.

બહારનો મેંદો, બેશન અને તમામ બજારું લોટ અભક્ષ્ય છે. સાંભળવા મુજબ કેટલાક લોટોમાં ફીશ (માછલી) પાવડર પણ નાંખવામાં આવે છે. સડેલા, પલળેલા અનાજમાં ધનેરા-ઈયળો ઘણી પડી ગઈ હોય છે. મોટે ભાગે તેમાંથી મેંદો-બેશન બનાવવામાં આવે છે. મેંદો, રવો (સોજી) અને લોટ બનાવતી મોટી-મોટી ફ્લોર મીલોમાં એના પાઈપો વર્ષોથી ફીટ કરેલા હોય છે, જેના માર્ફત લોટ બધે ફરે છે, તેમાં રીતસરની જીવાતો પડેલી જોવા મળે છે. આવી ફેક્ટરીઓમાં ઊંદરડા-વાંદા અને અન્ય કીડા-જીવાતો પણ અઢળક મરે છે.

આઈસ્ક્રીમ તૈયાર બિસ્કીટ-બજારની પીપરો વગેરે અને તૈયાર શરબતો અભક્ષ્ય છે.

તળેલા ફરસાણ કે મમરા-સેવ આદિમાં ઉપરથી જો કાચું મીઠું નાંખવામાં આવે તો સચિત્તના ત્યાગીને ન ખપે.

ટામેટાં, પપૈયાં, કાકડી, દાડમ, જામફળ, બહુબીજ અને અભક્ષ્ય નથી. પરંતુ રીંગણા, ખસખસ, કોઠીંબડાં, ટીંબરું, કરમદાં પંપોટા, અંજીર, બહુબીજ છે, માટે તે અભક્ષ્ય છે.

કાકડી-ટીંડોરાં આદિ શાક ને વઘારી તુરત જ નીચે ઉતારી દેવાય તો તે અચિત્ત બનતાં નથી, મિશ્ર રહે છે, તેથી તેવા કાચાં-પાકાં શાક ન વહોરાવાય જે સંપૂર્ણ ચઢી-સીઝી ગયાં હોય તે જ વહોરાવાય.

જેમાંથી તેલ ન નીકળે અને જેના બરાબર બે ફાડા થાય તે તમામ ધાન્ય કઠોળ કહેવાય, તેનાં લીલાં પાંદડાં પણ કઠોળ ગણાય. તેની સૂકવણી પણ કઠોળ ગણાય. ચણા-મગ-મઠ-અડદ-તુવેર-વાલ-ચોળા-વટાણા-ગવાર-મેથી-મસુર વગેરે કઠોળ છે તેની સાથે કાચાં દૂધ-દહીં-છાસ વપરાય તો દ્વિદળનો દોષ લાગે છે. મૂર્તિપૂજકોમાં કેટલાક ગચ્છવાળા કાચાં દહીં-છાસમાં જ દ્વિદળ માને છે પણ તપાગચ્છની સુવિહિત આચરણા મુજબ કાચું દૂધ પણ દ્વિદળ કરે છે માટે ત્રણે સાથે કઠોળનું મિશ્રણ ટાળવું. સ્થાનકવાસી-તેરાપંથીઓ મોટે ભાગે દ્વિદળમાં માનતા નથી, તેથી તેઓના સાધુ-સાધ્વી વહોરવા આવે અને કાચાં દૂધ-દહીં-છાસ તેમજ બેસણ વગેરે કઠોળ માંગે તો તેમને તે ન વહોરાવવું. પ્રેમથી આપણી માન્યતા જણાવવી. અન્ય





યોગ્ય વસ્તુ જરૂર મુજબ શ્રાવક આપી શકે છે.

પરંતુ ટેસ્ટફુલ-ચટાકેદાર-ન્યુ આઈટમો આરોગવામાં શોખીન બની ગયેલા માણસોને અભક્ષ્ય ભક્ષણમાંથી પાછા વાળવાનું કામ અશક્ય પ્રાયઃ બન્યું છે.

પ્રાયઃ કેળા સિવાયના દરેક ફળને સુધારીને બીજ કાઢ્યા પછી ૪૮ મિનિટ પછી જ વાપરી શકાય તે પહેલાં વપરાય નહી. સુધારીને ફ્રીજમાં મૂકવાની ભૂલ પણ ક્યારેય કરવી નહીં.

જે વસ્તુ વહોરાવી શકાય તેવી ન હોય તેવી તમામ સચિત્ત વસ્તુઓ એકાસણાં, બિયાસણાં આદિ પચ્ચક્ખાણમાં તેમજ સચિત્તના ત્યાગીથી વપરાય નહિ.

સંભારમાં કે ભેળમાં દાડમ નાંખ્યા હોય તો તે ન ખપે, કેમકે દાડમના બી ગરમ કરો, સિઝાવો તો પણ સચિત્ત જ રહે છે.

સંભારમાં પપૈયાની છીણ-મરચાં વિગેરે નાંખ્યા હોય, ને ચૂલે મૂકેલ ન હોય તો, ન કલ્પે.

ફા. સુ. ૧૪ પૂર્વે તલ ઓસાવેલ ન હોય, તો તેવા તલની બનાવેલી વસ્તુઓ ત્યારબાદના આઠ માસ સુધી અકલ્પ્ય છે.

ફા. સુ. ૧૫ થી કા. સુ. ૧૪ સુધી કોથમીર, ધાણા, ભાજી, તેમજ બદામ સિવાયનો તમામ મેવો અભક્ષ્ય કહેવાય છે. બદામ પણ ચોમાસામાં આજની ફોડેલી આજે જ ચાલે, બીજા દિવસે અભક્ષ્ય બને છે. આમાં કેટલાક ગ્રુપો અને સમુદાયોની કેટલીક આચરણા જુદી છે, તે અનુભવી પાસેથી જાણી લેવી.

આખા કાજુ, આખા લાડવા ન વહોરાવાય. તેના બે ટુકડા કરી વહોરાવાય. કેળામાં થોડુંક રાખીને વહોરાવવું અને વધેલું પોતે કે ઘરમાંથી કોઈએ વાપરી લેવું. સાધ્વીજી ભગવંતોને કેળાના ટૂકડા કરીને જ વહોરાવવા જોઈએ.

દાડમના બીજ બે ઘડી = ૪૮ મિનિટ પછી પણ સચિત્ત જ રહે છે. તે ખપે નહિ. તેનો રસ કાઢી ગરણીથી ગળ્યો હોય તો બે ઘડી પછી અચિત્ત થાય છે અને કલ્પ્ય બને છે.

જામફળ :- બીજ વગરનું હોય તો બે ઘડી પછી ખપે, અને તેનું શાક બીજ વગરનું હોય તો ખપે. એના બીજ માટે દાડમનો જ નિયમ છે.

દ્રાક્ષ :- બીજવાળી હોય તો બીજ કાઢ્યા બાદ બે ઘડી પછી ખપે. જે બીજ વગરની આવે છે તેમાં રેસા- તાંતણાસ્વરૂપ બીજ હોય છે. તેવી દ્રાક્ષના બે ફાડા કરેલ હોય તો બે ઘડી પછી ખપે અથવા ગેસ આદિ ઉપર એકદમ ઊકળતા પાણીમાં (માત્ર ઊકાળેલા પાણીમાં ધોવાથી ન ખપે) બાફેલ હોય તો તે દ્રાક્ષ ખપે. કેટલાક ગ્રુપો-સમુદાયોમાં ટીકાથી છૂટીપાડેલી ૪ દિવસ (??? વિનાની ત્રણ રેસાવાળી) દ્રાક્ષ લેવાનો રીવાજ ચાલે છે. તે ભેદ અનુભવથી જાણી લેવો.

**આજે બનાવેલી બીજા દિવસે અભક્ષ્ય બનનારી વસ્તુ :**

(૧) દૂધપાક (૨) બાસુંદી (૩)ખીર (૪) શ્રીખંડ (૫) દૂધમલાઈ (૬) પૂરણપુરી (વેડમી) (૭) દૂધીનો હલવો (૮) ગુલાબજાંબુ (૯) ઘારીપૂરી (૧૦) મીઠો માવો (૧૧) ચીકુનો હલવો (બજારનો અભક્ષ્ય પ્રાયઃ છે, કેમકે વાસી લોટ રાખે છે.) (૧૨) કેરીનો રસ (૧૩) લોચાપૂરી (૧૪) પરોઠા (૧૫) નરમ ભાખરી (૧૬) વધેરેલા શ્રીફળનું ટોપરૂં (૧૭) દાળિયા-પાણીનો અંશ-કોથમીર-મરચાની ચટણી (લિંબુરસ વિનાની) (૧૮) પાણીના થેપલાં (દહીંનાં બનાવેલાં થેપલાં બીજા દિવસે ખપે, ત્રીજા દિવસે ન ખપે.) (૧૯) પાણીનો અંશ જેમાં રહી જતો હોય તેવી તમામ વસ્તુઓ (૨૦) પાણી છાંટીને વરખ છાપેલી તમામ મીઠાઈઓ. (પાણી છાંટ્યા વગર ઘી વગેરેથી વરખ છાપ્યા હોય તો ચાલે.) (૨૧) ઘીમાં શેકીને બરાબર લાલ બનાવેલ ન હોય તેવો માવો. (૨૨) મુઠિયા બરાબર તળીને ભાંગીને શેક્યા વગર બનાવ્યા હોય તેવા ચૂરમાના લાડવા. (૨૩) શેકેલ પાપડ-સાળેવડાં (ખીચીયા), (૨૪) સમોસાં-ઢોકળાં વગેરે પાણીવાળી ચટણી. (૨૫) બંગાળી મીઠાઈ. આ બધામાં બીજા દિવસે બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ થઈ જાય છે. (૨૬) લાડવા બનાવી તે તુરત જ ડબ્બામાં ભરવાથી ગરમ હોવાથી વરાળ નીકળવાને કારણે પાણી થાય, એ પાણીના ભેજને કારણે બીજા દિવસે લાડવા ઉપર ફૂગ વળી જવાનો પૂરો સંભવ છે. પાણી પોતે એક એવી તાકાત ધરાવે છે કે એ જે પદાર્થની સાથે ભળે તે પદાર્થને ટૂંક સમયમાં જ સડાવી નાખે છે. પદાર્થો સડવા માંડે એટલે તેમાં ફૂગ વગેરે જીવોત્પત્તિ થવા માંડે છે.

આવી અનેક પ્રકારની વસ્તુ એક રાત પછી બીજા દિવસે વાસી બને છે. જે વસ્તુ વાસી બને તે અભક્ષ્ય કહેવાય. તે વપરાય પણ નહીં અને વહોરાવાય પણ નહીં.

હે સાધુ ! સંયમ જીવન દુષ્કર છે. કેમ કે અહીં માંગીએ તો જ મળે છે. (ઉત્ત.)



**ઉકાળેલું પાણી તેનો કાળ અને જયણા :**

પાણી ગળીને, ગેસ-સ્ટવ આદિ ઉપર બરાબર ત્રણ ઉકાળા (ઊભરા-ચા જેવા ઉકાળા) આવ્યા હોય તો જ તે ઉકાળેલું પાણી ગણાય છે. નહિ તો કાચું કહેવાય છે.

ઘણીવાર શ્રાવકો પૂછે છે કે, 'સાહેબજી ! પાણી વાપરવા જોઈએ છે ? કે પીવા માટે ?'

વાપરવા (કાપ કાઢવા આદિ કામમાં) જોઈએ તો ત્રણ ઉકાળાથી બરાબર ન ઉકાળેલું પાણી વહોરાવે અને પીવા માટે જોઈએ તો બરાબર ત્રણ ઉકાળાવાળું પાણી વહોરાવે છે. ખરેખર તો ત્રણ ઉકાળા સિવાયનું પાણી કાચું કે મિશ્ર કહેવાય, તે વહોરાવાય જ નહિ.

ત્રણે ૠતુમાં (શિયાળો-ઉનાળો-ચોમાસું) સૂર્યોદયથી સૂર્યાસ્તનો દિવસ ૪ પ્રહરનો હોય છે. રાતના પ્રહર કાઢવા હોય તો સૂર્યાસ્તથી બીજા દિવસના સૂર્યોદય સુધીના સમયના ચાર ભાગ કરવાથી એક પ્રહરનું માપ મળે.

| | | |
|---|---|---|
| પોરિસીના પચ્ચક્ખાણે | - | ૧ પ્રહર પૂર્ણ થાય. |
| પુરિમઢ્ઢના પચ્ચક્ખાણે | - | ૨ પ્રહર પૂર્ણ થાય. |
| અવઢ્ઢના પચ્ચક્ખાણે | - | ૩ પ્રહર પૂર્ણ થાય. |
| સૂર્યાસ્ત સમયે | - | ૪ પ્રહર પૂર્ણ થાય. |

તેમાં પણ શિયાળામાં પાણીનો કાળ ૪ પ્રહરનો હોવાથી સૂર્યોદય પછી જ પાણી ઊતારેલું હોય તો જ તે, સૂર્યાસ્ત સુધી ખપે.

ઉનાળામાં પાણીનો કાળ ૫ પ્રહરનો હોવાથી સૂર્યોદય પછી ઊતારેલું પાણી રાતના એક પ્રહર સુધી સામાન્ય સંયોગમાં સચિત્ત ન થાય.

ચોમાસામાં પાણીનો કાળ ૩ પ્રહર હોવાથી પહેલા કાળનું પાણી સૂર્યોદય પછી ઊતારેલું હોય તો અવઢ્ઢના પચ્ચક્ખાણ સુધી ખપે અને બીજા કાળનું પાણી પોરિસીના પચ્ચક્ખાણ પછી ઊતારેલું હોય તો જ સૂર્યાસ્ત સુધી ખપે.

ઉકાળેલું પાણી, જો કામળીકાળ વખતે ખુલ્લામાં લઈ ગયા હોય તો અથવા એકાદ કાચા પાણીનું ટીપું પડી જાય તો તે ઉકાળેલું પાણી કાચું બની જાય છે. પછી તે પાણી વહોરાવાય નહિ કે વપરાય નહિ.

ઉકાળેલું પાણી વહોરાવતી કે ગળતી વખતે બોલવાના કારણે મોઢામાંથી નીકળેલું થુંક પાણીમાં પડી જાય તો તે પાણીમાં ૪૮ મિનિટ બાદ સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય મનુષ્ય ઉત્પન્ન થાય છે, જે કાચા પાણી કરતાં પણ વધુ દોષવાળું બને છે, કારણ કે કાચા પાણીમાં મોટેભાગે અપ્કાયના એકેન્દ્રિય જીવો હોય છે.

ગોચરી જવા માટે સાધુ કદી શરમાય નહિ. (ઉત્ત.)

ગળ્યા વિનાના પાણીમાં બેઈન્દ્રિય વગેરે જીવોની પણ સંભાવના હોય છે.

જે ઘડામાં પાણી ભરવાનું હોય તે ઘડાને જોઈને કપડાથી કે પૂંજણીથી બરાબર પૂંજવો પછી વીછળવાનું ફરજિયાત નથી. વીછળવો હોય તો થોડું ઉકાળેલું પાણી નાંખી ઉપર પેક વાટકી રાખી તે પાણી હાથને ન અડે તે રીતે વીછળવો જોઈએ. અને ઘડામાં અંદર હાથ નાંખીને જો વીછળવામાં આવે તો હાથ મેલવાળો-પરસેવાવાળો હોવાથી તે વીછળેલા ઘડાના ભરેલા પાણીમાં ૪૮ મિનિટ સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય મનુષ્ય પેદા થાય છે. ઘડામાં ભરેલું પાણી જો ૪૮ મિનિટ સુધી સ્થિર રહે તો તેમાં પછી અસંખ્યાત સંમૂર્ચ્છિમ- પંચેન્દ્રિય મનુષ્યો પેદા થાય છે. જે ગ્લાસ દ્વારા પાણી વાપર્યુ હોય તે ચોક્ખા-ધોયેલા રૂમાલથી (સાડી,ધોતીયું, લુંગી, શર્ટ આદિથી નહિ.) લૂછીને પછી જ પાણી લેવું જોઈએ,તેમ ન કરવામાં આવે તો એંઠા ગ્લાસનું એકાદ પાણીનું ટીપું જો ઊડીને ઘડામાં જાય અને સ્થિર રહે તો ૪૮ મિનિટ પછી તે પાણી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય મનુષ્યવાળું બની જાય છે. તેથી ખૂબ જ ઉપયોગ રાખવાની જરૂર છે.

'લીંબુંનો રસ નાંખ્યો હોય તો ૪૮ મિનિટ બાદ અચિત્ત થઇ પાણીના કાળ જેટલું જ અચિત્ત રહે છે', તથા દહીંમાં કાચું પાણી નાંખી છાસ બનાવી હોય તો તે ૪૮ મિનિટ બાદ અચિત્ત થાય છે અને છાસના કાળ જેટલો ટાઈમ (દહીં કરતાં એક દિવસ વધારે) અચિત્ત રહે છે, અને પાણીમાં છાસની આછ થાય તેટલો ચૂનો નાંખ્યો હોય તો ૨૪ પ્રહર (૭૨ કલાક) સુધી અચિત્ત રહે છે.

**ઉત્સર્ગ અને અપવાદનો વિવેક :**

હવે કેટલીક મહત્ત્વની બાબતો જાણી લો.

❖ ઘરે મહેમાન આવે, તો મીઠાઈ બનાવાય, હોંશે હોંશે આગ્રહ કરીને ખવડાવાય પણ તમારા ઘરે ધારો કે હૃદયનો દુઃખાવો દૂર કરવા માટેની સોર્બિટ્રેટની ગોળી પણ હોય, તો શું એ મહેમાનને ખવડાવીશું ખરા ? આગ્રહ કરીશું ખરા ? નહિ જ. એમ, સંયમી એ મહેમાન છે. નિર્દોષ આહારાદિ એ મીઠાઈ છે, એ હોંશે હોંશે વહોરાવવાના જ છે પણ સંયમી માટે જ સ્પેશિયલ બનાવવામાં આવે, 'સંયમી આવવાના છે' એ લક્ષ્યથી રસોઈ વધારે/વહેલી બનાવવામાં આવે. તો આ દોષિત આહાર છે. એ સોર્બિટ્રેટ જેવી ગણાય. આવી દોષિત વસ્તુઓ બનાવવી જ નહીં અને





ખ્યાલ હોય તો એની સંયમીને વિનંતી પણ ન કરવી. લાભ લેવા માટે પણ આવું ગાંડપણ કરવું નહિ. એ વાસ્તવિક લાભ જ નથી.હા ! મહેમાનને છાતીમાં દુઃખાવો ઉપડે, તો તરત સોર્બિટ્રેટ અપાય, પણ ત્યાં ય ઓછામાં ઓછી ગોળીથી જ પતાવીએ ને ? ગોળી કંઈ શોખથી પેટ ભરીને ન ખવડાવાય. એમ સંયમીને માંદગી-લોચ-ઘડપણ-વિહાર વગેરે ખાસ તકલીફ હોય, તો ચોક્કસ ઉપયોગ રાખી કરવા જેવું કરી શકાય છે. એ પણ આપવાદિક જિનાજ્ઞાનું પાલન છે. એમાં પણ જેટલા ઓછા દોષથી પતે, એટલા ઓછા દોષથી પતાવવાનું લક્ષ્ય-પ્રયત્ન હોવા જોઈએ.

દુષ્કાળાદિ કારણે સંયમીને ગોચરી જ મળતી ન હોય, માંદગી વગેરેમાં ફળાદિ ચોક્કસ આવશ્યક વસ્તુ ન મળતી હોય ત્યારે મુખ્યમાર્ગે જે જે વસ્તુનો નિષેધ હોય તે આપવાદિક માર્ગે પહેલાં ઓછામાં ઓછો દોષ, એનાથી ન પતે તો મધ્યમ દોષ અને એનાથી પણ ન પતે તો મોટો દોષ પણ શાસ્ત્રવિધિથી સેવીને પણ સાધુ-સાધ્વીજી ભગવંતના સંયમપાલનમાં શ્રાવક સહાયક ટેકારૂપ બને.

પણ જ્યારે સંયમીને એવી કોઈ તકલીફ ન હોય ત્યારે પણ માત્ર ગાંડપણભરેલી ભક્તિથી પ્રેરાઈને જો (પાછળ પડીપડીને) દોષિત વસ્તુ વહોરાવાય, તો એ બંને માટે અહિતકારી છે. આ વાત શાસ્ત્રમાં **'સંથરણંમિ... બૃ. ક. ભા.** ગા. ૧૬૦૮'માં દર્શાવેલ છે. ખાસ કારણ વિના, દોષિત વહોરનાર અને દોષિત કરી વહોરાવનાર બંને મહાપાપ બાંધે છે. એમ ભગવતીસૂત્રમાં જણાવેલું છે. (દોષિત કઈ-કઈ રીતે થાય એ ગોચરીના ૪૨ દોષના વર્ણન વખતે સમજાવ્યું છે. વિસ્તારથી ગુરુ મહારાજ સાહેબ પાસે સમજી લેવું જોઈએ.)

**જમવાનો સમય થાય ત્યારે શ્રાવકને દશે દિશાઓમાં અવલોકન કરવાનું વિધાન કર્યું છે. કોઈ દિશામાં ભિક્ષાને માટે ભ્રમણ કરતાં પૂ. સાધુ-સાધ્વીજી ભ. દેખાય તો તે દિશામાં સામે જઈને પૂજ્યોને તેડી લાવવાં જોઈએ અને સુપાત્રદાનનો લાભ મેળવવો જોઈએ. (શ્રાદ્ધવિધિ)**

# સાધુ-સાધ્વીજી ભગવંતો પ્રત્યેનું ઉચિત આચરણ

**ઉચિત આચરણ ભા-૬ અને સોનેમઢ્યું પરોઢ પુસ્તકની અંદર પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મહારાજાએ સાધુ-સાધ્વી પ્રત્યેનું ઉચિત આચરણ તેમજ સાધુ સેવાના ગુણને ખુબજ રસાળ શૈલીમાં વર્ણવેલ છે. તેમાંના કેટલા અંશો અહીં સાભાર લીધાં છે**

❖ સાધુ-સાધ્વીજી ભગવંતના સંયમની સતત ચિંતા કરવી.

❖ જીવનભર દુષ્કર જીવન જીવનારા સાધુ-સાધ્વીજી ભગવંતો પ્રત્યે બહુમાન ધરવું.

❖ સાધુ-સાધ્વીજી ભગવંતના સંયમ જીવનને ઉપકારક પ્રાસુક જીવરહિત, બેંતાલીશ દોષોથી રહિત, કલ્પનીય આહાર-પાણી-વસ્ત્ર-પાત્ર-ઔષધ વગેરે અર્પણ કરવું.

❖ દેહ કરતાં પણ સંયમની પુષ્ટિ કરે તેવાં આહાર-પાણી વહોરાવવાં.

❖ સાધુ-સાધ્વીજી ભગવંતોને ઔઘિક અને ઔપગ્રહિક ઉપધિનું (દાંડા વગેરેનું) દાન કરવું.

❖ સાધુ-સાધ્વીજી ભગવંતોને જીવ વિરાધનાથી બચવા, સંયમ સહાયક અને પુષ્ટિકર રજોહરણ (ઓઘા)નું દાન કરવું.

❖ સાધુ-સાધ્વીજી ભગવંતોને સંયમ યોગ્ય વસતી (ઉપાશ્રય-મકાન-જગ્યા) આપવી.

❖ જિનમૂર્તિ વગેરે ૭ ક્ષેત્ર પૈકી સાધુ-સાધ્વીજીક્ષેત્રમાં દરેક પ્રકારની સંપત્તિ અર્પણ કરવી.

❖ પુત્ર-પુત્રી આદિને મુમુક્ષુરૂપે અર્પણ કરવા, સંયમ લેવા તત્પર થયેલ દીકરો સાધુ ભગવંતોને અર્પણ કરવો.





❖ ભૂતકાળમાં શ્રાવકોની જેમ ગુરુ ભગવંતોની વેયાવચ્ચ કરવાના અભિગ્રહો કરવા.

❖ સાધુ-સાધ્વીજી ભગવંતોની રત્નત્રયીની સાધના અવિરત, અખંડ અને નિર્મળપણે ચાલે તેવા પ્રયત્નો કરવા.

❖ સાધુ-સાધ્વીજી ભગવંતોની સંયમ સાધનામાં આવતા અવરોધો દૂર કરવા. એમની ઉપર આવતી આપત્તિઓનું નિવારણ કરવું

❖ શાસનનાં શત્રુઓ કે સાધુધર્મના નિંદકોને સમજાવીને શક્તિ મુજબ પાછા વાળવાનો પ્રયત્ન કરવો.

❖ પાસત્થાદિ અને બકુશ-કુશીલ ચારિત્રી વચ્ચેની ભેદરેખાઓ સમજવી.

❖ સાધુ-સાધ્વીજી ભગવંતોની ઉત્તરગુણમાં ખામી જોઈને તેમની આશાતના, અનાદર કે નિંદા ન કરવી.

❖ પુણ્ય અને શક્તિ હોય તો માવતર જેવા બનીને ગુરુ ભગવંતોની ખામી દૂર કરવા પ્રયત્ન કરવો.

❖ માર્ગબાહ્ય, શાસ્ત્રવિરુદ્ધ દેશના ક્યારે ય ન સાંભળવી.

❖ માર્ગલોપકોની જાહેરમાં કે ખાનગીમાં ક્યારે ય સ્તુતિ, સ્તવના ન કરવી.

❖ અનાચારી, દુરાચારી અને નાસ્તિક લોકોથી સાધ્વીજી ભગવંતોની રક્ષા કરવી.

❖ વિહારમાં એક ગામથી બીજા ગામ સુધી સાધ્વીજી ભગવંતોને વળાવવા જવું.

❖ સાધ્વીજી ભગવંતોની વસતી પાસે દારૂડિયા, જુગારી જેવા હલકા લોકો ન આવે તેની વ્યવસ્થા કરવી.

❖ સાધ્વીજી ભગવંતોને પોતાના ઘરની બાજુમાં સુરક્ષિત જગ્યાએ ઉતારો આપવો.

❖ સાધ્વીજી ભગવંતોની સેવા માતા, બેન, પત્ની કે પુત્રી જેવા સ્ત્રી વર્ગ પાસે કરાવવી.

❖ દીકરી સમજદાર થાય એટલે તેને સાધ્વીજી ભગવંતોના સાંનિધ્યમાં રાખવી.

❖ સંયમ લેવા તત્પર પુત્રીનું સાધ્વીજી ભગવંતોને સમર્પણ કરવું.

❖ સાધ્વીજી ભગવંતો માટે પારિષ્ઠાપનિકા સમિતિની ઉચિત વ્યવસ્થા કરવી.

❖ સાધ્વીજી ભગવંત સ્ત્રી સહજ સ્વભાવને કારણે ક્યાંય અવિવેક કરે અને તેમાં શાસનની નિંદા થવાની શક્યતા દેખાય તો મા, બેન, પત્ની કે દીકરી દ્વારા તેમને સમજાવવાનો પ્રયત્ન કરવો.

**સાધુ-ક્ષેત્રનું ઔચિત્ય યોગશાસ્ત્ર ગ્રંથના આધારે :**

૧. સંયમસાધનામાં ઉપકારી બનતાં નિર્જીવ (પ્રાસુક) અને કલ્પનીય (એષણીય) અશન વગેરે આહારનું દાન કરવું.

૨. રોગોનું નિવારણ કરતાં ઔષધોનું દાન કરવું.

૩. ઠંડી વગેરેનું નિવારણ કરતાં વસ્ત્ર વગેરેનું દાન કરવું.

૪. પ્રતિલેખન કરવા માટે રજોહરણ (ઓઘો-દંડાસણ) વગેરેનું દાન કરવું.

૫. ભોજન વગેરે માટે પાત્રનું દાન કરવું.

૬. ઔપગ્રહિક ઉપધિરૂપે કામ લાગતાં દાંડો વગેરે ઉપકરણોનું દાન કરવું.

૭. નિવાસ (રહેવા) માટે ઉપાશ્રય આપવો.

૮. પોતાની સમસ્ત સંપત્તિનું દાન કરવું.

૯. સાધુ ધર્મનો સ્વીકાર કરવા ઈચ્છતાં સ્વપુત્ર-પુત્રી વગેરેનું પણ સમર્પણ કરવું.

૧૦. મુનિરાજો વિઘ્ન વિના પોતાની આરાધના કરી શકે તેવાં બધાં કાર્યો કરવાં.

૧૧. જૈન શાસનના શત્રુઓ અને સાધુધર્મની નિંદા કરવામાં તત્પર લોકોનું યથાશક્તિ નિવારણ કરવું.

**માત્ર આચાર્ય જ નહી સાધુ-સાધ્વી પણ પૂજનીય છે.**

ઘણાની એવી માન્યતા હોય છે, આચાર્ય ભગવંત હોય તો બરાબર,

સાધુ એક જ સ્થાનથી ગોચરી વહોરતા નથી. (ઉત્ત.)



નહિ તો કાંઈ નહિ. આવી વ્યક્તિ કદાચ બોલે કાંઈ નહિ, પણ એના વ્યવહારમાં આ માન્યતા છતી થયા વગર રહેતી નથી. એવા લોકો ચાતુર્માસ હોય કે શેષકાળ હોય ત્યારે રોજ આચાર્ય ભગવંત પાસે જાય, એમનો વિનય બરાબર કરે, પણ 'બાકીના નાના સાધુ-સાધ્વીજી ભગવંતની શું સ્થિતિ છે ? તેનું એ ધ્યાન ન રાખે. એમના પ્રત્યેના વિનય અને કર્તવ્યને એ ચૂકી જાય. એના કારણે **'નમો લોએ સવ્વસાહૂણં'** પદ દ્વારા જેમનો વંદનીય, પૂજનીય, સ્તવનીય, આરાધનીય તરીકે સમાવેશ કરાયો છે, તેવાં પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની ભક્તિ, ઉપાસનાનું કર્તવ્ય ચૂકી જાય છે.

એક વાત ભૂલવા જેવી નથી કે જેમ ધર્માચાર્યની ભક્તિ દ્વારા આપણે ભવ તરવાનો છે; તેમ પૂજનીય સાધુ-સાધ્વીજી ભગવંતોની ભક્તિ દ્વારા પણ આપણે તરવાનું છે.

**'આવશ્યક નિર્યુક્તિ'** નામના આગમ મુજબ આચાર્ય ભગવંતની સેવા-ભક્તિથી પંચાચારની પ્રાપ્તિ થાય છે. ઉપાધ્યાય ભગવંતની સેવા-ભક્તિથી વિનય ગુણની પ્રાપ્તિ થાય છે અને સાધુ ભગવંતની સેવા-ભક્તિથી મોક્ષમાર્ગમાં સહાય મળે છે, સાધનામાં આવતા અંતરાયો તૂટે છે, ચારિત્ર મોહનીય અને વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમ થાય છે, સાધનામાર્ગમાં પૂરા વેગથી આગળ વધાય છે.

એક એક શ્રમણ ભગવંતની ભાવપૂર્વક ભક્તિ કરવામાં આવે તો થોડા જ સમયમાં કેટલાં ય કર્મોનો ભૂકો બોલાઈ જાય, વીર્યાંતરાય તૂટે, સાધુપણું સુલભ બને, સાધનામાં આવતાં વિઘ્નો ટળે, નિર્વિઘ્ને આરાધના થાય. શા માટે **શ્રીકૃષ્ણ** મહારાજાએ ભગવાન **શ્રીનેમિનાથ**ના અઢાર હજાર સાધુ ભગવંતોને વિધિપૂર્વક વંદના કરી ?

**કલિકાલસર્વજ્ઞશ્રી બતાવે છે સાધુ-ભક્તિના પ્રકારોઃ-**

**યોગશાસ્ત્ર**માં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી**હેમચંદ્ર-સૂરીશ્વરજી** મહારાજે **કુમારપાળ** મહારાજાને સાધુ-સાધ્વીજી ભગવંતોની ભક્તિ કેવી રીતે કરવી તેની વાત કરી છે. તેમાંથી કેટલાક મુદ્દા તમારી સામે રજૂ કરવા છે.

પોતાના ઉપકરણ સિવાય અન્નનો એક દાણો પણ સાધુ પોતાની પાસે રાખતા નથી. (ઉત્ત.)

**उपकारिणां प्रासुकैषणीयानां कल्पनीयानां चाशनादीनां दानम् ।**

પહેલા નંબરે ‘સાધુના સંયમ જીવન માટે ઉપકારક થાય તેવાં પ્રાસુક, એષણીય અને કલ્પનીય અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહારાદિ એમને અર્પણ કરવાં, વહોરાવવાં.’

આમાં વિશેષ બાબતરૂપે તેઓશ્રીજી **યોગશાસ્ત્ર**માં જણાવે છે કે-

‘ન્યાયથી મેળવેલાં, સાધુને ખપે તેવા અન્નાદિનું દેશ, કાળ, શ્રદ્ધા, સત્કાર વગેરે ક્રમથી, ઉત્તમ ભક્તિભાવથી સ્વ-પરના કલ્યાણની બુદ્ધિથી દાન કરવું જોઈએ.’

સાધુ ભગવંતોને જે જે પણ અશન-પાનાદિ આપવાનાં છે, તે સાધુને નિમિત્તે હિંસા કરી લાવેલાં, સાધુને નિમિત્તે રાંધેલાં અને સાધુને નિમિત્તે ખરીદેલાં ન હોવાં જોઈએ આ ત્રણે પ્રકારોમાં કરણ, કરાવણ અને અનુમોદન એમ ત્રણ ભેદો લગાડવાથી કુલ નવ પ્રકાર પડે છે. આ નવે પ્રકારો ઉત્સર્ગ માર્ગે અકલ્પ્ય કહેવાય છે. આના માટે ‘નવકોટી’ શબ્દ શાસ્ત્રમાં પ્રચલિત છે. તે પહેલા નંબરે સાધુ જીવન માટે જરૂરી, ઉપયોગી, સંયમ માટે આલંબનરૂપ હોવાં જોઈએ. બાદ તે અચિત્ત જોઈએ, નિર્જીવ જોઈએ, સજીવ વસ્તુ સાધુ-સાધ્વી ભગવંતોને ન વહોરાવાય.

‘ભાઈ ! આ વસ્તુ સુધાર્યાને કેટલો સમય થયો ?’

‘સાહેબ ! ચિંતા ન કરો, આપ ઉપાશ્રયે પહોંચશો ત્યાં સુધી સમય થઈ જશે.’ એમ ન બોલાય, તમારાથી આવું સચિત્ત ન વહોરાવાય અને અમારાથી આવું સચિત્ત ન વહોરાય.

ત્યાર પછી, જે વહોરાવો તે એષણીય હોવું જોઈએ. એષણીય એટલે નિર્દોષ જોઈએ. નિર્દોષ ક્યારે બને તે જાણો છો ? ગોચરીના બેતાલીસ દોષથી રહિત હોય ત્યારે. ગોચરીના બેતાલીસ દોષની તમને ખબર છે ? એમાંના પહેલા સોળ દોષ વહોરાવનાર સંસારીની ગરબડમાંથી ઊભા થાય છે, પછીના સોળ દોષ વહોરનાર સાધુની ગરબડમાંથી ઊભા થાય છે અને બાકીના દશ દોષ સાધુ અને ગૃહસ્થ બન્નેની ભાગીદારીમાંથી ઊભા થાય છે. આ દોષોમાં એક દોષ આધાકર્મી નામનો ય આવે છે. સાધુ માટે





જે વસ્તુ બનાવો તે આધાકર્મી કહેવાય છે. સાધુ માટે બનાવેલું સાધુને ન વહોરાવાય. આ મર્યાદાનો ખ્યાલ આવ્યો ?

આવી પ્રાસુક અને એષણીય વસ્તુ પણ તે જ વહોરાવવાની કે જે કલ્પનીય હોય. જે સાધુ માટે અકલ્પનીય, અકલ્પ્ય હોય તે તમારાથી ન વહોરાવાય અને સાધુથી પણ ન વહોરાય.

કલ્પનીય આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, વસતિ અને ઔષધથી સાધુની ભક્તિ કરવી એ તમારું કર્તવ્ય છે.

**સભા :** અકલ્પ્ય કેવી રીતે બને ?

બહુ મૂલ્યવાળાં વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણો વાપરવાની ભગવાને સાધુને ના પાડી છે. જે વસ્તુ પ્રાસુક એટલે નિર્જીવ હોય, એષણીય એટલે નિર્દોષ હોય તે વસ્તુ તમે તમારા માટે જ ખરીદેલી કે બનાવેલી હોય, તેમ છતાં જો તે બહુ મૂલ્યવાન હોય તો તે સાધુ માટે અકલ્પનીય છે.

**સભા :** એષણીય અને કલ્પ્યમાં શું ભેદ છે ?

એષણીય એટલે બેતાલીસ દોષ રહિત અને કલ્પ્ય એટલે સાધ્વાચારને બાધક ન હોય તેવાં આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, ઔષધ અને વસતિ વગેરે.

જેમ કે પહેલાં આહાર, પાણી માટેની વાત કરીએ, બોલો, પાણી તો તમારા માટે જ ઉકળે ને ?

**સભા :** આપ વહોરો, અમારે ખલાસ થઈ ગયું, અમે નવું બનાવીએ તો એ દોષ આપને લાગે ?

હા, લાગે જ, પાછળનો આરંભ કોના નિમિત્તે થયો ? અમારે જે વહોરવાનું છે તે એવી જ રીતે વહોરવાનું છે કે પાછળથી તમને ખૂટે નહિ અને ફરી બનાવવું પડે નહિ.

**સભા :** ગામડામાં શું થાય ?

ગામડામાં તમને કહું, વિવેકી શ્રાવકો કાચું પાણી પીતાં જ ન હોય, ઘરમાં બધાં સચિત્તના ત્યાગી હોય એટલે આપોઆપ નિર્દોષ પાણીનો

લાભ મળી જાય. હવે માનો કે નિર્દોષ, પાણી ક્યાંય મળતું નથી. ગુરુ ભગવંતના સંયમનો નિર્વાહ થતો નથી, એવા સંયોગોમાં અપવાદરૂપે સાપેક્ષ ભાવે કાંઈ કરવું પડ્યું તો તે આપત્કાલીન થયું, અપવાદ થયો, પણ એવું કોઈ સબળ કારણ ન હોય અને તમે સાધુ-સાધ્વી માટે જ બનાવો તો તમને પણ દોષ લાગે, શાસ્ત્રમાં જણાવેલાં પ્રબળ કારણો ઉપસ્થિત થાય ત્યારે આહાર, પાણી, શય્યા, વસ્ત્ર, પાત્ર, ઔષધ વગેરે અકલ્પ્ય હોય તો પણ કલ્પ્ય ગણાય છે અને તેવાં કારણો વિના એમને એમ ઘેલછા, લાગણીથી વહોરાવો તો તે કલ્પ્ય વસ્તુઓ પણ અકલ્પ્ય બની શકે છે. આ વાત **પ્રશમરતિ** ગ્રંથમાં બતાવેલી છે.

તમે રોજ સાધર્મિક ભક્તિ કરતા હો, એમાં કોઈ સાધર્મિક સચિત્તના ત્યાગી હોય, કોઈને એકાસણું-બેસણું હોય તો એ વખતે એમના માટે ઉકાળેલું પાણી તમારે ત્યાં ઉપલબ્ધ હોય જ. શ્રાવકે હંમેશા સાધુ-ધર્મની પરિભાવના કરવાની છે. સાધુ-ધર્મની પરિભાવના એટલે 'ક્યારે હું સાધુ બનીશ ? ક્યારે હું સંયમપંથે સંચરીશ ?' આવો સાધુ- ધર્મની પરિભાવનાથી ભાવિત બનેલો શ્રાવક તો રોજ વિચારે કે 'મારે દીક્ષા લઈને આખી જીંદગી જો ઉકાળેલું પાણી જ પીવાનું છે તો આજથી જ મારા પરિવારના એક-એક સભ્યને એ માટે કેમ ન કેળવું ? શું આ રીતે કાચું પાણી પીને જીવતાં જીવો મોઢામાં નાંખવાના ? જીવવા માટે આહાર-પાણીની જરૂર પડે એ સમજું છું, પણ મારે હવે સચિત્ત તો નથી જ વાપરવું.' આવો એનો નિર્ધાર હોય. બધા જ જૈન પરિવારો આવી રીતે સચિત્તનો ત્યાગ કરતા હોય, ઉકાળેલું પાણી વાપરતા હોય તો સાધુ-સાધ્વીજી ભગવંતનો નિર્દોષ લાભ મળે કે ન મળે? ગુરુ ભગવંત બધાને ત્યાંથી થોડું થોડું પાણી લઈ લઈને પોતાનો સંયમ નિર્વાહ કરી શકે ને ? તમારે તપ-ત્યાગ હોય તો સાધુ-સાધ્વીજી ભગવંતનો નિર્દોષ લાભ મળી શકે, તમને હજુ એવી વિરક્તિ નથી કે ફળાદિ વસ્તુનો ત્યાગ કરી દો, તમારે ફળાદિ જોઈએ જ છે, તો પણ જો તમે અચિત્ત વાપરતા હો તો ક્યારેક સાધુ-સાધ્વીજી ભગવંતનો નિર્દોષ લાભ મળી શકે. રસોઈ ગણી-ગણીને બનાવો તો નિર્દોષ લાભ ન મળે. સુખી-શ્રીમંત શ્રાવકના ઘરમાં કોઈ સાધર્મિક જમવાના

નિરસ-સૂકા આહારની કોઈ વિનંતી કરે તો પણ સાધુ તેમની નિંદા કરતા નથી. (ઉત્ત.)



ન હોય તો એને ખાવું કેમ ભાવે ?

**નિર્દોષ ઔષધાદિનું પ્રદાન કરો !**

આગળ જઈને **કલિકાલસર્વજ્ઞશ્રીજી** કહે છે કે,

**रोगापहारिणां च भेषजादीनां दानम् ।**

'જ્યારે કોઈપણ સાધુ-સાધ્વીજી ભગવંતને માંદગી આવે ત્યારે એ રોગને શમાવવા માટે આવશ્યક ઔષધ-ભેષજ આદિ વહોરાવીને લાભ મેળવવો.'

**સભા :** ઔષધ-ભેષજ એટલે શું ?

**'औषधमेकमेव द्रव्यं, भेषजं तु बह्वौषधसंयोगम्'**

જે દવા એક જ વસ્તુમાંથી બની હોય તેવી દવાને ઔષધ કહેવાય અને જે દવા અનેક વસ્તુના મિશ્રણમાંથી બની હોય તેવી દવાને ભેષજ કહેવાય. હરડે ઔષધ કહેવાય અને ત્રિફલાને ભેષજ કહેવાય. અહીં ઔષધ-ભેષજ શબ્દ બહુ સુયોગ્ય રીતે મૂક્યો છે; તમે તો આવીને અમને કહો, 'સાહેબ! કોઈ દવા-દારૂનો ખપ હોય તો લાભ આપજો'. ત્યારે કોઈ અજૈન કે અજાણ્યો માણસ આવ્યો હોય તો એને થાય,-"મહારાજ સાહેબ દારૂ લે છે? મહારાજ અને વળી દારૂનો લાભ કેવી રીતે આપતા હશે ?" ઘણીવાર પ્રાસ-અનુપ્રાસવાળાં વાક્યો બોલતી વખતે ખ્યાલ રાખવો પડે કે શું બોલાય અને શું ન બોલાય ?

શ્રાવક તો રોજ એક-એક સાધુ મહાત્મા પાસે જાય, વંદના કરે કોઈ અસ્વસ્થ લાગે તો કહે, 'ભગવંત ! કેમ? તબિયત ઠીક નથી ? શું માથું દુઃખે છે ? મને લાભ આપો. 'એમ બોલીને બેસી ન રહે. પોતાની આવડત મુજબ સાધુનું માથું દબાવે. અવસરે ઔષધની આવશ્યકતા હોય તો કહે, 'ભગવંત ! ઔષધનો મને લાભ આપો.' ભૂતકાળમાં તો શ્રાવકો એવા અભિગ્રહ કરતા કે, 'આ ચાર મહિના દરમ્યાન કોઈપણ ગુરુ ભગવંત બીમાર થશે તો એમની વેયાવચ્ચનો લાભ હું જ લઈશ,' આવી રીતે તમે ય વૈયાવચ્ચ કરતા હો, સેવા-શુશ્રૂષા અંગેનું ઔચિત્ય કરતા હો

જે વિગઈનો વારંવાર ઉપયોગ કરે છે તે પાપશ્રમણ છે. (ઉત્ત.)

તો તમને દરેક ગુરુ-ભગવંતનો પરિચય થાય, એમનો શું સ્વાધ્યાય ચાલે છે ? તેનો ખ્યાલ રહે, એમના સંયમ-યોગોનો ખ્યાલ રહે અને એમનાં વિનય-વૈયાવચ્ચાદિ પણ થાય, અવસરે સાધુ ભગવંતની દવા દીકરાને આપો અને દીકરાને કહો, 'જા, બેટા ! આ દવા ગુરુ ભગવંતને આપી આવ.' એ દવા આપવા આવે તો એને ગુરુ ભગવંતનો પરિચય થાય અને ઉપાશ્રયમાં આવતો થઈ જાય.

**આ રીતે દવા પણ નિર્દોષ હોઈ શકે.**

**સભા :** ઔષધિ નિર્દોષ કેવી રીતે બને ?

ઘણી રીતે થાય. જે રોગથી જે શ્રાવકો પીડાતા હોય તેની દવા પ્રાયઃ કરીને તેમના ઘરમાં હોય જ, તેવા શ્રાવકો સાધુ-સાધ્વીજી પાસે આવીને વિનંતી કરે કે, 'ભગવંત ! મને-અમને આટલા-આટલા રોગો છે, આવા આવા ઉપચાર કરીએ છીએ, એ માટે મારા ઘરમાં આટલી આટલી દવાઓ તો હંમેશા હોય જ છે. આપને ખપ હોય તો સેવકને લાભ આપજો.'

'સાહેબ ! હું હાર્ટનો પેશન્ટ છું, આટલી આટલી દવા મારે નિયમિત લેવાની હોય છે, મારે ત્યાં સોર્બીટ્રિડ હંમેશા હોય છે. ભગવંત આપને ખપ હોય તો એનો લાભ મને જ આપજો.'

'સાહેબ! હું ડાયાબીટીસ (Diabitis) નો પેશન્ટ છું. મારે આટલી-આટલી દવા નિયમિત લેવાની હોય છે, કોઈ મહાત્માને ડાયબીટીશ હોય તો મારા ઘરે નિર્દોષ દવા અને અનુપાન હોય જ છે તો ભગવંત ! મને જ લાભ આપજો.'

'સાહેબ ! લાગે છે કે આપને કોલેસ્ટ્રોલ વધી ગયો છે. આમાં આટલી આટલી દવાઓ લેવાની હોય છે, આપનું પ્રિસ્ક્રીપ્શન તો બતાવો. આમાં લેવાની દવા મારા ઘરે ઉપલબ્ધ છે. ભગવંત! ખપ હોય તો લાભ આપજો'.

'સાહેબ ! માંદગીના કારણે મારા ઘરે બધું શેકેલું અને મોળું જ બને છે. સાહેબ ! ફ્રુટ પણ હું કાયમ લઉં છું. મારે સચિત્તનો ત્યાગ છે માટે મારે ત્યાં મારા માટે જ સુધારેલ ફ્રુટ હોય છે, ભગવંત ! કોઈ બીમાર મહાત્માને ખપ હોય તો લાભ આપજો'.

દોષવાળી ગોચરી વાપરવાના કારણે સાધુ દુર્ગતિમાં જાય છે. (ઉત્ત.)



'સાહેબ ! કોલેસ્ટ્રોલને કારણે મારા ઘરે બધું બાફેલું જ બને છે. ઘી-તેલનો વઘાર પણ નથી કરતાં. મરચાં પણ નથી વાપરતાં, કોઈ મહાત્માને ખપ હોય તો અમને લાભ આપજો'.

'સાહેબ! બ્લડ પ્રેશરના કારણે મારા ઘરે મીઠા વગરની કે ઓછા મીઠાવાળી જ વસ્તુ બને છે. આપને ત્યાં કોઈ મહાત્માને બ્લડપ્રેશરની બીમારી હોય અને આવી વસ્તુનો ખપ હોય તો સેવકને લાભ આપજો.' આવી આવી રીતે નિર્દોષ લાભ તમે લઈ શકો કે નહિ ?

**કાળજી-વિવેક માગે છે :**

તમે અમારી કાળજી રાખો છો, પણ અમારા સંયમની કાળજી નથી રાખતા. અમારા કરતાં પણ અમારા સંયમની કાળજી વધારે રાખવાની છે. આ ભક્તિનો શાસ્ત્રીય માર્ગ સમજો અને સમજીને અમલમાં લાવો તો તમે આજે ય ઘણું બધું કરી શકો છો. સાધુ-સાધ્વીજી ભગવંતોની નિર્દોષ ભક્તિથી એમના સંયમને જાળવવામાં સહાયક બનવાનો ઘણો બધો લાભ તમે મેળવી શકો છો. આજે જો તમે વિવેક રાખતા હોત તો અમારે સંનિધિ નામનો દોષ ન લગાડવો પડ્યો હોત. 'સંનિધિ' એટલે શું ? એની પણ ઘણાને સમજણ નથી. સાધુ-સાધ્વીજી ભગવંતો પોતાની માલિકી-કબજામાં રાતના સમયે એક નાનકડી બામની શીશી પણ ન રાખી શકે. વા હોય ને ચોપડવાનું ગરમ તેલ જરૂરી હોય તો ય એની બાટલી સાધુથી પોતાની પાસે ન રખાય. જેમ આહાર-પાણીનો સંનિધિ ન કરાય તેમ ઔષધિ, લેપ, તેલ આદિનો સંનિધિ પણ અમારે ન કરાય. આ શાસ્ત્રનો મૂળભૂત માર્ગ છે પણ આજે શ્રાવકોને ત્યાં લેવા જઈએ તો આમાંનું કાંઈ નિર્દોષ ન મળે. કેટલાક તો આવીને અમને કહે, 'સાહેબ ! ક્યાં આ બધી પલોજણ કરવી ? સાહેબ! તમે ચિંતા નહિ કરતાં. હું મેડીકલ સ્ટોરવાળાને કહી રાખીશ. આપણા માણસને મોકલી આપજો. આપને જે દવા જોઈએ તે આપી દેશે, પછી એની સાથે હું સમજી લઈશ.'

**સભા :** વેયાવચ્ચખાતું પણ ચાલતું હોય છે.

હા, તમે હવે એ જ કરવાના. તમે ભગવાન પૂજારીને સોંપ્યા, મહારાજ મહેતાજીને સોંપ્યા અને જ્ઞાનભંડાર ભંડારીને સોંપ્યો. તમારો

કોઈ પણ વસ્તુ સાધુ ખરીદીને લેતા નથી. (દશ.)

બધો લાભ ગયો. આ બધા લાભ તમે જાતે મેળવી શકતા હતા, તે તમારા કમનસીબે તમારા હાથમાંથી ગયા.

**તમારી વેષભૂષા વિકૃત બની છે :**

ત્યારબાદ **કલિકાલસર્વજ્ઞશ્રીજી** કહે છે કે-

**शीतादिवारणार्थं च वस्त्रादीनां दानम् ।**

'ઠંડી વગેરેનું નિવારણ કરવા માટે જરૂરી એવાં વસ્ત્રો આદિનું દાન કરે.'

સાધુ-સાધ્વીજી ભગવંતોને જેમ સંયમજીવન જીવવા માટે આહાર, પાણી, પાત્ર, ઔષધિ વગેરેની જરૂર હોય છે માટે તમે તે વસ્તુઓ એમને વહોરાવવાનો લાભ લો છો, તેમ તેમના સંયમજીવનમાં સહાયક, ઠંડી આદિથી રક્ષણ આપી ધર્મધ્યાનાદિમાં સહાયક બને એવાં વસ્ત્રો વહોરાવવાં એ પણ તમારું એક મહત્ત્વનું કર્તવ્ય છે પરંતુ આ કર્તવ્યના પાલનમાં આજે ઘણી ઉપેક્ષાવૃત્તિ આવી છે. એક કાળ એવો હતો કે જેમાં તમારો પહેરવેશ એવા પ્રકારનો હતો કે એ તમારા વેષમાંથી સાધુ-સાધ્વીજીનાં વસ્ત્રોની જરૂરિયાત આપોઆપ પૂર્ણ થઈ શકતી. આજે તમે તમારો વેષ બદલ્યો છે. એના કારણે તમે આ મહાન લાભથી મોટે ભાગે વંચિત રહી જાઓ છો.

શ્રાવકની એક જ ભાવના હોય કે મારે પ્રભુની આજ્ઞા પાળવી છે. મારા માટે બતાવેલ એક-એક ઔચિત્યને વિધિપૂર્વક આરાધવું છે. એ માટે જરૂરી એવું જીવન મારે જીવવું છે. એવું જીવન જીવવા માટે મારે જે કાંઈ કરવું પડે તે કરવું છે. હવે એવું જીવવાનું તમે જો નક્કી કરો તો એ માટે તમારે તમારી વેશભૂષા પણ બદલવી પડે કે નહીં? તમારી વેશભૂષા જો બદલાય તો જ તમે સાધુ-સાધ્વીજી ભગવંતને નિર્દોષ વસ્ત્રો વહોરાવી શકો. આજની તમારી વેશભૂષામાંથી તમને આ લાભ ન મળી શકે, આજે તો તમે શું પહેરો ?

તમારા પાટલૂન સાધુ-સાધ્વીને શું કરવાનાં ? આજે તો કેટલાક લોકો વસ્ત્રો વહોરાવવાં આવે તો પણ અમને પૂછવા આવે, 'મહારાજ સાહેબ





! કઈ મીલનું, કયા પનાનું, કેટલું કપડું લાવું ? અમે કહીએ કે, 'ભાઈ ! એ અમને પૂછવાનું ન હોય.' તો જવાબ આપે કે, 'સાહેબ ! અમે કપડું લઈ આવીએ અને તમને કામ ન આવે તો એ અમારે શું કામ આવે ? પછી એ ફોગટ પડ્યું રહે, એનાં કરતાં આપ જ કહી દો ને કે, કયું કપડું, કઈ મીલનું, કેટલો પનો ?' આગળ વધીને કેટલાક તો અમારી પાસે જ સરનામું માગે, કઈ દુકાનમાંથી લાવવાનું ?' અને કેટલાક તો ક્યાંકથી ય માહિતી મેળવી, ખરીદી લાવે અને અમારી આગળ ઢગલો કરી જાય. અમે કહીએ, 'ભાઈ! અમને આનો ખપ નથી.' તો કહે, 'મહારાજ સાહેબ ! તમારે તો આગળ-પાછળ પણ કામ આવશે, અમારે તો આમાંનું કાંઈ કામમાં આવવાનું નથી, હું તો આ મૂકીને હાલ્યો.'

**સંયમ-બળને હણે છે, નિષ્કારણ સદોષ ભિક્ષા :**

સાધુ-સાધ્વીને માત્ર આહાર-પાણી કે વસ્ત્ર-પાત્રાદિ વહોરાવી દો એટલે તમારું કામ પતી જતું નથી. એ બધું નિર્દોષ વહોરાવવું જોઈએ. નિષ્કારણ દોષિત ભિક્ષા તો અમારા સંયમ-બળનો ઘાત કરનારી છે, શાસ્ત્રમાં એને 'પૌરુષધ્ની ભિક્ષા' કહી છે. સંયમનો પુરુષાર્થ હણનારી એ ભિક્ષા છે. શ્રાવકોએ સાધુ-સાધ્વીના માત્ર શરીરની જ ચિંતા નથી કરવાની પણ એમના સંયમદેહની પણ ચિંતા કરવાની છે. તમે તમારા દીકરા-દીકરીને ન આપો તેવા ઉત્તમ આહાર-પાણી અમને વહોરાવો છો એની ના નથી; તમારી એ ભાવના ઉત્તમ છે, તે હું જાણું છું. તમે અમને સાધુ-સાધ્વીજીઓને જે અન્ન-પાનાદિ આપો છો એનાથી અમારું શરીર તગડું બને, પણ સંયમ તગડું ન બને તો એની કિંમત કેટલી મહાનુભાવ ?

વસ્ત્રોના તાકાના તાકા લાવીને તમે વહોરાવો, પણ એ નિર્દોષ વહોરાવવા શું પ્રયત્ન કર્યો ?

**ઓઘો પણ વહોરાવાય :**

પછી કહ્યું છે કે,

**प्रतिलेखनाहेतो रजोहरणादीनां दानम् ।**

'વસ્ત્રની જેમ વિનંતી કરે તેમ પ્રતિલેખનાદિ માટે જરૂરી એવા રજોહરણ ચરવળી, દંડાસણ, પૂંજણી આદિ ઉપકરણોને પણ વહોરાવે.'

ગુરુ ભગવંતને પ્રતિલેખન કરવા રજોહરણની જરૂર પડે, આ રજોહરણ તો સંયમ-જીવનનું પ્રતીક છે. એને વહોરાવવાથી વહોરાવનારને ચારિત્રધર્મની પ્રાપ્તિ સહેલાઈથી થાય. ગુરુ ભગવંત એ રજોહરણ દ્વારા જેટલા જીવોની જયણા-રક્ષા કરે, એ બધામાં સહાયક બનવાથી એનો લાભ પણ રજોહરણ વહોરાવનારને મળે, માટે દરેક શ્રાવકની એવી ભાવના હોય કે હું ગુરુ ભગવંતને રજોહરણ વહોરાવું.

શ્રાવક અવાર-નવાર ગુરુ ભગવંતને વિનંતી કરે કે 'ભગવંત ! મારા ઘરે રજોહરણ છે, રજોહરણનો ખપ હોય તો મને લાભ આપજો.' બોલો, તમારા ઘરમાં જેટલા મેમ્બર છે એટલાં રજોહરણ છે ? રોજ એના દર્શન કરો છો? એની પાસે ભાવના ભાવો છો કે, 'ક્યારે એવો ધન્ય દિવસ આવશે કે આ રજોહરણને લઈને હું ભવસાગર તરી જઈશ.' તમારા ઘરમાં મેમ્બર કરતાં વધારે મોબાઈલ ફોન હશે. શ્રીમંતોના ઘરમાં મેમ્બર કરતાં વધારે મોટરગાડીઓ હશે, પણ મેમ્બર જેટલાં રજોહરણ છે ? રજોહરણ એટલે જ ઓઘો.

આ રજોહરણ અને એ જ રીતે જયણાના પાલનમાં સહાયક થતાં અન્ય ઉપકરણો જેમ કે, પાત્રાના પડિલેહણ માટે પૂંજણી- એટલે કે પાત્રકેશરીકા, કાજો કાઢવા માટે દંડાસણ, કાજાને સૂપડીમાં ભરવા માટે પૂંજણી વગેરે ઉપકરણો શ્રાવકે સાધુ-સાધ્વીજી ભગવંતોને વહોરાવવાં જોઈએ.

**પાત્રામાં વહોરાવીને ભક્તિ થાય તેમ પાત્રાં વહોરાવીને પણ ભક્તિ થઈ શકે :**

આગળ જઈને કહે છે કે,

**भोजनाद्यर्थं पात्राणां दानम् ।**

'સાધુ ભગવંતો જે આહાર કરીને સંયમચર્યાનું બળ મેળવે છે તે





આહાર માટે પાત્રાની પણ વિનંતી કરે.'

'ભગવંત અમારા ઘરે રજોહરણની જેમ પાત્રાં પણ છે, કારણ કે શ્રાવક જાણતો હોય છે કે શ્રી જિનેશ્વર ભગવંત પોતે 'પાણિપાત્રી' હોય છે. એટલે હાથરૂપ પાત્રવાળા હોય છે. તેઓ પોતાના હાથમાં જ આહાર લઈ વાપરતા હોય છે, પરંતુ જિનેશ્વર ભગવંતના સાધુ-સાધ્વીજી 'પાત્રભોજી' હોય છે. એ હાથમાં ન વાપરે પણ પાત્રમાં આહાર લઈને વાપરે છે. પાત્ર રાખવાં એ જીવવિરાધનાથી બચવા માટે આવશ્યક છે, માટે તે રાખવાની અને એનો વિધિ મુજબ ઉપયોગ કરવાની જિનાજ્ઞા છે. એટલે એમને એમના સંયમજીવન માટે જરૂરી એવાં પાત્ર હું વહોરાવું. એમ એને ભાવ જાગે, કુશળ શ્રાવક પાત્રાં વહોરાવતાં પણ નિર્દોષ-સદોષની વિચારણા કરે.

જેમ સાધુ-સાધ્વીજી ભગવંતોને સંયમ જીવન જીવવા માટે આહાર, પાણી, ઔષધ, વસ્ત્ર, રજોહરણ અને પાત્રાંની જરૂર પડે તેમ બીજી પણ કેટલીક વસ્તુઓની જરૂર પડે છે.

શાસ્ત્રોમાં સાધુ ભગવંતો માટે મુખ્યત્વે ચૌદ પ્રકારની ઉપધિ(ઉપકરણો) રાખવાની અને સાધ્વીજી ભગવંતો માટે મુખ્યત્વે પચીસ પ્રકારની ઉપધિ (ઉપકરણો) રાખવાની વિધિ બતાવેલ છે. આ ફરજિયાત પણ ધારણ કરી રાખવાની ઉપધિ કે ઉપકરણોને 'ઔઘિક ઉપધિ' કહેવાય છે તો સંયમ જીવન માટે જરૂરી અને ઉપકારક બને એવી બીજી કેટલીક ઉપધિ, (ઉપકરણો)ને સંયમ સાધનાનાં વિવિધ કારણથી રાખવાની ય આજ્ઞા છે. એવી વધારાની ઉપધિ (ઉપકરણો)ને શાસ્ત્રમાં ઔપગ્રહિક ઉપધિ (ઉપકરણો) કહેવાય છે.

**સાધુપણાની ઉપધિ-ઉપકરણો વહોરાવી લાભ લેવાય :**

સાધુ-સાધ્વીજી ભગવંતોને જેમ આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર ઔષધ વગેરે ચીજ વસ્તુઓ વહોરાવી એમની ભક્તિ કરવાની છે તેમ વસ્ત્ર, રજોહરણ, પાત્ર વગેરે ઔઘિક ઉપધિ વહોરાવીને પણ એમની ભક્તિનો લાભ લેવાનો છે. જેમ ઔઘિક ઉપધિનો લાભ લેવાનો છે તેમ ઔપગ્રહિક ઉપધિ વહોરાવીને પણ એમની ભક્તિ કરવાની છે, માટે જ

**કલિકાલસર્વજ્ઞશ્રીજી** આગળ જણાવે છે કે,

**औपग्रहिकानां च दण्डकादीनां दानम् ।**

'સાધુને ઔપગ્રહિક એવા દાંડા વગેરેનું દાન કરવું.'

ઔઘિક ઉપધિમાં મુખ્યપણે પાત્રાં, ઝોળી, ગુચ્છા, પૂંજણી, પલ્લાં, રજસ્ત્રાણ, ત્રણ વસ્ત્રો (બે સૂતરાઉ અને એક ઊનનું : કાંબળી), ઓઘો (રજોહરણ), મુહપત્તી, માત્રક (મોટું પાત્ર) અને ચોલપટ્ટો આવે છે તો ઔપગ્રહિક ઉપધિમાં સંથારો, ઉત્તરપટ્ટો, ઓઘારિયું, નિસીથીયું, દાંડો, નખ વગેરે કાપવા માટે નેરણી વગેરે ઉપકરણોનો સમાવેશ થાય છે.

આ બધી વસ્તુઓ શ્રાવક સાધુ-સાધ્વીજી ભગવંતોને વહોરાવે. એના ઘરે આ બધી જ વસ્તુઓ પ્રાયઃ ઉપલબ્ધ હોય. ઉજમણું કરવા દ્વારા પણ વસ્તુઓ રાખેલી હોય, પરિવારજનોને દર્શનથી દીક્ષાનો ભાવ જાગે માટે ય રાખેલી હોય, અંતિમ અવસ્થામાં સંથારા દીક્ષા દ્વારા આત્મકલ્યાણ સાધવા માટે ય રાખેલી હોય તેમ બને. આ રીતે રાખેલી વસ્તુઓ સાધુ-સાધ્વીજી માટે નિર્દોષ બને છે, તે વહોરાવવાનો લાભ લઈને શ્રાવક ભવજલ તરે, માટે જ એ સાધુ સાધ્વીજીને કહે કે, 'ભગવંત ! મારા ઘરે સંથારો અને ઉત્તરપટ્ટો પણ છે. ભગવંત ! કાંબલી અને દાંડો પણ છે. ભગવંત ! આખી દીક્ષાની છાબ છે. ખપ હોય તો લાભ આપીને અમારો નિસ્તાર કરો'. તમે આવી વિનંતી ક્યારે ય કરી છે ?

**સભા :** વિનંતી કરીએ છીએ પણ લાભ મળતો નથી.

લાભ ન મળે એની ચિંતા નહિ. તમારું કર્તવ્ય વિનંતી કરવાનું છે. તમારે વિનંતી કરવાની. સાધુ-સાધ્વીજી ભગવંતો યોગ્ય લાગશે તો લાભ આપશે. તમે રોજ ગોચરીમાં લો-લો કરો તો લઈ લે ? યોગ્ય લાગે તો લે, તેવું જ આમાં છે.

**ગુરુ ભ.ની સામે જવાથી, વંદન-નમસ્કાર કરવાથી, સુખશાતા પૂછવાથી કે જરૂરિયાત વગેરે સંબંધી પૂછવાથી લાંબાકાળથી બાંધેલાં કર્મો પણ ક્ષણવારમાં ખપી જાય છે. (ઉપદેશપ્રાસાદ)**





# સોને મઢ્યું પરોઢ પુસ્તકમાંથી સાભાર

**૩-संपायण:** ગુરુને નિર્દોષ ઓષધાદિનું પ્રદાન કરવું-કરાવવું

હવે ગ્રંથકાર મહર્ષિ ગુરુશુશ્રૂષાકારી શ્રાવકના ત્રીજા મુદ્દાનું વર્ણન કરતાં લખે છે કે-

**'ओसहभेसज्जाई सओ, य परओ य संपणामेइ ।**
**सइ बहुमन्नेइ गुरुं भावं च णुवत्तए तस्स ॥ ५१ ॥**

ગુરુશુશ્રૂષાને કરનારો શ્રાવક ત્રીજા નંબરે ઔષધ અને ભેષજ વગેરે પોતે પણ સારી રીતે આપે અને બીજા દ્વારા પણ અપાવે. એ જ રીતે, ચોથા નંબરે પોતે ગુરુ પ્રત્યે બહુમાન ધારણ કરે અને એમને - ગુરુને અનુકૂળ થઈ વર્તે.

આ જ વાતને સ્પષ્ટ કરતાં ટીકાકાર મહર્ષિ લખે છે કે-

**औषधानि केवलद्रव्यरूपाणि बहिरुपयोगीनि वा, भेषज्यानि सांयोगिकान्यन्तर्भोग्यानि वा, आदिशब्दादन्यान्यपि संयमोपकारकाणि वस्तूनि, स्वतः-स्वयं दानेन, परतः- अन्यजनप्रदापनेन च सम्यक् प्रणामयति-सम्पादयति गुरुभ्य इति प्राकृतत्वात् ।**

ઔષધ એટલે જેમાં એક જ દ્રવ્ય હોય, તે અગર જે શરીરના બાહ્ય ઉપયોગમાં (એક્સટર્નલ યુઝમાં) હોય તે, ભેષજ એટલે જેમાં ઘણાં દ્રવ્યો ભેગાં કરાયાં હોય તે અગર જે શરીરમાં લેવાનું હોય (ઈન્ટર્નલ-મુખમાં આવતું હોય) તે. 'આદિ' શબ્દથી સંયમ માટે ઉપકારક અન્ય વસ્તુઓ પણ જાણવી. આ બધું પોતે ગુરુને આપવું અને અન્ય વ્યક્તિ દ્વારા પણ સારી રીતે અપાવવું.

**સાધુની ભક્તિ કરો તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ- ભાવ જોઈને કરો !**

ગુરુ ભગવંતની આહાર-પાણીથી લઈ વસતિ-ઉપાશ્રય સુધીની જે

વસ્તુઓ આપીને ભક્તિ કરવાની છે. તે કરતી વખતે શ્રાવકે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની પણ વિચારણા કરી એમની ભક્તિ કરવાની છે.

દ્રવ્યની વિચારણામાં, વહોરાવવાનું દ્રવ્ય સુલભ છે કે દુર્લભ છે? વગેરે દ્રવ્ય સંબંધી વિચારણા કરીને વહોરાવવાનું છે.

ક્ષેત્રની વિચારણામાં, આ સંવિગ્ન સાધુઓથી ભાવિત ક્ષેત્ર છે કે પાર્શ્વસ્થા વગેરેથી ભાવિત ક્ષેત્ર છે ? વગેરેનો વિચાર કરી પ્રવર્ત્તવાનું છે.

કાળની વિચારણામાં, હમણાં સુકાળ છે કે દુકાળ, ઉનાળો, શીયાળો કે વરસાદનો કાળ છે તે વિચારવાનું છે અને ભાવની વિચારણામાં, આચાર્ય, ઉપાધ્યાય, ગીતાર્થ, તપસ્વી, બાળ, વૃદ્ધ, ગ્લાન (રોગી) સહનશીલ, અસહનશીલ વગેરેનો વિચાર કરી સ્પર્ધા, મત્સર, માયા વગેરે દોષો ટાળીને અને આનંદ, રોમાંચ, ઉલ્લાસ અને આત્મકલ્યાણના ભાવપૂર્વક ઉછળતા પરિણામે, ૪૨ દોષથી રહિત પોતે આપે અને અન્યો પાસે પણ અપાવે.

જેમ કુશળ વૈદ્ય રોગીની અવસ્થા, વય, દેશ, કાળ આદિ જોઈને ઔષધાદિની માત્રા નક્કી કરે તેમ આ બાબતમાં પણ જાણવું.

સાધુ-સાધ્વીજી ભગવંતો વહોરવા માટે પધારે ત્યારે વિનયાદિપૂર્વક એમને વહોરાવતાં જે જે તેમને ખપે તેવી વસ્તુઓ હોય તેનું નામ કહીને વિનંતી કરવાની વિધિ છે.

હવે જ્યારે કોઈ એવો જ સમય આવી જાય કે જેમાં નિર્દોષ ગોચરીચર્યાથી સાધુ-સાધ્વીનો નિર્વાહ થતો ન હોય ત્યારે શાસ્ત્રે એના અપવાદો બતાવેલા છે, આવા અપવાદોને શ્રાવકે પણ ગુરુમુખે જાણી લીધા હોય. જેથી એવા અવસરે તે શાસ્ત્રસાપેક્ષ દાન આપીને સાધુ-સાધ્વીજીના સંયમની સુરક્ષાનો લાભ મળી શકે.

સુયોગ્ય કારણ ન હોય ત્યારે શ્રાવક જો અશુદ્ધ આહારાદિ વહોરાવે અને સાધુ-સાધ્વીજી ભગવંતો પણ તેવો દોષિત આહારાદિ લે તો **द्वयोरपि गृहितृ-दात्रोरहितं संसारप्रवृद्धेरल्पायुष्कतायाश्च हेतुत्वादपथ्यं स्याद् ।** બંનેને (સાધુ-સાધ્વી અને શ્રાવકને) સંસારની ઘણી વૃદ્ધિ અને અલ્પ આયુષ્યનો બંધ થવાથી અહિતકારી-અપથ્યરૂપ બને છે.





**ઓઘનિર્યુક્તિ** નામના આગમમાં સાધુ જો આ રીતે આહારાદિ લે તો તેનો સંસાર ઘણો વધે છે - એમ જણાવ્યું છે. તો **ભગવતીસૂત્ર** આગમમાં નિષ્કારણ આવો દોષિત આહારાદિ આપનાર શ્રાવકને અલ્પઆયુષ્યકર્મનો બંધ થવાનું જણાવેલ છે.

શાસ્ત્રમાં બતાવેલ અપવાદિક સંયોગોમાં શાસ્ત્રીય વિધિથી અશુદ્ધ આહારાદિ લેનાર અને આપનાર બંનેને લાભ થાય છે- એવું પણ આગમોમાં જણાવેલું છે.

**યથાશક્તિ કરો ભક્તિ : ભક્તિના લાભો :**

શ્રીમંત શ્રાવકે તો સ્વપક્ષ, પરપક્ષનો ભેદ કર્યા વિના બધા જ સાધુ-સાધ્વીજી ભગવંતોને અન્ન-પાન-વસ્ત્ર-પાત્રાદિ આપવાં. જેની આપવાની શક્તિ નથી એવો શ્રાવક પણ દાનની ભાવનાવાળા ઘરો બતાવવા આદિ દ્વારા સાધુ-સાધ્વીજીની સુંદર ભક્તિ કરી શકે છે. મધ્યમ આવકવાળા શ્રાવક માટે શાસ્ત્રે મર્યાદા બાંધી આપી છે. એણે પોતાની ઉપર ઉપકાર કરનારા ધર્મગુરુને અગર તો તેમના પરિવારના સાધુ-સાધ્વીજીને વહોરાવવું. ઓછામાં ઓછી શક્તિવાળા શ્રાવકે વર્ષે એકાદવાર એક મુહપત્તિ આપીને ય ગુરુભક્તિનો લાભ મેળવવો જોઈએ.

સાધુ-સાધ્વીજીની વહોરાવવાની વસ્તુનો કઈ કઈ હોઈ શકે. તેની એક સૂચી **શ્રાદ્ધવિધિ**માં સંઘપૂજા કર્તવ્યના વર્ણનમાં બતાવી ત્યાં જણાવ્યું છે કે-

**निजविभवाद्यनुसारेण भृशादरबहुमानाभ्यां साधु-साध्वी-योग्यमाधाकर्मदिदोष-रहितं वस्त्र-कम्बल-पादप्रोञ्छन-सूत्रोर्णा-पात्र-दण्डक-दण्डिका-सूची-कुण्टककर्षण-कागद-कुम्पक-लेखनी-पुस्तकादिकं श्रीगुरुभ्यो देयम्, एवं प्रातिहारिक-पीठफलकपट्टिकाद्यपि संयमोपकारि सर्वं साधुभ्यः श्रद्धया देयम् ।**

**ભાવાર્થ :** શ્રાવકે પોતાના વૈભવાનુસારે ઘણા આદર- બહુમાનથી સાધુ-સાધ્વીજીને ખપે તેવાં અને આધાકર્મ વગેરે દોષ વગરનાં વસ્ત્ર, કાંબળી, આસન, સૂતર, ઊન, પાત્ર, દાંડો, દાંડી(ઓઘા વગેરેની). સોય, કાંટાં કાઢવાનો ચિપિયો, કાગળ, ખડીયો, લેખણી-પેન, પુસ્તકો વગેરે શ્રી

ગુરુ ભગવંતોને આપવાં. એ જ રીતે ટેકો લેવા માટેના પીઠના ટેકા, પાટિયા, પટ્ટીઓ વગેરે સંયમને માટે ઉપકારક અન્ય પણ બધું જ સાધુ ભગવંતોને શ્રદ્ધાપૂર્વક આપવું જોઈએ.

ગુરુ ભગવંતને સંયમ સાધનામાં ઉપકારક અને તેવી ધર્મસામગ્રી આપવાથી આપનારને શું લાભ થાય ? તે જણાવતાં ટીકાકાર મહર્ષિ લખે છે કે-

**''अन्नं पानमथौषधं बहुविधं धर्मध्वजः कम्बलम्,**
**वस्त्रं पात्रमुपाश्रयश्च विविधो दण्डादिधर्मोपधिः ।**
**शस्तं पुस्तकपीठकादि घटते धर्माय यच्चापरम् ।**
**देयं दानविचक्षणैस्तदखिलं मोक्षार्थिने भिक्षवे ॥ १ ॥''**

तथा -

**''जो देइ ओसहाइं मुणीण मणवयणकायगुत्ताणं ।**
**सो सुद्धभावविभवो भवे भवे होइ नीरोगो ॥''**

**इति सम्पादने तृतीयः शुश्रूषाविधिः-३ ॥**

દાન આપવામાં કુશળ એવા શ્રાવકે ધર્મવૃદ્ધિ માટે ઉચિત અને પ્રશસ્ત હોય તે ૧-અન્ન, ૨- પાણી, ૩- ઔષધિ, ૪-રજોહરણ (ઓઘો), ૫-કાંબળી, ૬- વસ્ત્ર, ૭- પાતરાં, ૮- ઉપાશ્રય, ૯- દાંડો વગેરે ધર્મનાં વિવિધ ઉપકરણો (ઉપધિ) તથા ૧૦- પુસ્તક, ૧૧- પાટિયાં વગેરે બીજી પણ ઘણા પ્રકારની સામગ્રી મોક્ષાર્થી સાધુને આપવી જોઈએ.

એ જ રીતે કહ્યું છે કે-

''મન, વચન અને કાયગુપ્તિથી ગુપ્ત એવા મુનિઓને, શુદ્ધ ભાવની સંપત્તિવાળો જે (શ્રાવક) ઔષધ વગેરે આપે છે, તે પ્રત્યેક જન્મમાં નીરોગી બને છે.''

આ રીતે ગુરુજનને ઔષધ-ઉપધિ વગેરે અર્પણ કરવા, કરાવવા, અપાવવા સંબંધી શ્રાવકનો સાધુસેવા સંબંધી ત્રીજો મુદ્દો થયો.

ગુરુભગવંતને પણ શરીર છે, એમને પણ કર્મના ઉદયે રોગ થઈ





શકે, સહનશીલ મુનિ માટે મુખ્ય માર્ગે રોગ થાય તો એનો સ્વીકાર કરવાની, એ રોગને દૂર કરવા ઔષધ વગેરે નહિ કરવાની પ્રભુની આજ્ઞા છે. પરંતુ અપવાદપદે અનેક કારણોથી મુનિને ઔષધાદિ લેવાં પણ પડે. **ધ્યાનશતક** વગેરે ગ્રંથોમાં આનું ખૂબ જ સુંદર શબ્દોમાં વર્ણન કરાયલું જોવા મળે છે. એમાં જ્યારે પણ ઔષધની જરૂર પડે ત્યારે શ્રાવક ગુરુ ભગવંતને મૂલ્યવાનમાં મૂલ્યવાન ઔષધ પણ લાવી એમની ભક્તિ કરે. ભાવશ્રાવકની એવી ભાવના હોય કે, મારા ગુરુભગવંત નીરોગી રહેવા જોઈએ. એમના બધા સંયમયોગ બરાબર પ્રવર્તવા જોઈએ.

### સાધુ સેવા માટે જરૂરી છે હૈયાનું પરિવર્તન :

જ્યારે તમે વંદન કરો છો ત્યારે **ઈચ્છકાર**માં શું પૂછો છો ? તમે પૂછો છો **''સુખ-તપ-શરીર નિરાબાધ - સુખસંજમ-યાત્રા નિર્વહો છો જી ?''** આ દ્વારા પહેલા તમે, તપની પૃચ્છા કરો છો, અને તે પછી 'શરીર નિરાબાધ?' શરીર બાધા (પીડા) રહિત છે ? નીરોગી છે ? એમ પૂછો છો ! એમાં તમને ખબર પડે કે શરીર બરાબર નથી, તો શું કરો ? 'સાહેબ, કહી દઉં છું પેઢીમાં, ડૉક્ટર આવી જશે !' અમારા વહીવટદારોને કોઈની પડી જ નથી. મહાત્માઓને લઈ આવે છે, ધ્યાન પણ રાખતા નથી.' એમ બોલતો જાય, પણ શક્તિ હોવા છતાં એ પોતે કાંઈ ન કરે. જેની આર્થિક શક્તિ ન હોય એ પોતે દોડાદોડ કરીને ય ભક્તિનો લાભ લે- એ ય ઘણું છે.

આજ સુધીમાં તમે સંયમયાત્રા માટે કોઈને પૂછ્યું છે ? 'સાહેબ, આપ અહીં સુધી પધાર્યા, બધે વિહાર-ભૂમિ નિર્દોષ મળી ? ગોચરી-પાણીનાં ઘરો મળ્યાં ? આપને કાંઈ અગવડ તો નથી પડી ને ? ઔષધાદિની કોઈ જરૂર? અમને કાંઈ લાભ મળશે ?' આવું કાંઈ પૂછવાનો વ્યવહાર ખરો ?

**સભા :** પૂછવું પડે ?

તમે શ્રમણોપાસક હો તો તમારે પૂછવું પડે, શાસ્ત્રમાં ધર્મદેશના સાંભળ્યા બાદ શ્રાવકે **'अशनादिनिमन्त्रणम् ।'** આહારાદિની વિનંતી કરવી.'

એવી જિનાજ્ઞા બતાવી છે. જૂના ગ્રંથોમાં એ માટેનો પાઠ આ રીતે આપેલો છે :

**''इच्छकारी भगवन् ! पसाओ करी फासुएणं एसणिज्जेणं असण-पाण-खाइम-साइमेणं वत्थ-पडिग्गह-कंबल-पायपुंछणेण पाडिहारिअ-पीठ-फलग-सिज्जा-संथारेण ओसहभेसज्जेण य भयवं ! अणुग्गहो कायव्वो ।''**

'ઇચ્છું છું હે ભગવંત ! કૃપા કરીને મને પ્રાસુક અને ખપે એવા અશન-પાન-ખાદિમ-સ્વાદિમ-વસ્ત્ર-પાત્ર-કંબલ-આસનના સ્વીકાર દ્વારા, ટેકા માટેનાં પીઠ, પાટિયાં, ઉપાશ્રય અને સંથારાના સ્વીકાર દ્વારા અને ઔષધ-ભેષજના સ્વીકાર દ્વારા હે ભગવંત ! મારા ઉપર અનુગ્રહ કરજો !''

**ઇચ્છકાર** સૂત્રમાં બધી પૃચ્છા સામાન્યથી આપવામાં આવી છે.

આજે તો અમને ભળાવી દે મહેતાજીને, સાહેબ! મહેતાજીને કહી દઉં છું, કાંઈ જરૂર હોય તો કહી દેજો ! એટલે ભગવાનને ભળાવ્યા પૂજારીને, પુસ્તકોને ભળાવ્યાં ભંડારીને, સાધુ-સાધ્વીજીને ભળાવ્યા પેઢીના મહેતાજી કે મુનીમને; તો પછી તમારે શું કરવાનું ? તમને ખબર પડે કે મહાત્મા બીમાર છે, ઔષધની જરૂર છે. સામાન્ય શ્રાવક પોતે ન લાવી શકે તો શ્રીમંત શ્રાવક પાસે જઈને પણ ઔષધ મેળવી આપે. એ ઔષધ પણ મુખ્યત્વે નિર્દોષ જ જોઈએ. તમારા ઘરમાં તમારા માટે આવેલ ઔષધ મુનિ માટે નિર્દોષ ગણાય. તાવ આવ્યો અને ક્રોસિન જોઈએ તો તમારે ત્યાંથી નિર્દોષ મળી જાય. સામાન્ય સામાન્ય રોગની દવા લગભગ આ રીતે મળી જાય. ક્યારેક વિશેષ રોગોની દવા પણ મળી શકે. હાર્ટએટેકનો દર્દી શ્રાવક હાર્ટએટેકના દર્દી મુનિને એ રોગની દવા નિર્દોષ આપી શકે. એવું ઘણી બધી બાબતોમાં બની શકે. દવાના વેપારીઓ જૈન હોય, અન્ય ધર્મના ભદ્રક જીવો હોય તેમની દુકાનોમાંથી પણ જરૂરી દવા નિર્દોષ મળી શકે. આ માટે બુદ્ધિ-સમયાદિનો ભોગ આપવો પડે. જેમ ઔષધ વગેરે નિર્દોષ મેળવીને ગુરુ ભગવંતની ભક્તિ કરવાની છે તેમ આહાર-પાણી-વસ્ત્ર-પાત્ર-વસતિ વગેરે જે જે વસ્તુઓ કે ઉપકરણો સાધુ-





સાધ્વીજીનાં સંયમની આરાધના માટે જરૂરી હોય તે સઘળું પણ નિર્દોષ મેળવીને ભક્તિ કરવાની છે.

સુપાત્રમાં જે દાન આપો, તે નિર્દોષ દ્રવ્યનું આપો !

આજે તો આવીને અમને કહે,

'સાહેબ ! અમે ભલે રાત્રે ખાઈએ, પણ આપના માટે સાંજે પાંચ વાગે બધી રસોઈ બનાવીને તૈયાર રાખી છે, લાભ આપજો ! મહારાજ બિચારા સાંજે વહોરવા ક્યાં જાય ?'

'મહારાજ સાહેબ ! ગામમાં કોઈ ઉકાળેલું પાણી પીતું નથી, પણ આપ ચિંતા ન કરશો. આપના માટે પાણી ઉકાળીને તૈયાર રાખ્યું છે.' આ સેવા નથી, આમાં કાર્ય થયું, પણ સેવા ન થઈ. સાધુ-સાધ્વીનાં કાર્ય થઈ જવાં, પોતે એ કરી જવાં એ પર્યાપ્ત નથી, એ નિર્દોષ રીતે થવા જોઈએ. એમનાં સંયમમાં બાધ ન પહોંચે તે રીતે થવાં જોઈએ. એનાથી તમને શ્રાવકને અગણિત ભાવની વૃદ્ધિ વગેરે લાભો થવા જોઈએ. જે પણ કાર્ય થાય તે શક્યતમ દોષરહિત થાય એ જરૂરી છે. એ માટે તમને શ્રાવકને ય સાધ્વાચાર અંગેનું સારું એવું જ્ઞાન જોઈએ, સાથે શ્રાવકના ઉત્તમ આચારોનું પણ જ્ઞાન અને અનુભવ જોઈએ. તમને થવું જોઈએ કે, હું કેવું જીવન જીવું, હું કેવું જીવન બનાવું કે મને નિર્દોષ લાભ મળે ? એની વિચારણા થવી જોઈએ અને તેને અનુરૂપ તમારી આચારસંહિતા થવી જોઈએ.

ઘરમાં બધાને રાત્રિભોજનનો ત્યાગ હોય, તો શ્રાવક સાધુ ભગવંત પાસે આવીને કહે કે, 'ભગવંત ! અમારા ઘરમાં બધાને રાત્રિભોજનનો ત્યાગ છે. ઘરમાં રસોઈ રોજ વહેલી બની જાય છે, તો આ સેવકને ત્યાં સાંજની ગોચરીનો લાભ આપજો.'

ઘરમાં બધા ઉકાળેલું પાણી પીતા હોય તો આવીને કહે, 'સાહેબ ! ઘરમાં બધા ઉકાળેલું પાણી પીવે છે, મહેમાનને પણ અમારે ત્યાં ઉકાળેલું પાણી જ અપાય છે. કાચા પાણીનું માટલું અમારા ઘરમાં નથી, અમારે ત્યાં હંમેશા ઉકાળેલું પાણી હોય છે. સેવકને નિર્દોષ પાણીનો લાભ આપજો.'

તમે ધારો તો આ રીતે નિર્દોષ અન્ન-પાણી વહોરવવાનો લાભ લઈ શકો કે નહિ ? સાધુ-સાધ્વીજીને આપવું એટલું જ મહત્ત્વનું નથી, જે પણ આપો તે નિર્દોષ આપો એ મહત્ત્વનું છે. કારણ વિના દોષિત આપવાથી તમને પણ દોષ લાગે છે.

કપડાની વાત કરીએ તો આજે તમારાં કપડાં અમને શું કામ લાગે ? આજે તમારો વેશ શ્રાવક જીવનની મર્યાદા મુજબ હોય તો તમારો ખેસ, ધોતી બધું કામ લાગે અને તમને પણ નિર્દોષ વસ્ત્ર વહોરાવવાનો લાભ મળે. આજે તમારી રહેણી-કરણી જ એવી થઈ ગઈ છે કે અમને નિર્દોષ ક્યાંથી મળે ?

આજે તમારા ઘરમાં વહોરવા આવીએ ને તમારે કહેવું પડે કે, 'મહારાજ સાહેબ ! આપના માટે કોથમીર વગરનું જુદું રાખ્યું છે.' તમને ખબર છે કે આ અમારે ન ચાલે તો તે તમારે કેમ ચાલે ? ભૂતકાળમાં શ્રાવકોને અતિથિ- સંવિભાગનો નિયમ રહેતો, એ ગુરુભગવંતને વહોરાવવા વિનંતિ કરતા અને ગુરુભગવંત જે વહોરે તેટલાથી જ એ પારણું કરતા. આજે તો કહે, 'મહારાજ સાહેબ ! મારે અતિથિસંવિભાગ છે. આપે બધું જ વહોરવું પડશે અને મહારાજ સાહેબને ન ખપ હોય તો ય એને જ વાપરવું હોય તે બધું જ આગ્રહ કરીને વહોરાવે. હું **મુંબઈ**માં હતો. એક કાકા આવ્યા. એમને અતિથિસંવિભાગ હતો. કાકા બરાબર મોટી ઉંમરના પીઢ અને જામેલા હતા. મારા સાધુને વહોરવા લઈ ગયા. બધું વહોરાવ્યા પછી કહ્યું, 'મહારાજ સાહેબ ! આ છીંકણી વહોરો, સાધુએ ના પાડી કહ્યું કે, 'અમારાથી છીંકણી ન વહોરાય.' તો કહે, 'વર્ષોથી આ અતિથિસંવિભાગ કરું છું. બધા ગુરુ મહારાજ વહોરે છે અને તમે કેમ ના પાડો છો. તમારે વહોરવું જ પડશે, નહિ વહોરો તો તમારા ગુરુ મહારાજને આવીને ફરિયાદ કરીશ.' શ્રાવકથી આવું કરાય ? આ તો એક જાતનું ગાંડપણ છે, હજુ માર્ગ સમજ્યા નથી, એની આ નિશાની છે.

શ્રાવક તો કોને કહેવાય ? **શ્રૃણોતીતિ શ્રાવકઃ** જે સાધુ અને શ્રાવકના આચારોનું ગીતાર્થ ગુરુ ભગવંતના મુખે રોજ શ્રવણ કરતા હોય તે શ્રાવક કહેવાય. શ્રાવકને સાધુના એક-એક આચારની ખબર હોવી જોઈએ. એ

વિનંતી કર્યા વગર બોલાવી કરેલું સુપાત્રદાન મધ્યમ કહેવાય છે. (સુભા.)



જ રીતે શ્રાવકને શ્રાવકજીવનના એક-એક આચારની ખબર હોવી જોઈએ અને શ્રમણજીવન નિર્દોષ કેમ બને, તેની કાળજી હોવી જોઈએ.

**તમારા જીવન વ્યવહારો નહિ બદલો ત્યાં સુધી સાચું સુપાત્રદાન નહિ આપી શકો :**

શ્રાવક વ્યાખ્યાનમાં આવે અને વ્યાખ્યાન પૂરું થાય,પછી ચારે બાજુ નજર કરે. કોઈ બહારગામથી આવેલા સાધર્મિક દેખાય તો એને વિનંતિ કરીને ઘરે લઈ જાય. એના ઘરમાં એ મુજબની જ રસોઈ બની હોય. સાધર્મિકને લઈ ગયા પછી રસોઈ બનાવવા બેસવું ન પડે. એને રાહ જોવી ન પડે. આજે તો ચાર મારી, ચાર તારી, બે બાબાની, બે બેબીની, એમ ગણી ગણીને રોટલી બને અને એમાં અમને કહે, 'મહારાજ સાહેબ ! શહેરમાં કોઈ ભિખારી મળે નહિ. રોટલી વધે તો નાખવી ક્યાં ?' એમાં ય તમારી ફ્લેટ સિસ્ટમમાં તમારો ભૈયો નીચે ઊભો હોય. ભિખારી હોય તો ય તમારા ઘર સુધી પહોંચી ન શકે. ભિખારીની વાત તો જવા દો. અનુકંપાદાનથી તો વંચિત થયા. હવે સુપાત્રદાનથી પણ વંચિત થયા છો. અમારા સાધુ વહોરવા જાય ત્યારે નીચે જ તમારો ગુરખો સાધુને રોકે. ઉપર ફોન કરે. તમે કહો, 'આવવા દો.' પછી એ સાધુને ઉપર જવા દે. **'उग्घाडकवाड-उग्घाडणयाए ।'** અમારા નિમિત્તે ઘરનું બારણું પણ ખોલો તો અમને દોષ લાગે અને આજે ફોન કરવા પડે ? ગુરખો પૂછે, પછી જવા દે, આવું બધું ચાલે ? તમે ગયા હોય ઑફિસે, દીકરો ગયો હોય સ્કુલે અને બહેનો બિચારાં ઘરમાં એકલાં હોય. એટલે અમારે સાધુને ગોચરી વહોરવા મોકલવા હોય તો પણ કેવી રીતે મોકલવા-એની ગુરુજનોને ચિંતા થાય. તમે એક પગથિયું ચૂક્યા, એમાંથી બધું ચૂક્યા. આ બધું સમજવા માટે પણ તમારે ભણવું પડશે અને તમારું જીવન બદલવું પડશે. આજે મોટો ભાગ એવું માને છે કે ગોચરી-પાણી વહોરાવી દીધાં. થોડીક દવાઓ વહોરાવી દીધી. ચોમાસા પહેલાં કપડું વહોરાવી દીધું, એટલે સાધુસેવા થઈ ગઈ, પણ એ સાધુસેવા નથી.

**સભા :** એનાથી પુણ્ય બંધાય ?

અણસમજ હતી ત્યાં સુધી જુદી વાત. હવે સમજ મળ્યા પછી પણ

સાધુ પાસે મંગાવીને આપેલું સુપાત્રદાન અધમ કહેવાય છે.(સુભા.)

આ જ આગ્રહ હોય તો ખોટી વસ્તુનો આગ્રહ છે. તેને કારણે પુણ્ય ન બંધાય, પણ પ્રભુ આજ્ઞાની ઉપેક્ષા કરવાના કારણે પાપનો બંધ પણ થાય.

સંયમશુદ્ધ એવા મહાત્માઓને નિર્દોષ ઔષધ વહોરાવનાર શ્રાવકને એવું કુશળ પુણ્ય બંધાય છે કે એના ફલરૂપે એ દરેક ભવમાં નીરોગી બને છે. એને શારીરિક-માનસિક કોઈ રોગો થાય નહિ. આ રીતે ક્રમે કરીને એ ભાવ-નીરોગતા એટલે જ મોક્ષને પણ પામે છે. સંયમમાં સહાયક નિર્દોષ અન્ન-પાણી-વસ્ત્ર-પાત્ર-ઉપધિ-ઉપાશ્રયાદિ આપનાર-અપાવનાર સુશ્રાવકો ચારિત્ર મોહનીય કર્મને ખપાવી સંયમની સુંદર આરાધના કરીને થોડા જ ભવોમાં કર્મને ખપાવી શાશ્વત સુખના ધામરૂપ મોક્ષને પામે છે. ગુરુસેવાનો આવો મહાન લાભ છે.

## ગુરુ ભગવંતને કેવી રીતે બોલાવાય ?

પૂ. ગુરુભગવંતો સાથેનો શ્રાવકોનો વ્યવહાર કેવો હોવો જોઈએ તે વિષયમાં અનેક જગ્યાએ અજ્ઞાનતા છે. તે માટે સુપાત્રદાન વિષયક આ પુસ્તકમાં કેટલાક ઔચિત્ય-વ્યવહારના પણ મુદ્દા મુકેલા છે. તે ગુરુભગવંતો સાથેનો વ્યવહાર સુધારવા માટે મૂકવા છે. તો આ મુદ્દા વાંચી તે મુજબ આવો સુંદર વ્યવહાર કરીને આપણા જીવનને દીપાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. - સંપાદક.

**દેશ-કાળ જોયા વિના પાત્રમાં અવજ્ઞા-અસત્કારપૂર્વક આપેલું દાન તામસિક દાન કહેવાય છે. (પાર્શ્વનાથ ચરિત્ર)**

**દાન આપીને પ્રત્યુપકારની કે કોઈ ફળ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તો તે દાન રાજસિકદાન કહેવાય છે. (પાર્શ્વનાથ ચરિત્ર)**

**કોઈપણ પ્રકારના પ્રત્યુપકાર વિના, દેશ કાળને યોગ્ય મારે આપવું છે એ વિચારથી જે આપવામાં આવે છે તે દાન સાત્વિક દાન કહેવાય છે. (ભગવદ્ગીતા)**





પૂ. ગુરુમહારાજ એકલા જોવામાં આવે, ત્યારે પણ વિચાર કરીને એમ જ પૂછવું જોઈએ કે, ‘‘આપ કેટલાં ઠાણાં પધાર્યાં છો ?’’ ‘‘આપ કેટલાં ઠાણાં અહીં બિરાજમાન છો ?’’ એમ વિવેકપૂર્વક પ્રશ્નો પૂછવાથી ગુરુમહારાજનું ચિત્ત પ્રસન્ન થાય છે.

સાધુ ભગવંતને બોલાવવા માટે શબ્દો પણ આપણા ઉત્તમ કુળને છાજે તેવા જ બોલવા જોઈએ. પરમોપકારી ગુરુભગવંતને ‘મહારાજજી’, ‘સાહેબજી’, ‘ગુરુજી’, ‘મહારાજ સાહેબ’ કે ‘ગુરુ મહારાજ’ કહેવાય. પાછળ માનવાચક ‘જી’ અથવા ‘સાહેબ’ શબ્દ લગાડીને બોલાય, પણ એકલો ‘મહારાજ’ શબ્દ બોલાય નહિ.

આપણને જ્ઞાન આપનારા ઉપકારી ગુરુમહારાજ માટે, સામાન્ય માણસો માટે વપરાતો ‘આવ્યા’ શબ્દ પણ વપરાય નહિ.

‘ગુરુજી પધાર્યા’, ‘મહારાજ સાહેબ પધાર્યા’ ‘મહારાજજી પધાર્યા’, ‘ગુરુ મહારાજ પધાર્યા’, મોટા માણસો માટે વપરાતા આવા માનભર્યા ઊંચા શબ્દો જ વાપરવા જોઈએ. આ સંસારમાં ઊંચામાં ઊંચું સ્થાન દેવ-ગુરુ ભગવંતનું છે. ઊંચામાં ઊંચા સ્થાને રહેલા ગુરુમહારાજ માટે આપણે ‘પધાર્યા’ શબ્દ નહિ વાપરીએ, તો બીજા કોને માટે વાપરીશું?

પૂ. ગુરુભગવંતોનાં નામોમાં ‘વિજયજી’, ‘સાગરજી’ વગેરે નામના અંશ છે અને ‘મહારાજ સાહેબ’ એ માનવાચક શબ્દ છે. એથી ગુરુ ભગવંતોનાં નામ ‘વિજયજી’, ‘સાગરજી’ એ માનવાચક અંશો સહિત ને માનવાચક ‘મહારાજ સાહેબ’ શબ્દ જોડીને બોલવા જોઈએ.

પૂ. આચાર્ય ભગવંતોનાં નામ પણ માત્ર ‘સૂરિ’ શબ્દ જોડીને નહિ, પણ ‘સૂરીશ્વરજી મહારાજ’ વગેરે સંપૂર્ણ માનવાચક શબ્દો જોડીને જ બોલવાં જોઈએ, એથી એમના પ્રત્યેનો આપણો વિનય જળવાય છે, સદ્ભાવ વૃદ્ધિ પામે છે અને એમની કૃપા પ્રાપ્ત થાય છે. આજે ઘણા ગૃહસ્થો આચાર્ય ભગવંતોને પણ માત્ર અડધા જ નામથી બોલાવે છે એ રીતે બોલનાર જૈન શાસનના આચાર્ય ભગવંતનું અપમાન કરવા દ્વારા ભયંકર પાપકર્મ બાંધે છે.

પૂ. સાધ્વીજી મહારાજના નામ પણ પાછળ માનવાચક ‘શ્રીજી મ. સા.’ જોડીને જ બોલવાં જોઈએ.

પૂ. ગુરુ મહારાજનું નામ લખતી વખતે તેમના નામની આગળ ‘પરમ પૂજ્ય’ શબ્દ અવશ્ય લખવો જોઈએ. તેમનું નામ માનવાચક શબ્દ જોડ્યા વિના લખાય નહિ.

પૂ. ગુરુ મહારાજ ઊભા હોય ત્યારે આપણે ઊભા થવું જોઈએ. પૂ. ગુરુ મહારાજ આપણી સામે ઊભા રહીને વાત કરતા હોય ત્યારે આપણે તેમની સામે બેઠાં બેઠાં વાત કરાય નહિ. બેસી રહીને વાત કરવાથી તેમનો અવિનય થાય.

ગુરુ મહારાજની સામે ખવાય-પીવાય નહિ, તેમની પાસે એંઠા મોઢે, કાંઈ પણ ખાતાં ખાતાં, મોઢામાં પાનનો ડૂચો કે તમાકુ રાખીને જવાય નહિ.

ગાદી- ગાદલા ઉપર કે ઊંચા આસને બેસીને પૂ. ગુરુમહારાજનો ઉપદેશ સંભળાય નહિ, પૂ. ગુરુમહારાજથી નીચા આસને કે જમીન ઉપર બેસવું જોઈએ.

પૂ. ગુરુમહારાજની સામે ગાદી-ગાદલા ઉપર સુવાય કે બેસાય નહિ.

પૂ. ગુરુમહારાજની સામે પગ લાંબા કરીને સુવાય કે બેસાય નહિ. પોતાના ઘરમાં કે અન્યત્ર ભગવાન અને પૂ. ગુરુમહારાજની મૂર્તિ કે ફોટા સામે પણ પગ લાંબા કરીને સુવાય કે બેસાય નહિ.

દેવ-ગુરુ કે તેમની પ્રતિમા અને તેમના ફોટાને પૂંઠ કરીને બેસાય કે ઊભા રહેવાય નહિ ખવાય-પીવાય પણ નહી.

રાત્રે ગુરુવંદન કરાય નહિ, અવગ્રહ સાચવીને ઊભા રહી, બે હાથ જોડી, મસ્તક નમાવી ‘ત્રિકાલવંદના’ કહેવાય.

પૂ. ગુરુમહારાજની કોઈપણ વસ્તુ તેમને પૂછ્યા વગર લેવાય નહિ.

પૂ. ગુરુમહારાજને આપણી કોઈપણ વસ્તુ સાચવવા માટે અપાય નહિ.

ગૃહસ્થનું કામ કરવાનો પૂ. ગુરુમહારાજનો આચાર નથી માટે આપણું





કાંઈ કામ પૂ. ગુરુમહારાજને બતાવાય નહિ કે ગુરુમહારાજ પાસે કરાવાય નહિ.

પૂ. ગુરુમહારાજનાં મહાવ્રતોને બાધા પહોંચે તેવા પ્રશ્નો તેમને પૂછાય નહિ. સંસારનાં કાર્યો સંબંધી મુહૂર્ત જ્યોતિષ તથા વૈદ્ય અને દવા અંગે તેમને કદી પણ પૂછાય નહિ.

સાધુ ભગવંતની પાસે દોરા ધાગા કરાવીને દુકાન, ઘર, આદિના મુહૂર્તો કઢાવરાવીને એમની સ્વાદિષ્ટ દ્રવ્યોથી ભક્તિ કરવી તે તો અત્યંત અહિતકર અને અશુભ કર્મબંધનું કારણ છે. ‘મારા સંબંધી છે, મારા ગામના છે, મારા સમુદાયના છે’ ઈત્યાદિ ભાવોથી વહોરાવવું તે પણ દોષનું કારણ છે, પરંતુ ‘મારા ઉપકારી છે’ એમ માની ભાવથી વહોરાવે તો દોષનું કારણ નથી. આર્થિકસ્થિતિ, સંયોગ, ઉપકાર આદિના કારણે સેવા-ભક્તિમાં તફાવત પડે પણ તે તફાવત ધર્મ-સંબંધનો બાધક નથી.

પૂ. સાધુ ભગવંતોથી દેરાસરનું ખાતમુહૂર્ત પણ કાઢી ન શકાય તો દુકાન, ઘર, આદિનાં સંસારવર્ધક મુહૂર્તો તો કાઢી અપાય જ નહિ અને દોરા ધાગા કરાય જ નહિ.

પૂ. ગુરુમહારાજ સમક્ષ સ્ત્રી-પુરુષ સંબંધી ઉચિત મર્યાદાનું પાલન અવશ્ય કરવું જોઈએ.

પૂ. ગુરુમહારાજ સમક્ષ પતિ-પત્ની અથવા સ્ત્રી-પુરુષોએ જોડાજોડ બેસાય નહિ, ઉચિત અંતર રાખીને જ બેસવું જોઈએ.

પૂ. ગુરુમહારાજ સમક્ષ સ્ત્રીઓએ ઉઘાડા માથે જવાય નહિ, માથું ઉઘાડું રાખીને ઉપદેશ કે વ્યાખ્યાન સંભળાય નહિ, વાસક્ષેપ નંખાવતી વખતે માથું ખોલાય નહિ. સાડીથી માથું ઢાંકેલું રાખીને જ વાસક્ષેપ નંખાવાય તેમ જ સાધ્વીજી મહારાજ સમક્ષ પણ ઉઘાડા માથે જવાય નહિ.

વ્યાખ્યાન સાંભળવા પૂ. ગુરુમહારાજ સામે સભ્યતાપૂર્વક બેસવું જોઈએ, બન્ને પગ ઊભા રાખી તેની ફરતા બે હાથ વીંટાળીને બેસાય નહિ, એક પગ ઊભો રાખીને જમીન ઉપર હાથ ટેકવીને પણ બેસાય નહિ, પગ લાંબા કરીને બેસાય નહિ. ગુરુમહારાજથી ૩॥ હાથ દૂર બેસવું

જોઈએ. ગુરુમહારાજની દૃષ્ટિ આપણા ઉપર પડે અને આવનારને વિઘ્ન ન થાય તેમ યોગ્ય રીતે બેસવું જોઈએ.

પુરુષોએ પૂ. સાધ્વીજી મહારાજને ખમાસમણ દેવાય નહિ અને અબ્ભુટ્ઠિઓ ખામીને વંદન પણ કરાય નહિ. બે હાથ જોડીને માત્ર 'મત્થએણ વંદામિ' કહેવાય.

પુરુષોએ પૂ.સાધ્વીજી મહારાજ પાસે કે અન્ય કોઈ સ્ત્રી પાસે કોઈ પણ પચ્ચક્ખાણ લેવાય નહિ અને ગોખેલી ગાથા તેમને સંભળાવાય પણ નહિ. 'કરેમિ ભંતે' ઉચ્ચરાય નહિ ઉચ્ચરાવાય નહિ અને કોઈપણ આદેશ મંગાય નહિ.

પૂ. પુરુષોથી સાધ્વીજી મહારાજનું પૂજન કરાય નહિ અને તેમની પાસે વાસક્ષેપ પણ નંખાવાય નહિ, વ્યાખ્યાન કે માંગલિક પણ સંભળાય નહિ.

જ્ઞાનીઓએ સ્વ-પરના હિતને માટે બતાવેલી આ મર્યાદાનું પાલન વર્તમાન વિષમકાળમાં તો વિશેષ પ્રકારે કરવા યોગ્ય છે.

**મૂંઝવણોના ઉકેલ :**

**પ્રશ્ન :** મહાત્માને શું ખપે ? શું ન ખપે ? તેની અમને ખબર જ નથી પડતી. તો બધાની વિનંતી કરવી ? શેની કરવી- શેની નહીં ?

**ઉત્તર :**- મહાત્માઓ મુખ્યત્વે ત્રણ પ્રકારની વસ્તુઓ વહોરતા નથી.

**૧. સચિત્ત** - જેમાં જીવ હોય તેવી વસ્તુઓ જેમ કે કાચું પાણી, કાચું મીઠું, બીવાળાં ફળ, સુધાર્યા વિનાનાં - સુધાર્યા બાદ ૪૮ મિનિટ થયા વિનાનાં ફળ...

**૨. સંસક્ત** - જેમાં જીવોત્પત્તિ થઈ હોવાની સંભાવના હોય તેવી વસ્તુ જેમ કે દ્વિદળ (કાચા દૂધ, દહીં, છાસ + કઠોળ), વાસી કાચી મીઠાઈ (બંગાલી મીઠાઈ, કાચો માવો, કાચી ચાસણીની મીઠાઈ વગેરે બીજે દિવસે વાસી થાય.)

**૩. દોષિત** - સાધુ ભગવંતો માટે જ બનાવેલ વસ્તુ.





તે ઉપરાંત કંદમૂળ વગેરેમાંથી બનાવેલ વસ્તુઓ વહોરતા નથી.

આ સિવાય કોઈપણ વસ્તુની વિનંતી મહાત્માને નિઃસંકોચપણે કરવી. તેમને કલ્પતું હોય તો વહોરશે, નહીં કલ્પતું હોય તો નહીં વહોરે... પણ **"તેમને નહીં ખપે"** તેવું વિચારીને વિનંતી જ ન કરવામાં તો તમને મળી શકતા લાભને પણ તમે ગુમાવો, તેવું બની શકે.

પર્વતિથિની માન્યતા અને અનેક દ્રવ્યોની કલ્પ્યતા- અકલ્પ્યતા બાબતમાં જુદા જુદા સમુદાયોમાં સામાચારીનો ભેદ પણ છે. એટલે વિનંતી કરવાથી તેમને ખપતું હોય તો તમને લાભ મળી શકે છે.

વળી એ પણ ધ્યાનમાં રાખવું કે સાધુ ભગવંતોના આચારો- કલ્પ્યાકલ્પ્યના નિયમો, શ્રાવકો કરતા જુદા છે, કારણ કે શ્રાવકો પોતાને જોઈતી વસ્તુ બનાવી શકે છે. સાધુને નિર્દોષ મેળવવાનું છે. એટલે એવી અનેક વસ્તુઓ છે કે જે શ્રાવકને માટે અકલ્પ્ય હોવા છતાં સાધુને માટે કલ્પ્ય છે. જેમ કે વર્તમાનમાં આયંબિલમાં નિર્દોષ ગોચરી વાપરનાર સાધુ ભગવંતો તેલનું સામાન્ય મોણ નાખેલ રોટલી-ખાખરા વહોરી શકે છે; પણ શ્રાવકોને આયંબિલમાં તેવું વાપરવું ખપતું નથી. એ જ રીતે ખીચડીમાં હળદર હોય તો તેમને ખપી શકે છે જે શ્રાવકવર્ગને ખપી ન શકે. એટલે

૧) સાધુ ભગવંત વહોરે છે, એટલે અમને પણ ખપે, એવું ક્યારે ય માની લેવું નહીં. અને

૨) જે વાપરવાનો તમને નિષેધ કર્યો હોય, તેવી જ વસ્તુ સાધુ ભગવંત વહોરે, તો તેટલા માત્રથી તેમને હીન આચારવાળા માની લેવા નહીં.

સચિત્ત - સંસક્ત વસ્તુ ભૂલથી વહોરાવાઈ ગઈ હોય, અને સાધુ ભગવંતને પાછળથી ખબર પડે, તો તેઓ ગૃહસ્થને તે વસ્તુ પાછી આપે તેવો તેમનો આચાર છે. તેવા અવસરે પાછી લેવાનો ઈન્કાર કરવો નહીં.

છેલ્લે એક ખાસ ધ્યાનમાં રાખવું કે સાધુ ભગવંતોને ક્યારેય- કારણવશાત્ નાનો દોષ લાગતો હોય તો પણ વહોરવું જરૂરી હોય તો વહોરે છે. એ તેમના માટે અપવાદમાર્ગ છે અને તેવું વહોરાવવામાં

શ્રાવકને લાભ છે, માટે સચિત્ત-સંસક્ત સિવાયના દ્રવ્યોની વિનંતી અવશ્ય કરવી.

**પ્રશ્ન :** સાધુ ભગવંતો પોતાના માટે જ બનાવેલ વસ્તુ વહોરે નહીં. તો કોઈ મહાત્મા અમને કોઈ વસ્તુ બનાવવાની સૂચના કરે, તો શું કરવું? અમે તેવી વસ્તુ બનાવીને વહોરાવીએ, તો અમને લાભ થાય કે નુકશાન? મહાત્માએ સૂચના ન કરી હોય, પણ મહાત્મા આસપાસના બિલ્ડીંગમાં પધાર્યા છે એવી ખબર પડે, કે પધારવાની સંભાવનાથી ભક્તિ માટે ખાસ દ્રવ્યો બનાવીને વહોરાવીએ, તો અમને લાભ થાય કે નુકશાન?

**ઉત્તર :** પહેલી વાત એ સમજી રાખો કે પરમાત્માના શાસનમાં ઉત્સર્ગ અને અપવાદ એમ બે પ્રકારના માર્ગ છે. પોતાના માટે જ બનાવેલ વસ્તુ ન વહોરવી એ સાધુ ભગવંતો માટે ઉત્સર્ગ માર્ગ છે; તેમ, કોઈ વિશેષ કારણ હોય તો, તેવી દોષિત ગોચરી વહોરવી, તે અપવાદ માર્ગ છે; ભગવાનની આજ્ઞા છે. તેવું કરનાર સાધુ ભગવંત પણ કર્મની નિર્જરા જ કરે છે; યાવત્ કેવળજ્ઞાન પણ પામી શકે છે. તે કારણો અનેક પ્રકારના હોઈ શકે છે, જેમકે -

૧. બિમાર સાધુ માટે વિશિષ્ટ દ્રવ્યો જરૂરી હોય.
૨. વૃદ્ધ સાધુને અમુક જ દ્રવ્યો માફક આવતાં હોય, બીજાં ન પચતાં હોય.
૩. આચાર્ય/ઉપાધ્યાય/પ્રવચનકાર/વાચનાદાતા/સંઘના સુકાની એવા મહાત્માને આરોગ્ય સાચવવા અમુક જ દ્રવ્યો વાપરવા જરૂરી હોય.
૪. માસક્ષમણાદિ વિશિષ્ટ તપશ્ચર્યાના પારણામાં અમુક જ દ્રવ્યો પચી શકે.
૫. સમુદાય મોટો હોય, ઘરો ઓછાં હોય.
૬. વિહારના ક્ષેત્રોમાં ઘરો જ ન હોય.
૭. બાળમુનિ માટે ખાસ દ્રવ્ય જરૂરી બન્યું હોય.
૮. સાંજના સમયસર ગોચરી મળતી ન હોય.
૯. વરસાદ ચાલુ હોવાના / આવવાની સંભાવનાના કારણે નજીકના ઘરોમાંથી જ ગોચરી વહોરવી પડે તેમ હોય.

શ્રાવક ચારે દિશામાં'કોઈ સાધુ ભગવંતો આવી રહ્યા છે?' તે જોઈને પછી જમે. (ઉપ.)



આવાં અને બીજાં યોગ્ય કારણે મહાત્મા પોતાના માટે જ બનાવ્યું છે તેવું જાણવા છતાં વહોરે કે વિવેકી શ્રાવકોને ઉપયોગ આપે, ધ્યાન દોરે તે સંભવિત છે. તેવા વખતે વહોરનાર- વહોરાવનાર બંનેને એકાંતે માત્ર લાભ છે, નુકસાન જરા પણ નથી. એટલે તેવા અવસરે શ્રાવકે અપાર ભક્તિભાવથી વહોરાવવું જ જોઈએ.

બીજું એ પણ સમજવું કે કદાચ સાધુ તેવા કોઈ યોગ્ય કારણ વિના જ દોષિત ગોચરી વાપરી રહ્યા હોય (યાદ રાખજો કે કારણ હોવાની સંભાવના શક્ય છે જ, પણ માની લઈએ કે કારણ નથી જ, તેની તમને ખાતરી છે) તો તેમને દોષ લાગે છે; પણ દોષ લાગે એટલા માત્રથી કંઈ તેઓ સાધુ મટી જતા નથી. દોષશુદ્ધિનો આલોચના-પ્રાયશ્ચિત્તનો માર્ગ પણ જ્ઞાનીઓએ બતાવેલો છે જ.

શાસ્ત્રકારોએ નિર્દોષ ગોચરી એ સાધુનો ઉત્તરગુણ બતાવ્યો છે. જેના મૂળગુણ (મહાવ્રતો) સુરક્ષિત છે, તેવા સાધુના ઉત્તરગુણમાં ખામી હોય અને તેમાં સાપેક્ષભાવ જીવતો હોય, પ્રાયશ્ચિત્તાદિવિધિનું પાલન કરતા હોય તો તેમાં અતિચાર લાગે છે, પણ સાધુપણું નાશ પામતું નથી.

હવે તમારો પ્રશ્ન જે છે કે શ્રાવકને દોષિત વહોરાવવામાં લાભ કે નુકસાન ? તો તે અંગે જણાવવાનું કે-

૧. નિર્દોષ ગોચરી વહોરાવનારને અને યોગ્ય કારણસર દોષિત પણ વહોરાવનારને એકાંતે વિશિષ્ટ લાભ-પુણ્યબંધ અને કર્મનિર્જરા જ થાય છે.
૨. જેને ખબર જ નથી કે સાધુ ભગવંતોને પોતાને માટે બનાવેલું ન કલ્પે, તેવા (અજૈનો કે તેના જેવા અજ્ઞાની જૈનો) ભક્તિથી દોષિત વહોરાવે, તો તેમાં તેમને શાસ્ત્રદૃષ્ટિએ વિચારતાં વધારે લાભ અને ઓછું નુકશાન થાય છે, કારણ કે તેમની પાસે વિશિષ્ટ વિવેક નથી.
૩. તે સિવાયના જીવો માટે શાસ્ત્રકારોએ તેમના પરિણામના આધારે લાભ - નુકસાન બતાવ્યાં છે. તે વિષય અતિગહન છે; જિજ્ઞાસુઓએ ગીતાર્થ ગુરુભગવંતો પાસે સમજવું.

કોઈ પુણ્યશાળીના ઘરે જ, દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નો, સાધુનું રૂપ ધરીને આહાર લેવા આવે છે. (પુષ્પ.)

**સુપાત્રદાનનો પ્રભાવ :**

**ધન** સાર્થવાહે સાધુ ભગવંતને માત્ર ઘી વહોરાવ્યું. એના પ્રભાવે સમ્યક્ત્વ પામી ભવિષ્યમાં તીર્થંકર **આદિનાથ** બન્યા.

સાધુ ભગવંતનો વિચિત્ર રોગ દૂર કરવા માટેનો જરૂરી સામાનાદિ લેવા **જીવાનંદ વૈદ્ય, રાજકુમાર, મંત્રીપુત્ર, શ્રેષ્ઠીપુત્ર** વગેરે વેપારીની દુકાને ગયા. લાખ-લાખ રૂપિયાની કિંમતના લક્ષપાક તેલ, રત્નકંબલ વગેરેની માગણી કરી. વેપારીને સેવાના લાભની ખબર પડતાં એક પણ રૂપિયો લીધા વિના જ બધી વસ્તુ આપી. પછી એવી ભાવધારા પર ચડ્યો કે તે જ ભવે અવસરે સંયમ લઈ પછી કેવળજ્ઞાન પામ્યો. **જીવાનંદ વૈદ્ય** વગેરેને પણ તીર્થંકર, ચક્રવર્તી વગેરે પ્રાયોગ્ય પુણ્યબંધ વગેરે થયા ને તે પછીના પાંચમા ભવે **શ્રી આદિનાથ પ્રભુ, ભરતચક્રવર્તી** વગેરે રૂપે થઈ મોક્ષે ગયા.

**શ્રેયાંસકુમારે આદિનાથ** પ્રભુને શેરડીના રસથી પારણું કરાવ્યું અને એ જ ભવમાં કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

**નયસારે** જંગલમાં સાધુભગવંતોને ભોજન પાણી વહોરાવ્યાં, એના પ્રભાવે સમ્યક્ત્વ પામી આપણા શાસનપતિ ભગવાન શ્રી **મહાવીરદેવ** બન્યા.

**રેવતી શ્રાવિકા**એ **સિંહ**અણગારને **શ્રી પ્રભુવીર**ના લોહીના ઝાડા દૂર કરનાર નિર્દોષ (પોતાના માટે જ બનેલો) બીજોરાપાક વહોરાવીને જિન-નામકર્મ બાંધવા માટેની પાત્રતા વિકસાવી.... (ભાવી ચોવીશીમાં ૧૭મા તીર્થંકર થશે...)

'મારે **શ્રી પ્રભુવીરને** પારણું કરાવવું છે એવી પવિત્રતમ ભાવનાના પ્રતાપે **જીરણ** શેઠે પ્રચંડ પુણ્ય બાંધ્યુ; મૃત્યુ પામીને બારમા દેવલોકમાં ગયા.'

**ચંદનબાળાએ શ્રી પ્રભુવીર**ને અડદના બાકુળા વહોરાવ્યા; એના પ્રતાપે ૧૨॥ કરોડ સોનામહોરની વૃષ્ટિ થઈ, **શ્રી પ્રભુવીરના** હાથે દીક્ષા મળી, ૩૬૦૦૦ સાધ્વીજીનાં ગુરુણી બન્યાં; એ જ ભવમાં કેવળજ્ઞાન પામી મોક્ષે ગયાં.

વસતિદાનથી દેવલોકની ઋદ્ધિ; ઉચ્ચકુળમાં જન્મ, અને સુંદર ભોગોની પ્રાપ્તિ થાય છે.(ઉત્ત.)



ગોવાળ **સંગમે** સાધુને ખીર વહોરાવી, બીજા ભવમાં રોજની દેવતાઈ ૯૯ પેટીઓના ભોક્તા **શાલિભદ્ર** બન્યા; એ બધાને છોડી સાધુ બની દેવલોકમાં ગયા અને ત્યાંથી ચ્યવીને મોક્ષ પામશે.

**ચંદ્રધવલ રાજા અને ધર્મદત્ત શ્રેષ્ઠીની વાર્તા**

**લક્ષ્મીસાગર** નામના એક શેઠને ત્યાં **લક્ષ્મીચંદ્ર** નામના પુત્રના વિવાહનો અવસર આવ્યો હતો. ઘણા મહોત્સવપૂર્વક તે લગ્નનો સમારંભ યોજવામાં આવ્યો હતો. તે જ અવસરે પૂ. આ. શ્રી **ધર્મઘોષસૂરિજી** મહારાજા પાંચસો સાધુઓના પરિવાર સાથે તે નગરમાં આવ્યા. તેમના સાધુઓ ભિક્ષા માટે ફરતા ફરતા તે શ્રેષ્ઠીના જ ઘરમાં આવ્યા, ત્યારે શ્રેષ્ઠીએ તે **લક્ષ્મીચંદ્ર** પુત્રને બોલાવીને કહ્યું કે પાંચસો સાધુભગવંતોનો આ વિશાલ પરિવાર છે. તેમાં કોઈક આચાર્ય હોય, કોઈક ઉગ્ર તપસ્વી હોય, કોઈક પ્રતિમાધારી હોય, તો કોઈક બહુશ્રુત હોય, કોઈક બાલ હોય તો કોઈક વૃદ્ધ હોય, કોઈક ગ્લાન (રોગી) હોય તો કોઈક વિવિધ પ્રકારના અભિગ્રહવાળા હોય, કોઈક સ્વાધ્યાયમાં તત્પર હોય તો કોઈક ક્ષીણ શરીરવાળા હોય, તેમને વહોરાવવાથી આપણને ઘણો લાભ મળે, માટે તું એમને બે-ચાર લાડવા નહીં આપતો પણ સોળ લાડવા આપજે. આમ કહીને તેને વહોરાવવા માટે મોકલ્યો.

પરંતુ પુત્ર વિચાર કરે છે કે, ''મારા લગ્નમાં તો હજારો લાડવા બન્યા છે એ બધા લાડવા તો મિથ્યાત્વી અવિરતિધર સંસારી જીવો ખાઈ જશે અને આ તો પરમ નિઃસ્પૃહ તપસ્વી સાધુઓ રત્નપાત્ર જેવા છે.પરમ પુણ્યોદય હોય ત્યારે તેમનો યોગ પ્રાપ્ત થાય. વિનંતિ વગર જ તેમની પધરામણી મારા ઘરે થઈ ગઈ છે. તે મહાન ભાગ્યોદય છે.''

''સંસારીઓ તો આ બધું ખાઈને વધારે પાપકાર્યમાં પ્રવૃત્ત થશે. જ્યારે સાધુભગવંતો આ વાપરીને સ્વાધ્યાય-ધ્યાન- યોગ- તપ- વગેરે કરવા દ્વારા સંયમ જીવનમાં પ્રવૃત્ત થશે. માટે મારા વિવાહ માટે બનેલા લાડવા સંસારી જીવોને આપવા કરતાં સાધુને આપવામાં મને આ ભવ અને પરભવમાં અત્યંત લાભ થશે, માટે મારે માત્ર સોળ લાડવા નહીં, પણ વધારે લાડવા વહોરાવવા જોઈએ''.

બલરામ તપના પ્રભાવથી અને રથકાર સુપાત્રદાનથી કરણ અનુમોદનાથી પાંચમાં દેવલોકમાં ઊત્પન્ન થયા.

"જ્યારે મારા વિવાહના અવસરે આટલા બધા લાડવા બનેલા હોય અને તે જ સમયે સાક્ષાત્ કલ્પવૃક્ષ જેવા સાધુ ભગવંતો ભિક્ષાને માટે પધારેલા હોય ત્યારે ક્યારે ય વિચારી પણ ન શકાય તેવો લાભ હું કઈ રીતે છોડી દઉં ? આવા ઉત્તમ પ્રકારના ભાવો તેના હૃદયમાં પેદા થાય છે અને તેવા ભાવથી આનંદપૂર્વક, અગણિત લાડવાઓના થાળ ભરીને હાથેથી ઉપાડીને સાધુની પાસે આવ્યો અને અત્યંત હર્ષપૂર્વક કહ્યું, 'હે ભગવન્ ! આ લાડવાઓને ગ્રહણ કરીને મને લાભ આપો. ત્યારે સાધુભગવંતે ઉપયોગ મૂકીને કહ્યું કે "તું આટલા બધા લાડવા કેમ લાવ્યો? આમાંથી કોઈને અંતરાય ન થાય તે રીતે યથાયોગ્ય વહોરાવો", ત્યારે **લક્ષ્મીચંદ્ર** કહે છે કે "હે ભગવન્ ! મારો અંતરાય તો આજે જ તૂટી ગયો કે મારા આંગણે આપ પધાર્યા, આપને અનુકૂળ આવે તેવા નિર્દોષ, પ્રાસુક અને એષણીય આ લાડવા છે. આપ વહોરો અને આપના વિશાલ પરિવારના અન્ય સાધુ ભગવંતને પણ આપી મારા હર્ષને પૂર્ણ કરો. હવે પાત્ર પ્રસારો અને મારો આ ભવથી નિસ્તાર કરો. જરા પણ વિલંબ ન કરો."

આ પ્રમાણે તેના ભાવોલ્લાસની અતિશય વૃદ્ધિ જોઈને સાધુ ભગવંતોએ પાત્ર ધર્યું અને બધાં પાત્ર વગેરે ભરાઈ જાય તેટલા થાળ ભરી ભરીને લાડવા વહોરાવવા માંડ્યો, અને તે સમયે સાધુ ભગવંતો ના પાડવા માંડ્યા છતાં પણ તે રોકાયો નહિ, અને બધા જ લાડવા વહોરાવી દીધા, ત્યારે **લક્ષ્મીચંદ્રના** હૃદયમાં હર્ષ સમાતો નથી. તે સાધુ ભગવંતને કહેવા લાગ્યો "આપને તો લાડવા અને લુખું ભોજન બંને સરખા છે. આપને તો કોઈ જ સ્પૃહા નથી છતાં પણ આપે જે વહોર્યું છે તે મારા ભાવોને વધારવા માટે જ વહોર્યું છે એ હું જાણું છું, અને તે પ્રમાણે વહોરીને આપે મારા પર મોટો ઉપકાર કર્યો છે. આ ઉપકાર હું આજીવન યાદ રાખીશ. ક્યારે ય ભૂલીશ નહિ." એમ કહીને તેણે સાધુ ભગવંતોને વંદન કર્યાં, ત્યારે સાધુ ભગવંતો ધર્મલાભના આશીર્વાદ આપીને પાછા વળ્યા ત્યારે તેમની પાછળ સાત-આઠ ડગલાં તેમને વળાવવા માટે ગયો, અને વંદન કરીને પાછો વળીને દાનની અનુમોદના કરી પણ કોઈને કહ્યું નહિ કે 'મેં આટલું વહોરાવ્યું,' આ રીતે સાધુ ભગવંતને સુપાત્રદાન કર્યા પછી નિરંતર તેની





અનુમોદના કરી તે પિતા મરીને **ધર્મદત્ત** નામના શ્રેષ્ઠીપુત્ર બન્યા, જે સોળ કરોડ સુવર્ણના માલિક બન્યો અને પુત્ર મરીને **ચન્દ્રધવલ** નામનો રાજપુત્ર બન્યો જે અગણિત સુવર્ણનો માલિક બન્યો. તે **ચન્દ્રધવલ** રાજા દીક્ષા લઈને મોક્ષે ગયા.અને શ્રેષ્ઠીપુત્ર **ધર્મદત્ત** અનુત્તર દેવલોકમાં ગયા ત્યાંથી મનુષ્યભવ પામીને મોક્ષે જશે.

માટે જ્યારે પણ સાધુ ભગવંતોને વહોરાવવાનો અવસર આવે ત્યારે અત્યંત ભાવોલ્લાસપૂર્વક વધારેમાં વધારે લાભ મળે તેવી ભાવના રાખીને વહોરાવવું. **(આધાર - ધન્યચરિત્ર)**

## દુર્ગપતાકાની વાર્તા

**દુર્ગપતાકા** નામનો એક નોકર હતો. અત્યંત ગરીબીને કારણે ઘરે ઘરે કામ કરીને પોતાની આજીવિકા ચલાવતો હતો. તે જેટલાના ઘરમાં કામ કરવા જાય ત્યારે ત્યાંના શ્રેષ્ઠીના ઘરોમાં વહોરવા માટે આવતા સાધુને જુએ છે, ત્યારે તે ઘરોમાં વિવિધ પ્રકારની સામગ્રી માટે અત્યંત ભક્તિપૂર્વક સાધુને વિનંતી કરતા શ્રાવકો વગેરેને જુએ છે. વારંવાર વિનંતી અને આગ્રહ કરતા પણ જુએ છે. અનેક વસ્ત્ર, પાત્ર, ઔષધિ માટેની પણ વારંવાર વિનંતિ શ્રાવકો વગેરે કરે છે ત્યારે સાધુઓ જો યોગ્ય હોય અને નિર્દોષ હોય તો ગ્રહણ કરે છે નહીં તો ગ્રહણ નથી કરતા. કોકવાર યોગ્ય નિર્દોષ વસ્તુનો પણ નિઃસ્પૃહપણા વડે ત્યાગ કરે છે. ગોચરીમાં જ્યારે સાધુઓ ભ્રમણ કરતા હોય ત્યારે ઘરોમાંથી તેમને વિનંતિ કરતા હોય છે. રસ્તામાં વચ્ચે આવીને ઘરે લઈ જવા માટેનો તેમનો આગ્રહ પણ હોય છે, પણ નિઃસ્પૃહ એવા સાધુઓ કેટલાક ઘરોમાં જાય છે. કેટલાક ઘરોમાં નથી જતા. જે ઘરોમાં જાય છે તે ઘરવાળા 'અમને ઘણો લાભ થયો' તેવું માની આનંદ પામે છે. અને જેમના ઘરે સાધુ-ભગવંતો ન પધારે તે અત્યંત ખેદ પામીને કહે છે "અહો ! અમે નિર્ભાગ્યમાં શિરોમણિ છીએ કે સાક્ષાત્ કલ્પવૃક્ષ જેવા મુનિ ભગવંતો અમારા ઘરે ન પધાર્યા અથવા તો આવ્યા પણ અમારા હાથે કાંઈ જ લીધું નહિ."

આ બધું જ તે **દુર્ગપતાકા** જુએ છે અને પછી વિચારે છે કે 'અહો આ મહાપુરુષ પરમ નિઃસ્પૃહ છે, કારણ કે આવા મહાશ્રેષ્ઠીઓ એમને

બહુમાન સહિત આપે છે છતાં પણ તે લેતા નથી. અત્યંત મૂલ્યવાન વસ્તુઓનો પણ ત્યાગ કરે છે. ક્યાંક તો અત્યંત રૂક્ષ નીરસ વસ્તુઓનું જ ગ્રહણ કરે છે. આમના અવતારને ધન્ય છે, અને આમને દાન આપનાર દાતારને પણ ધન્ય છે કે જે આવા ઉત્તમ મુનિઓનો લાભ પ્રાપ્ત કરે છે. મેં પૂર્વજન્મમાં કાંઈ પણ આપ્યું નથી તેથી હું મારું પેટ ભરવા પણ સમર્થ નથી. ખરેખર હું મહાપાપાત્મા છું. મને એવો અવસર ક્યારે મળશે ? કે જ્યારે હું આવા ઉત્તમ મુનિઓને દાન આપીશ. મારી પાસે સાધુને આપવા યોગ્ય ઉત્તમ આહાર પણ ક્યાંથી આવે ? મારા ઘરમાં સાધુઓ પણ ક્યાંથી આવે ? મારી પાસે આહારાદિ સામગ્રી આવે અને જો સાધુ ન આવે તો મારો મનોરથ પણ નિષ્ફળ જાય. કોઈપણ ભાગ્યયોગથી જો મારો દાનયોગ સફળ બને તો હું મને રાજ્યની પ્રાપ્તિ થઈ છે તેવો આનંદ માનું.'

પણ મારું આવું પુણ્ય ક્યાંથી કે મારો મનોરથ ફળે માટે મારો આ મનોરથ અયોગ્ય છે. એમ જ્યારે જ્યારે સાધુ ભગવંતને અને તેમને વહોરાવતા શ્રેષ્ઠીઓને જુએ ત્યારે નિરંતર વિચારતો હતો અને પોતાના આત્માની નિંદા કરતો હતો.

એક વખત એક શ્રેષ્ઠીના ત્યાં વિવાહ મહોત્સવ યોજાયો તે સમયે ત્યાંથી આ **દુર્ગપતાકા** નોકર જઈ રહ્યો હતો. તે શ્રેષ્ઠીને તેનો પરિચય હોવાથી વિવાહ પ્રસંગને અનુલક્ષીને બનેલી કેટલીક મીઠાઈ તેને પણ આપી. તે મીઠાઈ લઈને વિચારે છે કે, ''આજે મારો મનોરથ પૂર્ણ કરવાનો અવસર છે, કેમ કે આ આહાર નિર્દોષ છે, પ્રાસુક છે, શુદ્ધ છે, પ્રશંસા છે, પણ મારું ભાગ્ય ક્યાંથી કે અત્યારે સાધુનો સંયોગ થાય, હું ભક્તિથી સાધુને વહોરાવું, સાધુઓ કૃપા કરીને મારું ગ્રહણ કરે ? આવું સંભવિત ક્યારે બને? આવું વિચારતો આજુબાજુ જોતો અને સાધુ ભગવંતને વહોરાવવા માટે આકુળ બનેલો આગળ જાય છે. ત્યાં તેના પ્રબલ પુણ્યના યોગથી એક ઉગ્ર તપસ્વી પારણા માટે ગોચરીએ નીકળ્યા હતા. તેમને જોઈને તે આનંદમાં આવી ગયો. અને જલદીથી સાધુની નજીક આવીને હાથ જોડીને વિનંતિ કરવા લાગ્યો કે, 'હે સ્વામી ! હે કૃપાનિધિ ! મારા

જે તપ-સંયમ-નિયમ-બ્રહ્મચર્ય વગરનો સાધુ પોતે ડૂબે છે અનેકને ડુબાડે છે. (સુભા.)



જેવા ગરીબ જીવ ઉપર કૃપા કરીને આ શુદ્ધ આહાર ગ્રહણ કરો. શંકાદિ દોષરહિત આ શુધ્ધ આહાર છે. હવે પાત્ર પ્રસારો અને મારો નિસ્તાર કરો'.

ત્યારે સાધુએ પણ નિર્દોષ આહાર જાણીને તથા તેના અત્યંત ઉગ્ર ભાવોને જાણીને પાત્ર ધર્યું તેણે પણ જાણે રાજ્યની સંપત્તિની પ્રાપ્તિ થઈ હોય તેમ અત્યંત હર્ષથી ભરેલા હૃદયથી પોતાને મળેલી મીઠાઈ વગેરે એક જ સાથે બધું જ વહોરાવી દીધું અને સ્તુતિ કરવા લાગ્યો હે કૃપાનિધિ ! તમને ધન્ય છે, તમારો અવતાર ધન્ય છે, તમારા ચારિત્રને પણ ધન્ય છે. મારા જેવા નિર્ભાગ્ય ઉપર ઘણી મોટી કૃપા કરી છે. સંસારસાગરથી મારો નિસ્તાર થઈ ગયો. કેમ કે મુનિના દર્શન માત્રથી પણ કરોડો ભવોના પાપો નાશ પામે તો તેમને દાન આપવાથી શું ન થાય? હવે મારા ઉપર ફરીથી પણ આવી કૃપા કરજો એમ સ્તુતિ કરીને વંદન કર્યા 'અને ત્યારે સાધુ પણ ધર્મલાભના આશિષ આપીને ત્યાંથી પાછા વળ્યા.

**દુર્ગપતાકા** પણ અનુમોદના કરતો પાછો ઘરે આવ્યો અને ગૃહકાર્યોને કરતો નિરંતર અનુમોદના કરવા લાગ્યો કે, ''અહો ! મારા ભાગ્યયોગથી ક્યારે ય પણ કલ્પી ન શકાય તેવો યોગ મને પ્રાપ્ત થઈ ગયો. આ નિઃસ્પૃહ મુનિ ભગવંતો તો મોટા મોટા શ્રેષ્ઠીઓ કેટલી વાર વિનંતિ કરે ત્યારે આવે પણ ખરા અને ન પણ આવે. ઘરે પધારીને વહોરે પણ ખરા અને ન પણ વહોરે. ઘણીવાર સામું પણ ન જુએ. કાંઈપણ વહોર્યા વગર નીકળી જાય. આવા સાધુ ભગવંતો મારા પર મોટી કૃપા કરીને મારી વિનંતિનો સ્વીકાર કર્યો. મારા પર કૃપા કરીને મારી પાસે રહેલી વસ્તુનો સ્વીકાર કર્યો. આજથી મારા દુર્ભાગ્યનો નાશ થઈ ગયો'' આ રીતે અનુમોદના કરતો હતો પણ કોઈની આગળ ક્યારે ય આ વાતની પ્રશંસા પણ ન કરી. કોઈને કહ્યું નહિ અને મૃત્યુકાળે તેણે વિચાર્યું કે મારા જીવનમાં બીજું કાંઈ સુકૃત્ય નથી થયું પણ મુનિને મેં જે દાન આપ્યું તે જ મારું સુકૃત્ય છે. એ જ એક પુણ્ય મેં ઉપાર્જિત કર્યું છે. તે શ્રેષ્ઠીઓને ધન્ય છે કે જેઓ નિરંતર આવું દાન કરે છે, મેં એક જ વાર દાન આપ્યું તે મારું દાન સફળ થાઓ, અને મુનિ ભગવંતો મારા શરણભૂત થાઓ.

જિનશાસનના આધાર સાધુ છે. તેમની સેવા એ શાસન પ્રભાવના છે.

એમ શુભભાવનામાં મરીને તે જે શ્રેષ્ઠીને ત્યાં નોકરી કરતો હતો તે જ શ્રેષ્ઠીના પુત્રરૂપે ઉત્પન્ન થયો અને અગણિત સંપત્તિનો માલિક થયો. તે ભવમાં જાતિસ્મરણ જ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણી વિશેષથી ધર્મ આરાધના કરી પોતાનું કલ્યાણ સાધ્યું.

**(આધાર - ધન્યચરિત્ર)**

**કુપાત્રદાનથી દરિદ્રતા, દરિદ્રતાના કારણે પાપ, પાપથી નરકમાં જવાય છે, ત્યાંથી ફરી દરિદ્ર અને પાપી થવાય છે. માટે કુપાત્રમાં દાન આપવું નહિ, (ગરુડ પુરાણ)**

**ઉત્તમ પાત્ર, શ્રેષ્ઠ શ્રદ્ધા અને યથોચિત વિધિપૂર્વક નિર્દોષ વસ્તુ અવસરે આપવાથી અનંત ગણો લાભ પ્રાપ્ત થાય છે. (જૈન પંચતંત્ર)**

**વ્યાજમાં રાખેલું ધન ડબલ થાય છે, વેપારમાં ચારગણું, જમીનમાં દસગણું થાય છે, પરંતુ સુપાત્રમાં આપવાથી અનંતગણું વધે છે. (ઉપ. તરંગિણી)**

**દોષવાળી ગોચરી વાપરવાના કારણે સાધુ પોતાના આત્માનું એવું નુકશાન કરે છે જે ગળું કાપનાર દુશ્મન પણ ન કરી શકે. (ઉપદેશ તરંગિણી)**

**મહાત્મા ક્યારે ભોજન ગ્રહણ કરે છે.**
**(૧) જ્યારે ક્ષુધા (ભૂખ) સહન ન થાય ત્યારે.**
**(૨) વૈયાવચ્ચ કરવા માટે.**
**(૩) ઈર્યાસમિતિનું પાલન કરવાનું હોય.**
**(૪) સંયમજીવન પાલન કરવાનું હોય.**
**(૫) દ્રવ્યપ્રાણોની આવશ્યકતા અનુસાર અને**
**(૬) ધર્મધ્યાન કરવા માટે.**





**પાત્રનો મહિમા અને ઓળખ**

**સુપાત્રમાં દાન કરવું એ મહાલાભનું કારણ છે, કુપાત્ર કે અપાત્રમાં નહી. આ વાત યોગશાસ્ત્ર નામના ગ્રન્થમાં ૫૫૮મી ગાથાથી ૫૮૩ ગાથા સુધી વિસ્તારથી જણાવી છે. તે જ વાત અક્ષરશઃ અહીં જાણાવી છે.**

**સાધુ ઉત્તમ પાત્ર છે :**

જ્ઞાન--દર્શન-ચારિત્ર રૂપ રત્નત્રયીથી યુક્ત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી શોભતા, મહાવ્રતના મહાન ભારને ધારણ કરવામાં સમર્થ, પરીષહો અને ઉપસર્ગો રૂપ શત્રુની સેનાને જીતવામાં મહાસુભટ; બીજી વસ્તુઓની તો વાત જ શું કરવી,પણ શરીર ઉપર પણ મમતા વિનાના, ધર્મના ઉપકરણો સિવાય પરિગ્રહનો પરિત્યાગ કરનારા; શરીરને ધર્મયાત્રામાં ચલાવવા માટે જ બેંતાલીસ દોષથી વર્જિત ભિક્ષાને ગ્રહણ કરનારા; નવગુપ્તિ સહિતના બ્રહ્મચર્યથી ભૂષિત, દાંત ખોતરવાની સળી જેવા પણ બીજાના ધનને લેવાની સ્પૃહા વગરના; માન-અપમાન, લાભ-અલાભ, સુખ-દુઃખ, પ્રશંસા-નિંદા, હર્ષ અને શોકમાં સમાન ચિત્તવાળા; કૃત-કારિત અને અનુમતિ-ભેદવાળા ત્રિવિધ આરંભ વિનાના અને **મોક્ષપદમાં જ એકતાન મનવાળા સાધુઓ ઉત્તમ પાત્ર છે.** ૫૫૮ થી ૫૬૪.

સમ્યગ્દર્શન ગુણથી યુક્ત, દેશથી ચારિત્રને ગ્રહણ કરનારા અને **યતિધર્મની ભાવનાવાળા ગૃહસ્થો મધ્યમપાત્ર છે.** ૫૬૫

સમ્યક્ત્વમાં જ સંતોષને ધરનારાં, વ્રતો અને નિયમોને પાળવામાં અશક્ત અને ધર્મતીર્થ-પ્રભાવનામાં ઉદ્યમવાળા **અવિરત સમ્યગ્દષ્ટિ જીવો જઘન્ય પાત્ર કહેવાય.** ૫૬૬

**જૈન ધર્મના દ્વેષીઓ કુપાત્ર છે :**

કુશાસ્ત્રોના શ્રવણથી ઉત્પન્ન થયેલા વૈરાગ્યથી પરિગ્રહ વિનાના, બ્રહ્મચર્યમાં તત્પર, ચોરી, મૃષાવાદ અને હિંસાથી પરાઙ્મુખ બનેલા, ઘોરવ્રતોને ધરનારા, મૌનથી યુક્ત, કંદ-મૂળ અને ફળોને ખાનારા, દાણા

વીણવાના સ્વભાવવાળા, પાંદડાં ખાનારા, ભિક્ષાથી નિર્વાહ કરનારા, ભગવાં વસ્ત્રો પહેરનારા, વસ્ત્રો વિનાના, ચોટલી-મુંડન અને જટાને ધરનારા, એક દંડ કે ત્રિદંડને રાખનારા, ઘરમાં અને જંગલમાં રહેનારા, ઉનાળામાં પંચાગ્નિ તપને કરનારા, શિયાળામાં પાણી પાડનારી ઝારીને ધારણ કરનારા, શરીર ઉપર ભસ્મ લગાડનારા, ખટ્વાંગ(=ખોપરીના મૂઠાવાળું શિવનું એક શસ્ત્ર) -ખોપરી અને હાડકાની માળાના અલંકારોને ધરનારા, પોતાની બુદ્ધિથી ધર્મ કરનારા હોવા છતાં મિથ્યાત્વથી દૂષિત બનેલાં, જિનધર્મના દ્વેષી, **મૂઢમતિવાળા કુતીર્થિકોને કુપાત્ર કહ્યાં છે.** ૫૬૭-૫૭૧

અપાત્રની ઓળખ જીવોના પ્રાણોનો નાશ કરનારા, મૃષાવાદમાં તત્પર, બીજાના ધનને લૂંટવામાં પ્રયત્ન કરનારા, કામક્રીડામાં ગધેડાની જેમ અત્યંત આસક્ત, પરિગ્રહ તથા આરંભમાં રક્ત, ક્યારે ય સંતોષ નહિ પામનારા, માંસાહારી, મદિરાપાની, ક્રોધવાળા, કજિયામાં પ્રેમવાળા,. કુશાસ્ત્રો ભણાવવાથી સદા કાળ પોતાને પંડિત માનનારા, **તત્ત્વથી નાસ્તિક એવા મનુષ્યોને અપાત્ર તરીકે ઓળખાવ્યાં છે.** ૫૭૨-૫૭૪

**પાત્રદાનમાં પ્રવૃત્તિ કરવી :**

મોક્ષની અભિલાષાવાળા, બુદ્ધિશાળી અને વિવેકી ગૃહસ્થો ઉપર કહ્યા તે અપાત્ર અને કુપાત્રનો ત્યાગ કરીને પાત્રદાનમાં પ્રવૃત્તિ કરે છે. ૫૭૫.

**પાત્રદાનની સફળતા :**

જેમ પાત્રને આપેલું દાન સફળ થાય છે તે રીતે કુપાત્ર અને અપાત્રને આપેલું દાન પણ સફળ જ સમજવું જોઇએ અહીં પ્રશ્ન થાય કે પાત્રને આપેલું સફળ થાય, કુપાત્ર-અપાત્રને આપેલું દાન સફળ શી રીતે થાય ? પાત્રમાં આપેલું (દાન) ધર્મ માટે થાય છે તથા કુપાત્ર અને અપાત્રમાં આપેલું (દાન) અધર્મ માટે થાય છે. ૫૭૬

**કુપાત્રદાન ભવવર્ધક છે :**

જેમ સાપને દૂધનું પાન વિષની વૃદ્ધિ માટે થાય છે. તેમ કુપાત્ર અને અપાત્રમાં આપેલું દાન ભવની પરંપરાને વધારનારું બને છે. ૫૭૭

આશંસા પૂર્વકનું દાન મોટું ફળ આપતું નથી. (સુભા.)



જેવી રીતે કડવા તુંબડામાં નાંખેલું મીઠું પાણી દૂષિત બને છે તે જ પ્રમાણે કુપાત્ર તથા અપાત્રમાં આપેલું શુદ્ધ દાન પણ દુષ્ટ થાય છે. ૫૭૮

કુપાત્ર અને અપાત્રને દાનમાં આપેલી આખી પૃથ્વી પણ ફળતી નથી; પરંતુ પાત્રને શ્રદ્ધાપૂર્વક આપેલો એક કોળિયો પણ વિશિષ્ટ ફળને આપે છે. ૫૭૯

આ (પાત્રાપાત્રની વિચારણા) મોક્ષફળને આપનારા દાનમાં જ કરવાની છે, પણ અનુકંપાદાનનો નિષેધ જ્ઞાનીપુરુષોએ ક્યાંય નથી કર્યો. ૫૮૦

**પાત્રદાનની ચતુર્ભંગી :**

પાત્રદાનમાં શુદ્ધિ તથા અશુદ્ધિના ચાર ભાંગા કહ્યા છે, તેમાં પહેલો ભાંગો શુદ્ધ છે બીજો ભાંગો વિકલ્પવાળો છે અને છેલ્લા બે ભાંગા નિષ્ફળ છે. ૫૮૧

**પાત્રદાનનું અમૂલ્ય ફળ :**

'દાન વડે ભોગોની પ્રાપ્તિ થાય છે,' આવું કથન વિચાર કર્યા વિના જ કરાય છે. એવા પાત્રદાનના ફળરૂપે તુચ્છ ભોગોની શું કિંમત ? ૫૮૨

**પાત્રદાનનું મુખ્ય ફળ મોક્ષ છે :**

જેમ ખેતીનું મુખ્ય ફળ ધાન્ય છે અને આનુષંગિક ફળ ઘાસ છે તેમ પાત્રદાનનું મુખ્ય ફળ મોક્ષ છે અને જો કે આનુષંગિક =ગૌણ= વચમાં પ્રાપ્ત થતું અર્થાત્ મોક્ષરૂપ મુખ્ય ફળ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી વચમાં સહેજે આવી મળતું ફળ તુચ્છ ભોગોની પ્રાપ્તિ છે. ૫૮૩

ચંદન નામના વેપારીએ સાધુની ભક્તિ માટે પોતાની દુકાનમાં રહેલી અતિકિંમતી રત્નકંબલ અને બાવના ચંદન વગર મૂલ્યે આપી અને તેનું ફળ મળ્યું- આજ ભવે મોક્ષ. **(દાનકુલક)**

પાંચસો સાધુઓને નિરંતર વિશિષ્ટ પ્રકારે ભોજન દાન વગેરેની સુપાત્ર ભક્તિથી આ અવસર્પિણીમાં પ્રથમ ચક્રવર્તી ભરત મહારાજ બન્યા. **(દાનકુલક)**

શ્રાવકની પ્રશંસા કરીને દાન મેળવનારા સાધુ નથી પણ ભાટ છે.

## સુવચન

卐

શ્રીવીરપ્રભુને ૫ મહીના ૨૫ દિવસના ઉપવાસનું પારણું અભિગ્રહની પૂર્ણતા દ્વારા કરાવ્યું તે ચંદનબાળા પ્રશંસાપાત્ર કેમ ન બને. (દાનકુલક)

卐

કુપાત્રમાં આપેલું દાન અશુભ ફળ આપનારું હોય છે જેમ સાપને પાયેલું દૂધ. (સુભા.)

卐

સુપાત્રમાં આપેલું દાન શુભ ફળ આપનારું થાય છે જેમ ગાયને પાયેલું દૂધ. (સુભા.)

卐



卐

એક ગામથી બીજાગામ જનારા એક નિર્ધન શ્રેષ્ઠીએ સાધુ ભગવંતને જંગલમાં ઉછળતા હૈયે પોતાનું ભાથું વહોરાવ્યું અને એ એક રાત પછી તે સ્થળના બધાય પત્થર રત્ન બન્યા. અને જીવનભરનું દારિદ્ર્ય નાશ પામ્યું. (ધન્યચરિત્ર)

卐

આખાય ગુજરાતનો કાર્યભાર વહન કરનારા વસ્તુપાલ મંત્રીના ભાભી અને સેનાપતિ તેજપાલના ધર્મપત્નિ શ્રી અનુપમાદેવી હરરોજ ૫૦૦ સાધુ-સાધ્વીજીની ભક્તિ કરતા હતા. ભક્તિ કરતા ઘી ઢોળાય તો પોતાના રેશમી પાલવથી પાત્રને સાફ કરતા.